


વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
# ઘનશ્યામ
૧૦ એપ્રિલ-મે, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ અંક : ૦૪-૦૫








(૧-૮) હિંમતનગર, નિકોલ, મોરબી તથા રાજકોટ ખાતે અનુક્રમે પધરામણી તથા કથાવાર્તાનો લાભ આપતા વ્હાલા ગુરુજી

# ઘનશ્યામ

૧૦ એપ્રિલ-મે, ૨૦૨૪ ● વર્ષ : ૪૯
● અંક : ૦૪-૦૫




અનુક્રમણિકા...


| | |
|---|---|
| ૦૪ | આદિની ખોજ |
| ૦૬ | સંકલ્પયાત્રાનો પ્રારંભ |
| ૧૦ | સંકલ્પની શુદ્ધિ અને વૃદ્ધિ |
| ૧૪ | સંકલ્પયાત્રાના સંવાહકો |
| ૧૮ | સંકલ્પયાત્રાને નૂતન આયામ |
| ૨૩ | સંકલ્પયાત્રાનો વેગવંતો વિકાસ |
| ૨૮ | સંકલ્પયાત્રાની પૂર્ણાહુતિનું પ્રથમ ચરણ : અનાદિમુક્ત વિશ્વમ્ |
| ૩૩ | વ્હાલા ગુરુજીના મુખે વહેલ અનાદિમુક્ત વિશ્વમ્‌નો મહિમા |
| ૩૫ | અનાદિમુક્ત વિશ્વમ્ શિલાન્યાસ તથા ૯૨મો પ્રાગટ્યોત્સવ |



## GHANSHYAM

10 April-May, 2024 • Year : 49 • Edition : 04-05

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૪૨૧
Visit us : www.smvs.org
Email : magazine@in.smvs.org કુલ પેજ : ૫૬ + ૪ ટાઈટલ = ૬૦


**ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સઍપ નંબર આજે જ વૉટ્સઍપ કરો :**
**૯૪૦૮૩૨૦૦૩૬**

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**

# આદિની ખોજ

સૃષ્ટિનું સર્જન થયું ત્યારથી માનવીએ સુખની શોધ આદરી છે. આ શોધના પરિણામે જ માનવી આદિમાનવના યુગમાંથી આજના માહિતી અને ટૅક્નૉલૉજીના યુગમાં પ્રવેશ્યો છે. ભૌતિક સુખોની આટલી બધી ઉપલબ્ધિ હોવા છતાં માનવીને સુખને બદલે વધુ ને વધુ દુઃખની અનુભૂતિ જ થતી આવી છે. આનું મુખ્ય કારણ છે ભૌતિક સુખ ને અભૌતિક સુખની સ્પષ્ટતાનો અભાવ. બહુ જૂજ લોકો આ સ્પષ્ટતાને સમજીને અભૌતિક-શાશ્વત સુખ માટે જાગૃત બની શક્યા છે.

આશ્ચર્યની વાત તો એ છે કે ભૌતિક સુખોનો ત્યાગ કરીને શાશ્વત સુખની ખોજ માટે નીકળેલા મુમુક્ષુઓ પણ ખરેખર શાશ્વત સુખ ક્યાં છે ? શેમાં છે ? એની દ્વિધામાં અદ્યાપિ અટવાયા ને અથડાયા કરે છે.

સૃષ્ટિના અધ્યાત્મ ઇતિહાસમાં અનેક ધર્મો સ્થપાયા છે, અનેક શાસ્ત્રો રચાયાં છે, અનેક સાધના માર્ગો દર્શાવ્યા છે પરંતુ ખરેખર સનાતન પરમાત્મા કોણ છે ? એ કેવા છે ? ક્યાં છે ? કેવી રીતે તેની પ્રાપ્તિ થાય ? આદિ તમામ પ્રશ્નો અધ્યાહાર રહ્યા છે. કારણ કે જે યાત્રા શરૂ કરે તે ક્યાંક તો પહોંચવાના જ. એમ જે જે મુમુક્ષુઓએ પરમાત્માની ખોજ આદરી અને તે જ્યાં સુધી પહોંચ્યા ત્યાં જ પૂર્ણતા માનીને બેઠા છે.

આનો અર્થ વાસ્તવિકતા પર પ્રકાશ પાડવાનો છે. આના ખુલાસા માટેનું શ્રેષ્ઠ દૃષ્ટાંત હાથી અને ચાર આંધળાનું છે. ચારેય અંધ વ્યક્તિએ હાથીના જુદા જુદા અંગનો સ્પર્શ કર્યો અને હાથી આવો છે તેનું અનુમાન કર્યું. પરંતુ હાથીની વાસ્તવિક આકૃતિ કે રૂપને ન પિછાણી શક્યા. માટે કોઈ સાધના માર્ગ ખોટો નથી પરંતુ જ્યારે એથી ઉત્તમ અને અંતિમ માર્ગની પ્રાપ્તિ થાય ત્યારે નીચેના બધા માર્ગ અધૂરા લાગે એ વાસ્તવિક વાત છે.

ભારતભૂમિ એટલે મુમુક્ષુઓની ભૂમિ. ભારતના પ્રાચીન ઇતિહાસના પૃષ્ઠોમાં અનેક મુમુક્ષુઓની નોંધ આલેખાઈ છે જેમણે અવિચળ સુખની ખોજ આદરી હોય. આના માટે જ નચિકેતાએ યમપુરીમાં જઈને યમરાજાને મૃત્યુ પછીના રહસ્ય વિષે પૂછ્યું હતું. આના માટે જ સ્વાયંભુવ, મનુ આદિક રાજાએ મોટા ચક્રવર્તી રાજ્યનો ત્યાગ કરીને વનમાં આકરી તપશ્ચર્યા આદરી હતી. આના માટે જ ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રીઓનો ત્યાગ કરીને એકાએકી વનમાં સાધના કરવા ચાલ્યા ગયા.

આવા અનેક પાત્રોએ મોક્ષની સાધના આદરી પણ અંત સુધી કેટલા પહોંચ્યા એ પ્રશ્ન અધ્યાહાર રહ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં આત્મા અને પરમાત્માના અનેક મત-મતાંતરો પ્રવર્ત્યા છે અને આજે પણ પ્રવર્તે છે. કોઈ પરમાત્માને સાકાર માને છે, કોઈ નિરાકાર માને છે તો કોઈ આત્મા સો પરમાત્માના મત પર સ્થિર રહ્યા છે. વળી, આત્માના પરમાત્મા સાથેના જોડાણ માટેની પણ અનેકવિધ માનીનતાઓ પ્રવર્તે છે.

ભારતીય સમાજમાં બહુધા સ્વર્ગની પ્રાપ્તિને જ મોક્ષ માનવામાં આવે છે. એથી આગળ જે કંઈક અધ્યાત્મ સાથે વધુ સંકળાયેલા છે તે બધા અન્વયના સંબંધવાળા ઐશ્વર્યાવેશ અવતારોની ઉપાસના કરી તેમના ધામને પ્રાપ્ત કરવા યત્નશીલ છે. શાસ્ત્રમાં પરમાત્મા, ભગવાન, ઈશ્વર આદિ અનેક શબ્દો છે પરંતુ જેને જેની ઉપાસના થઈ તે તેને જ પરમ પરમાત્મા તરીકે જાણે છે અને તેના મહિમાનું જ વર્ણન કરે છે.

વળી, પરમાત્મામાં ન માનનારો પણ એક બહોળો વર્ગ પ્રવર્તમાન જણાય છે. જે કેવળ આત્મા રૂપે વર્તીને અંતે માયાથી પર જે મૂળપુરુષ તેનું તેજ જે બ્રહ્મસુષુપ્તિ તેમાં લીન થાય છે. એ તેજને જ પરમ પરમાત્મા માની ત્યાં સ્થિર થાય છે.

શાસ્ત્રોમાં જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ ભેદને અનાદિ કહ્યા છે. આ બ્રહ્માંડનું સર્જન થયું ત્યારથી જીવો બહુ બહુ તો ઈશ્વર જે મૂળપુરુષ ત્યાં સુધી પહોંચી શક્યા છે. એથી આગળ બ્રહ્મ સુધી બહુ જૂજ સમાજ પહોંચ્યો છે. પરંતુ આ સર્વેથી પર જે પરબ્રહ્મ તેને ઓળખીને પરબ્રહ્મરૂપ થઈને જોડાવાની અંતિમ લટક અદ્યાપિ બ્રહ્માંડમાં આવી નથી. પરંતુ પરમપિતા પરમાત્માની દયાનો કોઈ પાર નથી.

વ્હાલા ગુરુજી કાયમ એક દૃષ્ટાંત આપતા હોય છે કે કોઈ વ્યક્તિને ભારતના PM કોણ છે ? ક્યાં રહે છે ? આદિ કાંઈ ખબર ના હોય પણ પત્રની ઉપર To, Prime Minister of India આટલું લખીને કદાચ ગાંધીનગર CM કાર્યાલયમાં મોકલી આપે તો શું થાય ? ભલે જે તે વ્યક્તિને ખબર નથી કે PM કોણ છે ? ક્યાં છે ? પરંતુ CMને તો ખબર છે કે હું PM નથી. હું તો CM છું. PM તો દિલ્લીમાં છે. આથી એ શું કરશે ? તો કવર દિલ્લી ફોરવર્ડ કરી દેશે. એમ મુમુક્ષુઓને ભલે ખબર નથી કે સનાતન ભગવાન કોણ ? પણ એની અરજી-પ્રાર્થના સનાતન પરમાત્મા કેવળ કૃપા કરીને સ્વીકારી લે છે.

આવા અનંતાનંત મુમુક્ષુઓનો પોકાર સાંભળીને પરમપિતા પરમાત્મા અર્થાત્ સનાતન પરમાત્મા સ્વામિનારાયણ ભગવાન સંવત ૧૮૩૭ ચૈત્ર સુદ નોમના મંગલકારી દિવસે આ બ્રહ્માંડમાં મનુષ્યને મનુષ્ય જેવા દેખાયા. તેઓ કેવા સંકલ્પથી આ બ્રહ્માંડમાં પધાર્યા ? કેવી રીતે અનંત મુમુક્ષુઓને પોતાની મૂર્તિનું સુખ આપવાના સંકલ્પને ક્રમશઃ સાકાર સ્વરૂપ આપી રહ્યા છે ? તેની ઝીણવટભરી રજૂઆત આ વિશેષાંક દ્વારા જોઈશું.



# સંકલ્પયાત્રાનો પ્રારંભ



"જો મૈં પ્રગટ હુઆ હૂં, તબ સબ લોગું કું ધ્યાન-ધારણા-સમાધિ તિસકા પ્રગટ દેખ્યાયા હૂં, ઈસ નિમિત્ત મેરા અવતાર હૈ, દૂસરા જીવું કે કલ્યાન કે વાસ્તે, જ્યોં નારાયણ ઐસા જો નામ, સો જો કોઈ આજજાનિ કર લેતા હૈ, વા અજાનસેં લેતા હૈ, તબ મેરા ઉન સબકું અંતકાલ જબ આતા હૈ તબ મેરા ઉસકું દર્શન હોતા હૈ વા મેરે મિલને વાલે કા દર્શન હોતા હૈ, તિસ દર્શનકું માયા દિ આવરણકું ભેદિ કર મેરે ધામકું પ્રાપ્ત હોતા હૈ, કલ્યાન કે કરને વાસ્તે મેરા અવતાર હૈ।

આજ તો મૈં અવિદ્યારૂપ જો માયા હૈ, તિસકે નાશકે વાસતે પ્રગટ હુઆ હૂં, જ્યોં વેદો કા વચન જ્યો અવિદ્યાકું નાશ કરો, ઐસી જો મેરી સ્તુતિ કિયા હૈ સો વચનકું આજમૈં સત્ય કરતા હૂં, અનંત જીવુંકા જો અવિદ્યારૂપ જો માયા હૈ તિસકા મૈં નાશ કરતા હૂં, જિસ દિનસું મૈં પ્રગટ હુવા થા, હું તિસ દિનસું અવિદ્યા કે નાશ કે વાસ્તે પ્રવર્ત્યા હૂં, હજારૂકું ધ્યાન-ધારણા કે વિષે દર્શન દેતા હૂં, તિસ સામર્થીકું પશુબુદ્ધિ જો મનુષ્ય હૈ સો જાનતે નહિ હૈ।

આજ તો મેરા પ્રયોજન એહિ હૈ, જ્યોં અવિદ્યાકું નાશ કરના, જીવકું બ્રહ્મરૂપ કરના। ઈસ પ્રયોજન વાસ્તે મૈં પ્રગટ હુવા હૂં। ઐસા જો મેરે ધ્યાન-ધારણા-સમાધિયુક્ત ઐશ્વર્યકું નહિ જાનતા હૈ, સો સંશેરૂપી સમુદ્રકું નહિ તરેગા। અરૂ કાલકા ઈસકે માથે ભય રહેગા, જબ મેરે સ્વરૂપ કા ઈસકું નિશ્ચય હોયગા, તબ ઈસકા કાલ નામ નહિ લેવેગા... જીવુકે મુક્તિ દેને કે વાસ્તે, મનુષ્ય ઐસા બન્યા હૂં."

(શ્રીજીના પ્રસાદીના પત્રો : પત્ર નં-૭)

શ્રીહરિએ સંપ્રદાયના મોટેરા સંતો સદ્. ગોપાળાનંદ સ્વામી, સદ્. મુક્તાનંદ સ્વામી, સદ્. બ્રહ્માનંદ સ્વામી તથા સમસ્ત સંત-હરિભક્ત સમાજને ઉદ્દેશીને ઉપરોક્ત પત્ર લખ્યો હતો.

જે પત્ર દ્વારા શ્રીહરિનો આ બ્રહ્માંડને વિષે પ્રગટ થવાનો સ્પષ્ટ ઉદ્દેશ ફલિત થાય છે :

જીવોની માયારૂપ અવિદ્યાનો નાશ કરવા,

જ્ઞાન-ધ્યાનના મજરા કરાવવા,

જીવોને બ્રહ્મરૂપ કહેતાં પુરુષોત્તમરૂપ પાત્ર કરવા,

જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવા માટે શ્રીહરિએ આ પૃથ્વી પર મનુષ્યને મનુષ્ય જેવાં દર્શન આપ્યાં.

શ્રીહરિનું આ બ્રહ્માંડને વિષે પ્રાગટ્ય એટલે જ આત્યંતિક કલ્યાણ અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિ પ્રવર્તનના સંકલ્પનો પ્રાદુર્ભાવ.

શ્રીજીમહારાજે ૧૧ વર્ષની કુમળી વયે ધર્મપિતા, ભક્તિમાતા તથા સ્વજનોને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવી આત્યંતિક કલ્યાણનો રાજમાર્ગ ખોલવા ગૃહત્યાગ કરી સંકલ્પયાત્રાનો પ્રારંભ કર્યો.

તેઓએ સાત વર્ષ સુધી અનેક કષ્ટો સહી ભારતભરમાં વિચરણ કર્યું. વિચરણ દરમ્યાન જો કોઈ શુદ્ધ મુમુક્ષુનો ભેટો થઈ જાય તો નીલકંઠ વર્ણી જરૂર પોતાના પ્રાગટ્યના સંકલ્પની ઝાંખી કરાવતા.

નીલકંઠ વર્ણી સંકલ્પયાત્રા દરમ્યાન પૂર્વ બંગાળમાં સિરપુરના સિદ્ધવલ્લભ રાજાની મુમુક્ષુતાથી રાજી થઈ તેમને પોતાના સ્વરૂપનું જ્ઞાન અને સુખ આપવા પધાર્યા.

નીલકંઠ વર્ણીની સાધુતા અને પરભાવી ગુણોથી પ્રભાવિત થઈ સિદ્ધવલ્લભ રાજાએ પુષ્કળ ધન, વસ્ત્રો, અલંકારો ભેટ ધર્યાં. તે જોઈ વર્ણીએ કહ્યું, "ત્યાગીને કોઈ દિવસ આ પ્રકારની ભેટો ન આપવી. ત્યાગમાં તે દૂષણરૂપ છે છતાં ભેટ આપવાની ઈચ્છા હોય તો પોતાનું મન સોંપી દેવું."

સિદ્ધવલ્લભ રાજા નીલકંઠ વર્ણીને મન સોંપી નિત્ય સમાગમ કરતા. વર્ણીએ તેમને જ્ઞાન આપી પોતાના સ્વરૂપની યથાર્થ ઓળખાણ કરાવી તેમને પ્રતિલોમ વૃત્તિએ પોતાના પરભાવી સ્વરૂપનું દર્શન કરાવ્યું હતું. અધોઊર્ધ્વ પ્રમાણે રહિત તેજોમય એવા પોતાના સ્વરૂપનું દર્શન કરાવી અનાદિની સ્થિતિના માર્ગે આગળ ચલાવવા સત્સંગમાં લાવવાના આશીર્વાદ આપી નીલકંઠ વર્ણી સંકલ્પયાત્રાએ આગળ નીકળ્યા હતા. આ સિદ્ધવલ્લભ રાજા જ બોટાદમાં શિવલાલ શેઠ થયા હતા. જેઓ ધ્યાને કરીને સ્થિતિ પામી મૂર્તિના અવિરામ સુખમાં સ્થિર થયા હતા.

વન વિચરણ દરમ્યાન પણ નીલકંઠ વર્ણી મુમુક્ષુમાત્રને કલ્યાણના માર્ગે ચાલવાની શ્રેષ્ઠ સાધના ધ્યાન છે તે શીખવવા પોતે વારંવાર એકાંત સ્થાન શોધી ધ્યાનમગ્ન થઈ જતા. ક્યારેક નદી-તળાવના આરે, ક્યારેક વાવના કિનારે તો ક્યારેક વૃક્ષ તળે અને ક્યારેક તો બરફના રણ સમાન હિમાલયનાં ઉત્તુંગ શિખરો પર આસન વાળી ધ્યાનમગ્ન બની જતા. એ જ કરવાનું





તાન જણાવતા અને જોગમાં આવનારને એ જ કરવાનો ઉપદેશ આપતા.

આમ, નીલકંઠ મહાપ્રભુ સાત વર્ષના વિચરણ દરમ્યાન સ્વવર્તન દ્વારા અને ઉપદેશ દ્વારા આત્યંતિક કલ્યાણના માર્ગે અનેક મુમુક્ષુઓને પ્રેરિત કરીને લોજ પધાર્યા.

સ્વરુચિ, સ્વગમતું, સ્વઅભિપ્રાય એ કોઈ પણ વ્યક્તિના જીવનમાં તેના પ્રથમ કાર્યમાં જણાઈ આવે. કોઈ નવા પ્રાંત કે દેશમાં જ્યાં કોઈની સાથે આંખની પણ ઓળખાણ ન હોય ત્યાં પોતાના અંતરની ઇચ્છા પ્રથમ કાર્યમાં સહેજે પ્રગટતી હોય છે. નીલકંઠ મહાપ્રભુ આ બ્રહ્માંડમાં અનંતને જ્ઞાન-ધ્યાનના મજરા કરાવી આત્યંતિક કલ્યાણ યાની અનાદિની સ્થિતિના માર્ગે ચલાવવા પધાર્યા હતા. તેઓનો આ અંતરનો અભિપ્રાય તેમના કાર્ય દ્વારા લોજપુરમાં રામાનંદ સ્વામીના મિલન પૂર્વે સહેજે દર્શિત થતો હતો.

લોજ આશ્રમમાં રહેલા સર્વે સંતોને બેસાડી બેસાડી આત્મા-પરમાત્માના જ્ઞાનની વાતો કરતા. સંતોને પ્રાતઃ સમયે નિત્ય ધ્યાન શીખવતા. આશ્રમમાં સંતો દિવસ દરમ્યાનની સદાવ્રત તથા રોજિંદી ક્રિયાથી પરવારે ત્યારથી વર્ણીરાજ રાત્રિના ૧૨ વાગ્યા સુધી સંતોને કથા-કીર્તનનો લાભ આપતા. રાત્રે ૧૨ વાગ્યે સંતોને પોઢાડી પોતે પોઢતા. બે કલાક ન થાય ત્યાં ફરીથી વર્ણીરાજ જાગી સહુ સંતોને જગાડી ધ્યાન કરાવતા. સર્વે સંતો હરખભેર ધ્યાન કરવા બેસતા. બબ્બે સંતો સામસામે આસન વાળીને બેસતા. ધ્યાન કરતાં કોઈ સંતને ઊંઘ આવે તો ચાર શેર (બે કિલો) અનાજ દળાવવું એવો નિયમ કર્યો હતો. વળી, ધ્યાન દરમ્યાન કોઈ ઝોકાં ખાય તો મહાપ્રભુ તેમને શિક્ષા રૂપે સોટીથી પ્રસાદી આપતા. માત્ર સંતો પાસે જ વર્ણીરાજ ધ્યાન કરાવતા એવું નહિ પરંતુ સ્વયં અક્ષરધામના અધિપતિ હોવા છતાંય ક્રિયા કરતાં વચ્ચે વચ્ચે ભૂલ્યા વગર અચૂક ધ્યાનમગ્ન થતા. લોજમાં પધારતાંની સાથે સૌપ્રથમ સર્વે કાર્ય ગૌણ કરીને મુખ્યત્વે આત્મા-પરમાત્માના મિલનના માર્ગ પર જ સર્વેને પ્રેરિત કર્યા છે જે તેમના પ્રાગટ્યનું મુખ્ય પ્રયોજન ફલિત કરે છે.

સંપ્રદાયનો મુખ્ય ગ્રંથ વચનામૃત તેમાં પણ શ્રીજીમહારાજે પોતાનો આ સંકલ્પ ખૂબ જ આગ્રહપૂર્વક જણાવ્યો છે.

ગ.મ. ૪૫ : “તમે સર્વે મુનિમંડળ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ સત્સંગી તથા પાળા તથા અયોધ્યાવાસી એ તમે સર્વે અમારા કહેવાઓ છો તે જો હું તમને ખટકો રાખીને વર્તાવું નહિ અને તમે કાંઈક ગાફલપણે વર્તો તે અમ થકી દેખાય નહીં. માટે જે જે અમારા કહેવાણા છો તેમાં અમારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી માટે તમે પણ સૂધા સાવધાન રહેજ્યો. જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહિ અને અમારે તો જે તમે ભગવાનના ભક્ત છો તેના હૃદયમાં કોઈ જાત્યની વાસના તથા કોઈ જાતનો અયોગ્ય સ્વભાવ તે રહેવા દેવો નથી. અને માયાના ત્રણ ગુણ, દસ ઇન્દ્રિયો... એમાંથી કોઈનો સંગ રહેવા દેવો નથી ને એ સર્વે માયિક ઉપાધિ થકી રહિત સત્તામાત્ર એવો જે આત્મા તે રૂપે થઈને ભગવાનની ભક્તિ કરો એવા સર્વેને કરવા છે, પણ કોઈ જાતનો માયાનો ગુણ રહેવા દેવો નથી... ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ રહે એવું રહેવા દેવું નથી માટે સર્વે હરિભક્ત તથા સર્વે મુનિમંડળ સાવધાન રહેજ્યો.”

સંપ્રદાયના તમામ વર્ગને આવરી લઈ આ એકમાત્ર વચનામૃતમાં શ્રીહરિએ પોતાનો અંતર્ગત અભિપ્રાય તથા સર્વેને અનાદિમુક્તની સ્થિતિ પમાડવાનો અતિ દૃઢ સંકલ્પ જણાવ્યો છે. આ વચનામૃતમાં શ્રીહરિએ અનાદિમુક્તની સ્થિતિની જ વાત કરી છે તે નિઃશંક વાત છે. કારણ, અનાદિમુક્તની સ્થિતિ જ એક તલમાત્ર કસરે રહિતની સ્થિતિ છે. વળી આ વચનામૃતમાં વર્ણવેલ તમામ લક્ષણો અનાદિમુક્તની સ્થિતિવાળા મુક્તનાં જ છે. તે પરથી સ્પષ્ટપણે ફલિત થાય છે કે શ્રીહરિ પોતાના આશ્રિતમાત્રને દેહભાવથી પર કરી આત્યંતિક મુક્તિ અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિ પમાડવા કેટલા તત્પર હશે !!

ગઢપુરમાં શરદપૂર્ણિમાના ઉત્સવે પણ પૂર્ણિમાના ચંદ્ર તરફ દૃષ્ટિ કરીને શ્રીહરિએ સમસ્ત ત્યાગી-ગૃહી સમાજને રાસ રમાડતાં સ્વયંના સંકલ્પની વાત કરી છે કે, ‘મારે તો મારા આશ્રિતમાત્રને આ પૂર્ણિમાના ચંદ્ર જેવા પૂર્ણ પાત્ર કરવા છે.’

વળી, ધરમપુરના કુશળકુંવરબાઈએ મોકલેલ હાથથી છડેલ ચોખા જોઈને શ્રીહરિ બોલી ઊઠ્યા, “જેમ આ બધા ચોખા સંપૂર્ણ છે એમ અમારે તમને સર્વેને સંપૂર્ણ પુરુષોત્તમરૂપ પાત્ર કરવા છે.”

એ જ રીતે અમદાવાદના મંદિરની પ્રતિષ્ઠાનો પ્રસંગ પ્રસિદ્ધ છે. જેમાં સ્પષ્ટપણે શ્રીજીમહારાજની કારણપ્રધાનતાનો આગ્રહ ફલિત થાય છે. ગઢડા મધ્યના ૨૨મા વચનામૃતમાં મહારાજ ઉલ્લેખે છે કે, ‘અમે અમદાવાદ મંદિરની પ્રતિષ્ઠા કરવા ગયા હતા ને ત્યાં મેળો ભરાણો હતો.’ અહીં મહારાજે પ્રતિષ્ઠાના ઉત્સવને સમૈયા કે મહોત્સવ તરીકે ન સંબોધતાં મેળા તરીકે સંબોધ્યો છે. જે મહારાજની કાર્ય પરત્વેની અરુચિ દર્શાવે છે. એટલું જ નહિ, વચનામૃતમાં મહારાજે સાથે એ પણ જણાવ્યું છે



‘માયારૂપ અવિદ્યાકું નાશકે વાસ્તે મૈં પ્રવર્ત્યા હૂં.’

કે, કાંકરિયાની ચોરાશી થઈ રહ્યા પછી પોતે ગણેશધોળકાની રાણ્યોમાં જતા રહ્યા. આ રીતે સ્વયં વર્તીને કાર્યને વિસારવાની અદ્‌ભુત રીત પણ આપણને શીખવી છે. જે સ્પષ્ટ રીતે ફલિત કરે છે કે મહારાજનો સંકલ્પ કારણ સત્સંગ સ્થાપવાનો હતો; નહિ કે કાર્ય સત્સંગ. વળી, આ જ બાબતની પુષ્ટિ આપતો આ પ્રતિષ્ઠા નિમિત્તનો પ્રસંગ પણ સંપ્રદાયના શાસ્ત્રોમાં જોવા મળે છે.

શ્રીજીમહારાજે સંપ્રદાયના સૌપ્રથમ મંદિર અમદાવાદની પ્રતિષ્ઠા પછીની જે પ્રથમ સભા સંબોધી તેમાં પણ અમારે દેશોદેશ મંદિર કરવાં છે... એથી આગળ અમારે રાજ્યે રાજ્યે મંદિર કરવાં છે... એથી આગળ અમારે શહેરે શહેરે મંદિર કરવાં છે... એથી આગળ ગામોગામ મંદિર કરવાં છે... એથી આગળ શેરીએ શેરીએ અને ઘરે ઘરે મંદિર કરવાં છે. આવા ભવ્ય સંકલ્પો વહાવતાં વહાવતાં અંતે અમારે વ્યક્તિએ વ્યક્તિએ મંદિર કરવાં છે એમ કહી પોતાનો નિજમંદિરો સ્થાપવાનો અર્થાત્ અનંતને અનાદિમુક્ત કરવાનો સંકલ્પ જણાવી દીધો છે.

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણનું અવરભાવનું સ્વયંનું સમગ્ર જીવનદર્શન, તેઓનાં દિવ્ય કાર્યો તથા તેઓનાં દિવ્યામૃત વચનો તરફ દૃષ્ટિ કરતાં સહેજે ફલિત થાય કે તેઓએ આ બ્રહ્માંડને વિષે સ્વયંના સ્વરૂપનો નિશ્ચય કરાવી આત્યંતિક મુક્તિ અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિ પમાડવા જ મનુષ્યને મનુષ્ય જેવાં દર્શન આપ્યાં છે. શ્રીહરિ આ બ્રહ્માંડમાં પ્રગટ થયા, પોતાના સંકલ્પોની પૂર્તિ માટે જેહાદ જગાડી પરંતુ સંપ્રદાયનો પ્રારંભ હતો, નવા મુમુક્ષુને ખેંચવાના હતા તેથી પરોક્ષભાવે વાતો કરવી પડી. સ્વયંના મંદિરોમાં પણ પરોક્ષભાવનાં સ્વરૂપો પધરાવવવાં પડ્યાં. શાસ્ત્રોમાં પણ જેમ છે તેમ ચોખ્ખી વાતો ન કરી અને સમાજને કાર્ય તરફ ઢોળાવ આપવો પડ્યો.

વચનામૃત સ્વામિનારાયણ સંપ્રદાયનો મુખ્ય ગ્રંથ તેમાં ‘અનાદિમુક્ત’ શબ્દ ઉચ્ચાર્યા છે. વચનામૃતોમાં પાને પાને મહારાજે પોતાની સ્વરૂપનિષ્ઠાની તથા આત્મનિષ્ઠાની વાતો ખૂબ કરી છે. વચનામૃત ગઢડા પ્રથમના ૩૨માં અને પંચાળાના ૭માં મૂર્તિમાં રહીને ભક્તિ કરવાની વાત કરી છે. પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની પરાવાણીને સમજવા એ સમયે સમાજ પાત્ર ન હતો. પણ જો વચનામૃતનું તટસ્થભાવે વાંચન-મનન થાય અને એવા સાચા સતપુરુષનો જોગ કરે તો સહેજે ખ્યાલ આવે કે વચનામૃત તો નરી અનાદિમુક્તની લટકની અધ્યાત્મ વાર્તાથી ભરેલો છે.

શ્રીજીમહારાજે આખો સંપ્રદાય સ્થાપ્યો, સત્સંગનું પ્રવર્તન કર્યું, હજારો સાધુ કર્યા ને લાખોને સત્સંગી કર્યા. જે હેતુ માટે આ બધું કર્યું તે સત્સંગની મૂળભૂત વ્યાખ્યા મહારાજે છેક ગઢડા છેલ્લાના ૩૯માં સ્પષ્ટ કરી કે, ‘સત્યરૂપ એવો જે આત્મા ને સત્યરૂપ એવા જે પરમાત્મા તે બેયનો સંગ તેને જ સત્સંગ કહીએ.’ જેમાં શ્રીજીમહારાજ કહે છે કે સત્યરૂપ એવો આત્મા અર્થાત્ સત્યમાં સત્ય મહારાજ છે એટલે કે પુરુષોત્તમરૂપ એવો આત્મા અને સત્યરૂપ એટલે કે સનાતન એવા પરમાત્મા શ્રીજીમહારાજ આ બેયનો રોમ રોમપણે સંગ એ જ સત્સંગ. અહીં મહારાજે અનાદિમુક્તની સ્થિતિ એ જ ખરો સત્સંગ એમ કહ્યું છે. જેને કારણ સત્સંગ કહીએ છીએ.

શ્રીહરિ જેઓને પોતાના સંકલ્પની પૂર્તિ માટે ધામમાંથી સાથે લાવેલા એવા સદ્. ગોપાળાનંદ સ્વામી તથા સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતાના નિકટવર્તી સમાજને અધ્યાત્મ વાર્તા કરી જ્ઞાન-ધ્યાનના માર્ગે ગતિશીલ કર્યા છે.

સદ્. ગોપાળબાપા પોતાના શિષ્ય સંતોને સવારે ચાર વાગ્યે ઉઠાડી જ્ઞાન-ધ્યાનના મજરા કરાવતા. વળી, અનેક ગૃહસ્થ હરિભક્તને આત્મનિષ્ઠાની દૃઢતા કરાવી સ્થૂળ, સૂક્ષ્મ, કારણ શરીરથી પર પુરુષોત્તમરૂપ પાત્ર કર્યા છે.

એક વખત જૂનાગઢ મંદિરમાં સદ્. ગુણાતીતાનંદ સ્વામી અવરભાવમાં મંદવાડ લીલાનાં દર્શન કરાવતા હતા. તેથી આડા પડખે થયા હતા. બાજુમાં એક હરિભક્ત વચનામૃતનું વાંચન કરતા હતા. તે વચનામૃત હતાં ગઢડા પ્રથમનું ૨૩, ગઢડા મધ્યનું ૩૦, ગઢડા મધ્યનું ૪૫મું તથા અમદાવાદનું ૨જું અને ૩જું.

વચનામૃત સાંભળી સદ્. ગુણાતીતાનંદ સ્વામી બેઠા થઈને બોલ્યા જે, ‘આ વચનામૃતો જાણે સાંભળ્યાં જ ન હતાં’ એમ કહી ફરીથી વાંચવાની આજ્ઞા કરી. હરિભક્તે વચનામૃત ફરીથી વાંચ્યાં ત્યારે સ્વામી બોલ્યા, ‘આ વચનામૃત સાંભળતાં એમ જણાણું કે મહારાજ સિવાય કોઈને કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી. કેમ જે, એ પણ મહારાજનો મત છે.’

આવા ભવ્ય અને પ્રચંડ સ્વરૂપો હોવા છતાંય તેઓ ખૂણામાં બેસી શ્રીહરિની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિની વાતો કરતા તેથી તેઓ ખૂણિયા જ્ઞાનવાળા કહેવાતા. એ વખતે સમાજની પાત્રતાના અભાવે આ જ્ઞાનનું વિશાળ ફલક પર પ્રવર્તન ન થઈ શક્યું તેથી આ સંકલ્પયાત્રાને શ્રીહરિએ આગળ ધપાવી શ્રીજીસંકલ્પમૂર્તિ બાપાશ્રી દ્વારે...



# સંકલ્પની શુદ્ધિ અને વૃદ્ધિ

પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન અનંતાનંત જીવોના આત્યંતિક કલ્યાણ વાસ્તે પોતાના મુક્ત મંડળે સહિત આ બ્રહ્માંડમાં પધાર્યા. "અમારી વિદ્યા બ્રહ્મવિદ્યા છે, તે સર્વેથી પર મહાવિદ્યા કહેવાય છે. આ વખતે સૌ પર અમે કૃપા કરી છે તો બ્રહ્મવિદ્યાના માર્ગે સૌની ગતિ થશે. મેં સંકલ્પ કર્યો છે કે સૌ જીવને મારો યોગ કરાવી માયા પાર કરવા. તેનાથી જીવમાત્ર તરી જશે. અમારો સંકલ્પ મિથ્યા થતો નથી તે નિશ્ચય જાણજો."

- શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૪, તરંગ-૩૩

૧૦૦ ગ્રામના પાત્રમાં ૧૦૦ ગ્રામ દૂધ જ સમાય; ૧૦૧ પણ નહીં. એ ન્યાયે જીવોની પાત્રતાના અભાવે તથા સમાજ તદ્દન નવા આદરવાળો હોવાથી શ્રીહરિના પ્રાગટ્યના સંકલ્પને પિછાણી શક્યો નહીં. છતાં જે સંકલ્પથી શ્રીહરિ પધાર્યા હતા તે કર્યા વિના રહી કેમ શકે ? તેથી શ્રીહરિએ ભલે સ્થૂળ સત્સંગ સ્થાપી સેવા-પ્રવૃત્તિ તથા સમૈયા-ઉત્સવનો માર્ગ ચલાવ્યો પણ પ્રસંગોપાત્ત પુષ્ટિ તો પોતાના સંકલ્પની જ કરી.

૧૨૫ વર્ષ સુધી પોતાના દિવ્ય સાંનિધ્યથી આ બ્રહ્માંડને પાવન કરવાનો શ્રીહરિનો સંકલ્પ હતો પરંતુ નવા આદરવાળા સમાજમાં ઈષ્ટદેવના નિશ્ચયની કાચ્યપ તથા આત્મનિષ્ઠાની ખામી જણાતાં ઉદાસીનતા ગ્રહણ કરી શ્રીહરિએ માત્ર ૪૯ વર્ષમાં અંતર્ધાન લીલા કરી. શું તેઓની લીલાથી તેઓનો સંકલ્પ પણ અંતર્ધાન થઈ ગયો ? ના. શ્રીહરિએ પોતાના પ્રાગટ્યના સંકલ્પને આગળ ધપાવવા પૂર્વાપર આયોજન રૂપે બાપાશ્રીનું પ્રાગટ્ય કરાવ્યું.

કચ્છનાં મહામુક્ત સૂરજબા કે જેઓ ત્રણેય અવસ્થામાં શ્રીહરિની મૂર્તિમાં નિમગ્ન રહેતાં. તેઓ અબજીબાપાશ્રીનાં દર્શન કરી ઘણી વખત કહેતાં કે, “શ્રીહરિના અંતિમ મંદવાડ વખતે અમે કચ્છના હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા ગઢપુર ગયાં હતાં. ત્યારે અમ સૌએ શ્રીહરિને પ્રાર્થના કરી, ‘દયાળુ, આપે પૂર્વે સાત સાત વર્ષ સુધી કચ્છમાં વિચરી અમને ખૂબ સુખ આપ્યું છે. પણ છેલ્લા અઢાર વર્ષથી આપ પધાર્યા નથી. અમારો શો વાંક તો આપે અમારી સંભાળ ન લીધી ? દયાળુ, અમ સૌ આપને કચ્છ લેવા આવ્યા છીએ માટે આપ પધારો.’

ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘આ તો અમારો અંતિમ મંદવાડ છે, હવે અમે બહુ દર્શન નહિ આપીએ પણ તમે સૌ ઉદાસ ન થાઓ. અમે અવરભાવમાં નહિ આવીએ પણ અમારા જેવા, મૂર્તિમાં રમનારા અનાદિમુક્તને કચ્છમાં મોકલીશું. તે મુક્ત ભેળા અમે પણ આવીશું. તેઓ અમારો અનેક જીવોના આત્યંતિક કલ્યાણ કરવાનો સંકલ્પ પૂર્ણ કરશે અર્થાત્ અનેક મુમુક્ષુને અનાદિમુક્તની પંક્તિમાં ભેળવશે.’

એ બીજા કોઈ નહિ પણ આ અબજીભાઈ છે. આ સંકલ્પ દ્વારા શ્રીહરિ પોતાનો સંકલ્પ પૂર્ણ કરી રહ્યા છે એ હું સુપેરે જાણું છું. બાપાશ્રીનું અવરભાવનું મુખારવિંદ પણ શ્રીહરિની મૂર્તિને મળતું આવે છે. તેથી સ્વયં મહારાજ જ બાપાશ્રી દ્વારે સંકલ્પ પૂર્ણ કરવા ફરી પધાર્યા છે.”

શ્રીહરિનો અનંતાનંત જીવોનો આત્યંતિક કલ્યાણ કરવાનો અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિ કરાવવાનો સંકલ્પ પૂર્ણ કરવા સિદ્ધાંતોની શુદ્ધિ અને વૃદ્ધિનું બીડું ઝડપ્યું બાપાશ્રીએ. કારણ, અનાદિની સ્થિતિ પામતાં પૂર્વે શુદ્ધિ ફરજિયાત હતી.

**૧. ભગવત્સ્વરૂપ નિષ્ઠાની શુદ્ધિ :**

મુમુક્ષુમાત્રનું ધ્યેય સ્વરૂપ જે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ. ત્યાં સુધી પહોંચવા માટે તેમની જેમ છે તેમ ઓળખાણ ફરજિયાત છે. શ્રીજીમહારાજ સમાજની પાત્રતાના અભાવે અને સંપ્રદાયની શરૂઆત હતી તેથી પોતાના સ્વરૂપની જેમ છે તેમ વાતો ન કરી શક્યા. ક્યાંક પરોક્ષપણે વાતો કરવી પડી, શાસ્ત્રોમાં પણ પરોક્ષભાવ નાખવો પડ્યો, મંદિરો પણ શુદ્ધ ઉપાસનાયુક્ત ના કરી શક્યા. પરંતુ બાપાશ્રીએ પ્રગટ થઈ સંપ્રદાયને એક નવો આયામ આપ્યો. જ્ઞાનમાર્ગની ઘણીખરી શુદ્ધિ કરી.

શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી સમાજ આખો પરોક્ષભાવમાં ડૂબી ગયો હતો કે મહારાજ હવે ગયા. બાપાશ્રીએ મહારાજ સદાય પ્રગટ અને પ્રત્યક્ષ છે એ જ્ઞાન આપી સમાજને નવપલ્લવિત કર્યો. સાથે સાથે મહારાજના સર્વોપરીપણાની, સર્વાવતારીપણાની વાતો કરી મહારાજના સ્વરૂપની ઓળખાણ કરાવી. અન્વય અને વ્યતિરેક સ્વરૂપનું જ્ઞાન આપી મહારાજની મોટપની-મહિમાની સ્પષ્ટતા કરાવી સૌને કૃતાર્થ કર્યા. અવતાર-અવતારીનો ભેદ સમજાવી પતિવ્રતાની ભક્તિની રીત શિખવાડી. અક્ષરધામ, અનંત મુક્તો બધું અધ્ધર નથી પરંતુ મહારાજની મૂર્તિ ભેળું જ છે એ સમજાવી જ્ઞાનની શુદ્ધિ કરી આપી.

બાપાશ્રીએ વચનામૃતમાં છુપાયેલા ગૂઢ રહસ્યોને, એના

બાધ-બાધાંતરોને વચનામૃતનાં જ પ્રમાણો આપી સરળ ભાષામાં સમજાવી, મહારાજના જ સિદ્ધાંતોને વધુ પુષ્ટ કરી આપ્યા.

**૨. આત્મનિષ્ઠાની શુદ્ધિ :**

ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનું અવિચળ સુખ પામવા માટે એમના સ્વરૂપને ઓળખવાની સાથે પોતાના એટલે કે આત્માના સ્વરૂપને ઓળખવું પણ એટલું જ ફરજિયાત છે. બાપાશ્રીએ કૃપા કરી આત્માના વાસ્તવિક સ્વરૂપની ઓળખાણ કરાવી અનાદિમુક્તની સ્થિતિનું જ્ઞાન આપ્યું. તેઓએ આપેલ અનાદિમુક્તની સ્થિતિના મુખ્ય સિદ્ધાંતો અત્રે વર્ણવ્યા છે.

- સ્વામિનારાયણ ભગવાન એક જ છે અને અનાદિમુક્ત અનેક છે ને અનેક થાય છે ને અનેક થશે.


- મહારાજ સુખના દાતા છે ને મુક્ત સુખના ભોક્તા છે.

- અનંત અનાદિમુક્તો સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં રોમ રોમપણે રસબસભાવે લુબ્ધ રહીને સુખને ભોગવે છે.

- અનાદિમુક્તો શ્રીજીમહારાજ જેવા જ સદા સાકાર કહેતાં પુરુષોત્તમરૂપ છે.

- પોતાના આત્માને પુરુષોત્તમરૂપ માની શ્રીજીમહારાજની મૂર્તિનું પ્રતિલોમપણે ધ્યાન કરવાથી અને સાથે સત્પુરુષનો અનુગ્રહ થાય તો જ અનાદિમુક્તની સ્થિતિ પામી શકાય છે.

બાપાશ્રી અધ્યાત્મના સૌથી ઊંચા જ્ઞાનને સાવ સરળ રીતે



વાત વાતમાં સમજાવી દેતા.

સંવત ૧૯૯૨ના વૈશાખ માસમાં બાપાશ્રી સંત મંડળે સહિત કેરાના ધરામાં સ્નાન કરવા પધાર્યા. સ્નાન લીલા વખતે સદ્. વૃંદાવનબાપાએ પૂછ્યું, "બાપા, મુક્ત મૂર્તિમાં રહી કેવી રીતે સુખ લેતા હશે ?" ત્યારે પાણીમાં આંગળાં ઊભાં રાખી હલાવીને બાપાશ્રી બોલ્યા જે, "આવી રીતે મુક્ત મૂર્તિમાં રમે છે ને કિલ્લોલ કરે છે ને સુખમાં દોટ્યો દીધા જ કરે છે અને જેમ જળમાં માછલાં રમે તેમ મુક્ત મૂર્તિના સુખમાં રમ્યા જ કરે છે." એમ વાત કરી સર્વેને ધરામાં બેસાડી ધ્યાન કરાવ્યું.

આમ, બાપાશ્રીએ દૂધ-સાકર, તાણો-વાણો, જળ-મીન, ઝાડ-રસ, કીટ-ભમરી જેવાં સરળ અને લૌકિક દૃષ્ટાંતો દ્વારા અનાદિમુક્તની સ્થિતિનું અદ્દલ વર્ણન કર્યું છે.

આ ઉપરાંત, બાપાશ્રીએ અવરભાવ-પરભાવ, કાર્ય-કારણ, મનુષ્યભાવ-દિવ્યભાવ, અન્વય-વ્યતિરેક, અનુલોમ-પ્રતિલોમ આદિ અનેક કારણ સત્સંગના મૂળભૂત સિદ્ધાંતોને સમજાવીને જ્ઞાનની શુદ્ધિ અને વૃદ્ધિ કરી છે.

બાપાશ્રીએ માત્ર જ્ઞાન નથી આપ્યું પરંતુ તે માટેનો આગ્રહ પણ સેવ્યો છે. સંવત ૧૮૮૪ ને કારતક માસમાં વૃષપુરના મંદિરની મેડીનું કામ ચાલતું હતું. કામના પ્રારંભે બધા હરિભક્તોને સેવાનો મહિમા કીધો અને આશીર્વાદ સહ ભલામણ કરતાં કહ્યું કે, "મેડી તથા મંદિર બહુ સારું થઈ જશે. હવે તમો બધા મૂર્તિ ધારીને કામ ચલાવો." જેની જે રુચિ હોય તે પહેલી આવે જ. આમ, બાપાશ્રીએ મેડીના કામના પ્રારંભે જ મૂર્તિમાં રહેવાની ભલામણ કરી.

પછી મેડીનું કામ ચાલવા માંડ્યું ત્યારે બાપાશ્રી ક્યારેક ઓસરીમાં આસન કરતા, મંદિરને ખૂણે મોદ બાંધેલી હતી ત્યાં પણ બેસતા. કામ કરનારા સૌ નાના-મોટાને બાપાશ્રીને રાજી કરવાનું તાન અને બાપાશ્રી પણ હરિભક્તો પર ઘણી પ્રસન્નતા જણાવતા હતા. એમાં એક દિવસ બાપાશ્રીએ સભામાં વાત કરી જે, "તમે કામ કરો છો તે મૂર્તિમાં વૃત્તિ રાખીને કરજો. સર્વના કારણ શ્રીજીમહારાજ છે. તે કારણ સામે નજર રાખવી." અત્રે બાપાશ્રીનો મૂર્તિનો આગ્રહ સ્પષ્ટ ફલિત થાય છે.

એ જ રીતે સંવત ૧૯૬૪ના જેઠ માસમાં બાપાશ્રી માધાપર મંદિરમાં પારાયણપ્રસંગે પધાર્યા હતા ત્યારે એક વખત વક્તાશ્રીને ટકોર કરતાં કહ્યું, "પુરાણી, મહારાજની મૂર્તિ ધારીને કથા કરજો પણ અમથા પુરાણી મ થાજો." વળી, એ જ વખતે મંદિરનું સિંહાસન કરવાવાળા કડિયા દર્શને આવ્યા ત્યારે તેમને પણ બાપાશ્રીએ વાત કરી જે, "વડોદરા મંદિરનું સિંહાસન કરવાવાળા કડિયાને મહારાજે ટકોર કરેલી કે તમારું નામ જાણીતું છે પણ સાથે સાથે અમને રાખજો." એ દૃષ્ટાંત આપી કામકાજ કરતાં મૂર્તિમાં વૃત્તિ રાખવી પણ ક્રિયારૂપ થઈ જાવું નહીં. આમ, પોતાનો આગ્રહ જણાવ્યો.

બાપાશ્રીના સંકલ્પો ભવ્ય અને પ્રચંડ હતા. એક વખત સદ્. ઈશ્વરબાપાએ બાપાશ્રીને પૂછ્યું કે, "બાપા, આપનો આરો ક્યારે આવશે ?" ત્યારે બાપાશ્રીએ કહ્યું કે, "અનંતકોટિ બ્રહ્માંડો જ્યારે મૂર્તિમાં આવીને વિરામ કરશે ત્યારે ખરેખર અમારો આરો આવશે." અનંતાનંત જીવોને અનાદિમુક્તની સ્થિતિ કરાવવાનો પોતાનો પ્રચંડ સંકલ્પ બાપાશ્રીએ અહીં સ્પષ્ટપણે જણાવ્યો છે.

આ ભવ્ય સંકલ્પના પ્રારંભિક ભાગ રૂપે બાપાશ્રીએ શ્રીજીમહારાજની સંકલ્પયાત્રાને થોડી વધુ આગળ ધપાવી. બાપાશ્રીએ નિકટના જોગમાં આવનાર શુદ્ધ મુમુક્ષુઓને કૃપા કરી સાધનદશા ટળાવી સિદ્ધદશા પમાડી હતી. જેમ કે સોમચંદબાપા, ભૂરાબાપા, કેસરાબાપા, મનસુખબાપા, ચતુરબાપા, દેવરાજબાપા, નાગજીબાપા આદિક હરિભક્તો તથા કેટલાક નાના-મોટા સંતો પણ બાપાશ્રીની કૃપાએ મૂર્તિના અવિચળ સુખને પામ્યા હતા.

બાપાશ્રીનો સંકલ્પ તો અનંતાનંત જીવોને સ્થિતિ કરાવવાનો જ હતો પરંતુ હજુ સમય પાક્યો ન હતો. તેથી બાપાશ્રી આ સંકલ્પને વિશ્વવ્યાપી ફલક પર ના લઈ જઈ શક્યા. બાપાશ્રી પછી આ સંકલ્પયાત્રાના સૂત્રધાર કોણ બન્યા ? તે આગામી લેખમાં જોઈએ.







# સંકલ્પયાત્રાના સંવાહકો

"અમારો વેપાર તો જીવોને કારણ મૂર્તિમાં પહોંચાડવા તે જ છે."

"બધોય સત્સંગ સાજો અનાદિની પંક્તિમાં ભળી જાય."

"અમે શ્રીજીમહારાજના સંકલ્પ છીએ અને શ્રીજીનો સંકલ્પ પૂરો કરવા પધાર્યા છીએ."

આ દિવ્ય વચનોનો ગલિતાર્થ એ જ છે કે શ્રીજીસંકલ્પમૂર્તિ બાપાશ્રી મુખ્યત્વે જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા અર્થાત્ અનાદિની સ્થિતિ પમાડવા જ પધાર્યા હતા.

શ્રીજી સંમત સિદ્ધાંતોને ઉજાગર કરતી બાપાશ્રીની દિવ્ય સંકલ્પયાત્રાના સંવાહકો બન્યા અમીરપેઢીના સદ્‌ગુરુશ્રીઓ. બાપાશ્રી જ્યારે જગન (મોટા સમૈયા) કરતા ત્યારે ૫૦૦-૫૦૦ સદ્‌ગુરુઓ બાપાશ્રીના ખોળામાં મસ્તક મૂકી મૂર્તિસુખના આશીર્વાદ માગતા. બાપાશ્રીનો નિકટથી જોગ-સમાગમ કરી સેવન કરતા. બાપાશ્રીએ શ્રીહરિના રહસ્યમય અનાદિમુકતની સ્થિતિના સર્વોત્કૃષ્ટ જ્ઞાનને જન જન સુધી પહોંચાડવા તથા અનાદિમુકતની સ્થિતિના સિદ્ધાંત પ્રવર્તનની સંકલ્પયાત્રાને આગળ ધપાવવા કમર કસી. અમીરપેઢીના સદ્‌ગુરુશ્રીઓએ સમગ્ર જીવન દરમ્યાન આ સંકલ્પ વ્યક્તિએ વ્યક્તિએ દૃઢ કરાવ્યો છે. તેનું સ્મરણ કરતાં આજે અંતર ગૌરવથી છલકાય છે. અનંતાનંત વંદન હો અમીરપેઢીના સદ્‌ગુરુશ્રીઓને.

**સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી :**

"કારણ સત્સંગની અમીર પેઢીના પાયાની સેવા બજાવનારા સદ્. ગોપાળાનંદ સ્વામીએ અવરભાવમાં જીવંતપર્યંત શ્રીહરિના સ્વરૂપને જેમ છે તેમ ઓળખાવા તેમજ શ્રીજીમહારાજના અનાદિમુક્તના સંકલ્પને પુષ્ટિ આપવા જહેમત ઉઠાવી હતી. કારિયાણી ગામમાં શ્રીજીમહારાજે ઓરડીમાં ગોપાળાનંદ સ્વામીને સર્વોપરી ઉપાસના પ્રવર્તવાની અને તેમને ઉપાસના પ્રવર્તન માટે ૧૦૦૦ વરસ રાખીશું તે વાત સદ્. ગોપાળાનંદ સ્વામીના દાખડાને અનુમોદન આપે છે.

સદ્. ગોપાળાનંદ સ્વામીએ પોતાની વાતોમાં અનાદિમુક્તની સ્થિતિ એટલે કે પ્રતિલોમપણે મૂર્તિમાં રહીને મૂર્તિનું ધ્યાન કરવાની લટક તથા પુરુષોત્તમરૂપ થવાની વાતો કરીને ઘણા મુમુક્ષુઓને મહારાજના સુખની પ્રાપ્તિ કરાવી છે.

**સદ્. નિર્ગુણદાસજી સ્વામી :**

કારણ સત્સંગની અમીરપેઢીના અદ્વિતીય સમ્રાટ સ્વરૂપ કે જેમને શ્રીહરિએ બાપાશ્રીની ઓળખાણ કરાવવા અને બાપાશ્રીના જ્ઞાનના પૂરક થવા જ આ બ્રહ્માંડમાં મોકલ્યા હતા. સદ્‌ગુરુ ઘણી વખત કહેતા, "બાપાશ્રી તો અમારા જીવનપ્રાણ છે. બાપાશ્રી તો જે છે એ જ છે." સદ્. નિર્ગુણબાપાએ જીવન પર્યંત શ્રીહરિનું સર્વોપરીપણું, રહસ્યજ્ઞાન તથા દિવ્યભાવ પ્રવર્તાવવાનું બીડું ઝડપ્યું હતું. કોઈ ઉદ્‌ઘોષ વગર મોટા મંદિરે પોતાના આસને એક એક હરિભક્તને બોલાવી આ જ્ઞાનની દૃઢતા કરાવતા. જાણે બ્રહ્મવિદ્યા ભણાવવાનાં ખાસ ટ્યૂશન શરૂ કર્યાં હોય તેમ !!

એક વખત સદ્. નિર્ગુણબાપા અને બાપાશ્રી બિરાજ્યા હતા. ત્યારે બાપાશ્રીએ પૂછ્યું કે, "અહીં બેઠા થકા જીવને શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં મૂકી દે એવા કોઈ અત્યારે હશે ?" મર્માળું હાસ્ય રેલાવતાં સદ્. નિર્ગુણબાપા બોલ્યા, "હા, ત્યાગીમાં તમારી સામે બેઠા એ અને ગૃહસ્થમાં અમારી સામે બેઠા તે."

**સદ્. નિર્ગુણબાપા એટલે સ્વરૂપનિષ્ઠાના પ્રખર પ્રહરી.**

• • •

એક વાર સદ્. નિર્ગુણદાસજી સ્વામીના આસને સ્વામીશ્રી તથા જીવનપ્રાણ બાપાશ્રી બેઠા હતા. ત્યારે બાપાશ્રીએ વાત કરી, "હે સ્વામી ! શ્રીજીમહારાજની સાથે રહેલા કેટલાક સંતો-હરિભક્તો શ્રીજીમહારાજનું સર્વોપરીપણું કહેવામાં અટકતા હતા. તેમને શ્રીજીમહારાજે ફરીથી આ સત્સંગમાં મોકલ્યા છે. તે તમારા જેવા મોટા સંતના જોગ-સમાગમમાં રહી જેમ છે તેમ શ્રીજીમહારાજને જાણે તો વહેલા સુખમાં પહોંચી જાય." એમ કહી થોડી વાર બાપાશ્રી સૂઈ રહ્યા.

વળી વચમાં જાગીને બેઠા થયા. ત્યારે સ્વામીશ્રી પણ જાગ્યા ને કહ્યું, "ભાઈ ! પાણી પીવું છે ?" ત્યારે તેમણે કહ્યું, "ના... સ્વામી, પાણી તો નથી પીવું પણ તમને મારે કાંઈક પૂછવું છે." ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, "પૂછો." પછી બાપાશ્રી આજુબાજુ નજર ફેરવીને બોલ્યા જે, "સ્વામી ! શ્રીજીમહારાજની મૂર્તિમાં અનંત મુક્ત રહ્યા છે, તે વાત આપણી સભામાં થાય છે ?" ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, "ભાઈ ! એ વાતના અનુભવી થોડા છે. એ વાત તો આપણા ઘરની છે ને તે તો તમારે સૌને સમજાવવાની છે." ત્યારે બાપાશ્રીએ કહ્યું, "સ્વામી ! આ ફેરે શ્રીજીમહારાજે એ વાત સમજાવવાનો સંકલ્પ કર્યો છે માટે કરજો. વખત આવે

મહારાજ બધુંય સારું કરશે.''

બાપાશ્રીને ઓળખાવવાનું તથા શ્રીહરિના સર્વોપરી સિદ્ધાંતોનું પ્રવર્તન કરવાનું મહાભિનિષ્ક્રમણ કાર્ય સદ્‌ગુરુશ્રીએ સુપેરે બજાવ્યું.

**સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી :**

કારણ સત્સંગના પ્રથમ સૂત્રધાર, કારણ સત્સંગ ઈમારતની પ્રથમ ઈંટ એટલે જ સદ્. ઈશ્વરબાપા. ઈશ્વરબાપાનાં દર્શન કરતાં સહેજે ફલિત થાય કે તેઓએ નિર્ભીત સિંહની જેમ એકલા બેફિકર થઈ આ અનાદિમુક્તની સ્થિતિનું જ્ઞાન પ્રવર્તાવવાની જાણે નેમ ન લીધી હોય !! એટલે જ તેઓ 'નીડર સિદ્ધાંતવાદી'નું બિરુદ પામ્યા હતા.

સંવત ૧૯૪૨, ચૈત્ર સુદ આઠમના મંગલકારી દિને સદ્. ઈશ્વરબાપાને જીવનપ્રાણ બાપાશ્રીનાં પ્રથમ વખત દર્શન થયાં ત્યારે બાપાશ્રી સાથે અલૌકિકતાના નાતે જોડાઈ ગયા. સંવત ૧૯૪૮માં સદ્. નિર્ગુણબાપા અંતર્ધાન થયા બાદ સદ્. ઈશ્વરબાપા પોતાનું સમગ્ર અસ્તિત્વ બાપાશ્રીમાં ઓગાળીને વર્ત્યા. બાપાશ્રીએ સમજાવેલા જ્ઞાન-સિદ્ધાંતોના પ્રવર્તન કાજે બાપાની મરજીના મરજીવા બની રહ્યા.

કારણ સત્સંગના સિદ્ધાંતોનો વિશ્વભરમાં શંખનાદ ફૂંકવા બાપાશ્રીની આજ્ઞાએ જેતલપુર મંદિરની મહંતાઈ મૂકી દીધી.

બાપાશ્રીની આજ્ઞાએ સંવત ૧૯૭૬માં સત્સંગ મહાસભાનું સુકાની પદ સંભાળ્યું. આ કપરી જવાબદારી તેઓએ બખૂબી, નીડરતાથી નિભાવી સત્સંગની શુદ્ધતાનું અજોડ કાર્ય કર્યું હતું.

વાછરડું આંચળમાં મોઢું નાખે ત્યારે ગાય પારસો મૂકે તેમ બાપાશ્રી ગાય બન્યા અને સદ્‌ગુરુશ્રી વચ્છ બન્યા. ઈશ્વરબાપાએ બાપાશ્રીને વચનામૃતમાંથી જ શ્રીહરિને ઓળખવા તથા અનાદિમુક્તની સ્થિતિ સંબંધિત અલૌકિક પ્રશ્નો પૂછ્યા. રહસ્યમય જ્ઞાનના અખૂટ ખજાના બાપાશ્રીએ સદ્. ઈશ્વરબાપા સમક્ષ ખુલ્લા કર્યા. સદ્. ઈશ્વરબાપાએ મુમુક્ષુમાત્ર પર અનહદ કૃપા વહાવી આ અલૌકિક જ્ઞાનનો ખજાનો સ્વયં પૂરતો સીમિત ન રાખતાં તે વાતોનો સંગ્રહ કરી, 'વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા' નામક અજોડ ગ્રંથ ૧૮ વર્ષ દાખડો કરી રચ્યો. એ જ રીતે બાપાશ્રીના મુખકમળમાંથી સરતી જ્ઞાન-ધ્યાનની ગંગા સદ્. ઈશ્વરબાપાએ સંગ્રહી 'શ્રી અબજીબાપાશ્રીની વાતો : ભાગ-૧,૨'ની સમગ્ર સંપ્રદાયને અણમોલ ભેટ ધરી.

આમ, તેઓએ શ્રીજીમહારાજની સંકલ્પયાત્રાના વાહક તરીકે કારણ સત્સંગના જ્ઞાનને યાવદ્‌ચંદ્રદિવાકરૌ ભાવિ મુમુક્ષુ સમાજ માટે સંગ્રથિત કરી દીધું. સાથે સાથે ગામોગામ ફરીને આ જ્ઞાનનું પ્રવર્તન પણ ખૂબ કર્યું. અને જ્યારે જ્યારે રોહાના કુંવરજીભાઈ જેવાં શુદ્ધ પાત્રો મળ્યાં ત્યારે તેમને જ્ઞાનના અંત સુધી પહોંચાડી મૂર્તિના સુખની પ્રાપ્તિ પણ કરાવી છે. આમ, શ્રીજીમહારાજના સંકલ્પને સાકાર કરવામાં સદ્. ઈશ્વરબાપાએ અતિ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

**સદ્. વૃંદાવનદાસજી સ્વામી :**

ધીર-ગંભીર તેજસ્વી મુખમુદ્રા તથા સાધુતાના ગુણે યુક્ત સદ્. વૃંદાવનબાપા અલૌકિક વિભૂતિ હતા. સંવત ૧૯૫૧માં બાપાશ્રી ઉપરદળ રામજીભાઈના આગ્રહને વશ થઈ પારાયણ પ્રસંગે પધાર્યા હતા ત્યારે બાપાશ્રીની અલૌકિક અનુભૂતિમાત્રથી સ્વામીને બાપાશ્રીનો અંતસ્થ મહિમા લક્ષ્યાર્થ થયો. અને આ લોકનું મહંતાઈ પદ મૂકી શ્રીહરિની સંકલ્પયાત્રામાં અર્થાત્ અનંત જીવોના આત્યંતિક કલ્યાણરૂપ પરમાર્થના પુનિત કાર્યમાં જોડાઈ ગયા. એમના આ અભિયાન દરમ્યાન સદ્. ઈશ્વરબાપા સાથેનો તેમનો પરિચય અતિ પ્રગાઢ બન્યો. આ બંને સદ્‌ગુરુ સંતો એક જ સિક્કાની બે બાજુ બની ગયા.

બાપાશ્રીનો અંતરથી મહિમા સમજી સદ્. વૃંદાવનબાપા વખતોવખત સદ્. ઈશ્વરબાપા સાથે વૃષપુર બાપાશ્રીના જોગ-સમાગમ અર્થે જતા. બાપાશ્રીએ પ્રવર્તાવેલા જ્ઞાન-સિદ્ધાંતોને હૃદયગત કરી તેઓએ તેનું ખૂબ પ્રવર્તન કર્યું. તેઓ જ્યાં જ્યાં વિચરણમાં પધારતા ત્યાં મહારાજના સર્વોપરી મહિમાની તથા અનાદિમુક્તની સ્થિતિની અનુભવગમ્ય વાતો જ કરતા. જેનો સંગ્રહ તૈયાર થઈ 'સદ્. વૃંદાવનદાસજી સ્વામીની વાતો' નામે એક ગ્રંથની સમગ્ર કારણ સત્સંગના સમાજને અણમોલ ભેટ મળી છે. સ્વામીની આ વાતો એટલે મૂર્તિસુખનો ખજાનો.

સદ્. વૃંદાવનસ્વામી બહુધા અનાદિમુક્તના જ્ઞાનની પરભાવી વાતો જ કરતા. તેથી એક દિવસ એક શાળાના હેડમાસ્તરે સ્વામીને પૂછ્યું, "સ્વામી, તમે કાયમ મૂર્તિની જ વાતો કરો છો પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય કે ભક્તિની વાત તો કરતા નથી તથા પરચાની વાત પણ કેમ કરતા નથી ?''

સદ્. વૃંદાવનબાપાએ સહસા જ તેમને પૂછ્યું, "તમે નિશાળમાં કઈ ચોપડી ભણાવો છો ?'' "સ્વામી, સાતમી ચોપડી.'' "તો પછી તમે બીજી, ત્રીજી ચોપડી કેમ નથી ભણાવતા ?'' ત્યારે માસ્તરે કહ્યું, "એ તો અમોએ નીમેલા બીજા માસ્તરો ભણાવે.'' ત્યારે સદ્. વૃંદાવનબાપાએ મંદહાસ્ય સાથે કહ્યું, "બસ, એમ જ. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની વાતો કરનારા સંપ્રદાયમાં ઘણા છે. અમે તો મૂર્તિની જ વાતો કરીશું.''

• • •



**સદ્. ઈશ્વરબાપા એટલે કારણ સત્સંગના પ્રથમ આચાર્ય.**

સદ્. વૃંદાવનસ્વામી કારિયાણા ગામમાં હતા ત્યાં બજાણાના ખુશાલભાઈ સિંહાસન માટે ઉઘરાણું કરવા ગયા હતા. તેમને સ્વામીશ્રીએ કહ્યું, “ખુશાલભાઈ ! તમારે ગામનું મંદિર તો થયું પણ હવે ચૈતન્યમાં મૂર્તિ પધરાવો એટલે તમારું મંદિર થાય.” એમ કહી તેમના પર રાજી થઈ હાથમાં પાણી આપી આશીર્વાદ આપ્યા કે તરત જ તેમને ધ્યાનમાં મહારાજનાં દર્શન થવા લાગ્યાં.

સદ્. વૃંદાવનબાપાએ સંવત ૧૯૯૯માં અંતર્ધાન થવાનો સંકલ્પ કર્યો ત્યારે બાપાશ્રીએ પ્રવર્તાવેલ જ્ઞાન-સિદ્ધાંતો હંમેશાં પ્રજ્વલિત રહે તેવા હેતુથી ગામોગામ સંકલ્પયાત્રા રૂપે વિચરણ શરૂ કર્યું. વિચરણ દરમ્યાન બસ આ જ વાતોનું પ્રવર્તન તથા આશીર્વચનોની હેલી વરસાવતાં આ જ્ઞાન પ્રવર્તનનું ખૂબ ઉત્કૃષ્ટ કાર્ય કર્યું છે.

**સદ્. કેશવપ્રિયદાસજી સ્વામી (સદ્. મુનિસ્વામી) :**

કારણ સત્સંગની અમીરપેઢીના સમર્થ સદ્. કેશવપ્રિયદાસજી બાપાશ્રીએ સમજાવેલા જ્ઞાન પ્રવર્તનના એવા જ પ્રખર હિમાયતી હતા. સંવત ૧૯૫૬માં પોતાના ગુરુની સાથે સદ્. મુનિસ્વામી જયપુર ગયા હતા ત્યાં બાપાશ્રીના પ્રથમ દર્શને જ બાપાશ્રી સાથે એક અનોખો લગાવ થઈ ગયો હતો. એમાંય બાપાશ્રીના જોગ-સમાગમે સદ્. મુનિસ્વામી દિવ્યાનંદમાં મહાલતા થઈ ગયા. ત્યારે જ બાપાશ્રીમાં અતિશે આત્મબુદ્ધિથી જોડાઈ સંકલ્પયાત્રાના સંવાહક બની ગયા.

અવરભાવમાં બાપાશ્રીના જોગ-સમાગમે સદ્. મુનિસ્વામીને ધ્યાનનું વિશેષ અવર્ણનીય અંગ હતું. દરરોજ સામાન્યતઃ છ કલાક ધ્યાનમાં બેસતા જ. વળી ઘણી વાર તો ભૂજના સભામંડપના રજોઠિયામાં બેસીને ચોવીસ કલાક કે અડતાલીસ કલાક સળંગ નિરાહાર-નિર્જળા ઉપવાસ કરી અખંડ ધ્યાનમાં બેસી રહેતા.

સદ્. મુનિસ્વામી સંવત ૧૯૭૩થી ૧૯૯૨ સુધી સતત ૨૦ વર્ષ સુધી ભૂજ રહી ભૂજ મંદિરમાં સંતોને વિદ્યાભ્યાસ સાથે અનાદિમુક્તની સ્થિતિના જ્ઞાન-ધ્યાનના મજરા કરાવતા. વળી, ચાતુર્માસ દરમ્યાન કચ્છના ગામડાંમાં વિચરણ કરી શ્રીહરિના મહાત્મ્યની, બાપાશ્રીના મહાત્મ્યની તથા અનાદિમુક્તની સ્થિતિની ખૂબ વાતો કરતા. બાપાશ્રીએ પણ મોટા મોટા છ જગનો કર્યા તેમાં ત્રણ જગનમાં સદ્. મુનિસ્વામીને વક્તાપદે બિરાજમાન કર્યા હતા.

અમદાવાદમાં આવ્યા બાદ સદ્. ઈશ્વરબાપા તથા સદ્. વૃંદાવનબાપા અંતર્ધાન થયા બાદ જાણે સમગ્ર કારણ સત્સંગને નવપલ્લવિત કરવાની જવાબદારી સ્વશિરે આવી ગઈ હોય તેમ સમગ્ર ગુજરાતમાં વિચરણ શરૂ કર્યું.

કાર્તિક સુદ ૧૧ તથા ચૈત્ર સુદ ૯નો નિર્જળા ઉપવાસ કરી અમદાવાદ મંદિરે સદ્. નિર્ગુણબાપાના આસને સવારે વહેલા ત્રણ વાગ્યે ઊઠી સ્નાનાદિક ક્રિયા તથા પૂજા કર્યા બાદ સવારે પાંચ વાગ્યાથી કથાવાર્તા કરવા બિરાજી જતા તો શયન આરતી સુધી અખંડ કથાવાર્તા કરી હરિભક્તોને કારણ સત્સંગના જ્ઞાનનાં પીયૂષ પાતાં. હરિભક્તોની પાળી બદલાય પણ પોતે તો એના એ જ.

ઘણી વાર તો કથા સાંભળનાર કોઈ ન હોય તોપણ સદ્. મુનિબાપા કથા વાંચે જતા. એક વખત એક સંતે કહ્યું, “દયાળુ, કોઈ હરિભક્ત સામે સાંભળનાર નથી તો કથા શા માટે કરો છો ?” ત્યારે સદ્. મુનિબાપા બોલ્યા, “ગંગાનો પ્રવાહ અખંડ વહે છે, તરસ લાગે તે પાણી પીએ તેમ આ પ્રવાહ અખંડ વહ્યા કરશે.” સદ્. મુનિસ્વામીએ કારણ સત્સંગના જ્ઞાનના પ્રચારાર્થે સાહિત્ય ક્ષેત્રે પણ ખૂબ અમૂલ્ય સેવા કરી છે. એમાંય શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત આપી મુમુક્ષુમાત્રને અનાદિમુક્તના જીવનવ્યવહારની દિશા આપી છે.

આમ, સદ્. મુનિબાપાએ અવરભાવમાં ૯૪ વર્ષની ઉંમર સુધી આ લોકમાં દર્શન આપ્યાં ત્યાં સુધી કારણ સત્સંગને નવપલ્લવિત રાખવાનું અનેરું કાર્ય કર્યું છે. **SMVS** સંસ્થાના આદ્યગુરુ ગુરુદેવ પ.પૂ. બાપજીને કારણ સત્સંગના જ્ઞાન-સિદ્ધાંતોનો વારસો આપી, તેઓ શ્રીહરિની સંકલ્પયાત્રાના સંનિષ્ઠ સંવાહક બન્યા છે.

**અન્ય સંવાહકો :**


કારણ સત્સંગને જીવંત રાખવામાં અ.મુ. સદ્. મુક્તજીવન સ્વામીબાપા, અ.મુ. શ્રી સોમચંદબાપા, અ.મુ. શ્રી નારાયણભાઈ તથા અબજીબાપાશ્રીના પૌત્ર અ.મુ. જાદવજીબાપા આદિનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. તે સર્વેના દિવ્ય ચરણોમાં પણ કોટિ કોટિ વંદન.

બાપાશ્રી તથા આ સંકલ્પયાત્રાના સર્વે સંવાહક દિવ્યપુરુષોએ સમર્થ હોવા છતાં સમાજની પાત્રતાનો અભાવ તથા નાના-મોટા સાંપ્રદાયિક વિઘ્નોના કારણે કારણ સત્સંગના જ્ઞાનનો પાયો મજબૂત કરવા તથા તેનું સંવર્ધન કરવા અનેક દાખડા કર્યા. પરંતુ અંતિમ ગંતવ્ય સ્થાન સુધી પોતાની અતિ નિકટ આવનાર જૂજ સભ્યોને જ છતે દેહે સુખિયા કર્યા. અર્થાત્ શ્રીજીમહારાજના આ ભવ્ય ને પ્રચંડ સંકલ્પને પોતે સમર્થ હોવા છતાં વિશ્વવ્યાપી ફલક ઉપર ન લઈ જઈ શક્યા. મહારાજની આ સંકલ્પયાત્રા કેવી રીતે વૈશ્વિક સ્તર પર પહોંચી રહી છે તે આગામી લેખમાં જોઈશું.

સદ્. વૃંદાવનબાપા એટલે નિરંતર મૂર્તિમાં રમનાર સ્વરૂપ.







# સંકલ્પયાત્રાને નૂતન આયામ

"કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે, થશે ને થશે જ..." ગુરુદેવ પ.પૂ. બાપજીના મુખે વહેતા આ પ્રચંડ સંકલ્પ દ્વારા બ્રહ્માંડના અનંતાનંત જીવોમાં કારણ સત્સંગનાં બીજારોપણ થતાં. અનાદિમુક્તની પ્રાપ્તિનાં મંડાણ થતાં.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ સંસ્થાના આદ્યસ્થાન સમા ઘનશ્યામનગર મંદિરે તા. ૨૯-૧-૨૦૧૩ના રોજ સર્વોપરી ઈષ્ટદેવ અને સ્થિતિની વાત કરતાં કહ્યું હતું કે, "અનંતકોટિ બ્રહ્માંડમાં પહેલો નંબર સર્વોપરી ભગવાન સ્વામિનારાયણનો છે અને બીજા નંબરે સૌથી શ્રેષ્ઠ સ્થિતિ અનાદિમુક્તની છે."

બ્રહ્મવિદ્યાના જ્યાં નિરંતર અખાડા ચાલ્યા છે એવી કારણ સત્સંગની ધીંગી ધરા સુરેન્દ્રનગર ખાતે તા. ૯-૭-૨૦૦૬ના રોજ અનાદિની સ્થિતિની સર્વોત્તમતા વર્ણવતાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહેલું કે, "અનાદિની વાત બહુ જુદી, બહુ જુદી, બહુ જુદી. અનાદિની સ્થિતિ એ જ સિદ્ધાંત, એ જ છેલ્લી પ્રાપ્તિ, એ જ છેલ્લી સ્થિતિ, એ જ સંપ્રદાય."

સ્વામિનારાયણ ધામની દિવ્ય સંકલ્પભૂમિ ઉપર તા. ૧૦-૧૧-૨૦૧૨ના રોજ છેલ્લી ઉપાસનાની સ્પષ્ટતા કરતાં કહેલું કે, "અનાદિની સ્થિતિ એ જ પરિપક્વ ઉપાસના કહેવાય." વળી, આ જ સંકલ્પભૂમિ ઉપર તા. ૧-૯-૨૦૧૭ને શુક્રવારના રોજ પ્રાતઃ સભામાં ખુમારીભેર બે ભુજ લાંબા કરી સંકલ્પ વહાવ્યો હતો કે, "કારણ સત્સંગને રોકનાર અનંતકોટિ બ્રહ્માંડમાં કોઈ જન્મ્યો નથી. પાંદડે પાંદડે અનાદિમુક્તની સ્થિતિ થશે."

દિવ્ય સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીના મુખે વહેલાં આ બ્રહ્મવચનો આજે નભ મંડળમાં ચોમેર ગુંજી રહ્યાં છે. અનંત બ્રહ્માંડોમાં તેના પડઘમ વાગી રહ્યા છે.

શ્રીહરિએ જે મૂલગામી સંકલ્પથી સંપ્રદાયની સ્થાપના કરી હતી તે સંકલ્પની બાપાશ્રીએ નૂતન ક્રાંતિ સર્જી. સદ્‌ગુરુ સંતોએ આ જ મૂલગામી સંકલ્પોને વધુ પ્રવેગમાન કરી, યાવદ્‌ચંદ્રદિવાકરૌ અમરત્વ આપ્યું. પૂર્વાપર આયોજન રૂપે બાપાશ્રીએ વાસણ ગામના પ.ભ. શ્રી જેઠાભાઈને પુત્રપ્રાપ્તિના આશીર્વાદ રૂપે 'આધા તુમ્હારા, આધા હમારા'ના કોલ આપ્યા. 'આધા હમારા' રૂપે પ્રાગટ્ય થયું ક્રાંતિકારી યુગપુરુષ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીનું.

બાલ્યાવસ્થાથી જ આ દિવ્યપુરુષના દિવ્યજીવનમાં શ્રીજીમહારાજના સ્વરૂપની જબરજસ્ત નિષ્ઠાનાં દર્શન થતાં. શ્રીજીમહારાજ સિવાય કોઈને મસ્તક ન નમાવે કે શ્રીજીમહારાજ સિવાય મુખેથી કોઈ બીજું નામ ન બોલે. એટલું જ નહિ, પાંચ વર્ષની બાલ્યાવસ્થામાં વહેલી સવારે ગામના તળાવના પાણીમાં એક પગે ઊભા રહી, હાથમાં માળા લઈ સ્વામિનારાયણ મહામંત્રના જાપ સાથે તપ કરતા. ત્યારબાદ કલાકો સુધી તળાવની પાળે પથ્થર પર બેસી ધ્યાનમાં ઊંડા ઊતરી જતા અને શ્રીહરિની મૂર્તિ સાથે રસબસ થઈ જતા. જે સંકલ્પથી તેમનું પ્રાગટ્ય હતું તેનું દર્શન બાલ્યાવસ્થાથી જ કરાવતા.

કિશોરાવસ્થામાં વાંસવા ગામે દુકાનના કામમાંથી પરવારી ઉપરના મેડે વચનામૃતનો ઊંડો અભ્યાસ કરી એક આસને બેસી કલાકો સુધી ધ્યાનમગ્ન બની જતા.

લાંઘણજમાં મિત્ર પરષોત્તમભાઈ સાથે જ્ઞાનમાર્ગની ખૂબ ઊંચી વાતોની એકાંત ગોઠડી કરી ધ્યાનમગ્ન બની જતા. ક્યારેક તો દસ દસ કલાક સળંગ ધ્યાનમાં બેસી શ્રીહરિની મૂર્તિનું અતિ ઉત્તમ સુખ માણતા.

સંત દીક્ષા ગ્રહણ કર્યા બાદ ગુરુદેવ મોટા મંદિરે બિરાજતા ત્યારે સમાજ નવા આદરવાળો હોવાથી જોગમાં આવનાર એક એક મુમુક્ષુને વ્યક્તિગત ટ્યૂશન કરાવી શ્રીજીમહારાજના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરાવતા, વચનામૃતના ગૂઢ રહસ્યોને સમજાવતા.

પરંતુ ત્યાં રહી શ્રીજી સંમત અને બાપાશ્રી પ્રબોધિત સિદ્ધાંતો તથા સંકલ્પોના છડેચોક પ્રવર્તનનું કાર્ય ઘણું કઠિન જણાતું હતું. વળી, હેતવાળો હરિભક્ત સમાજ વધતાં ઓઢવ વિસ્તારમાં ઘનશ્યામનગર ખાતે ૧૫૦૦ વાર જમીન લઈ એકલપંડે કારણ સત્સંગના પ્રચારનું પ્રથમ મંદિર કર્યું. જ્યાંથી ઉપાસના શુદ્ધિ અને અનાદિની સ્થિતિના પ્રવર્તનનો મંગલ પ્રારંભ થયો.

જે હેતુ માટે તેઓ પ્રગટ થયા હતા તેને સાકાર કરવા એકલપંડે ઈ.સ. ૧૯૭૫થી ઘનશ્યામનગર મંદિરે બ્રહ્મસત્રો યોજવાનું શરૂ કર્યું. ઘનશ્યામનગર મંદિરના પાટોત્સવ નિમિત્તે ફાગણ વદ બીજથી ફાગણ વદ છઠ્ઠ તથા વચનામૃત જયંતીની તિથિ નિમિત્તે માગશર સુદ ચોથથી માગશર સુદ આઠમ સુધી એમ વર્ષમાં બે વખત બ્રહ્મસત્રો યોજી સવાર-સાંજ ધ્યાન કરાવતા. બ્રહ્મસત્રમાં સવારે ૮થી ૧૨, સાંજે ૪થી ૭, રાત્રે ૯થી ૧૨ એમ ત્રણ ટાઈમ કારણ સત્સંગનું જ્ઞાન પીરસી હરિભક્ત સમાજને બળિયો કરતા. એ વખતે નવો નવો હરિભક્ત સમાજ એટલે આયોજક-પ્રયોજક કે પ્રવક્તા એ ગુરુદેવ પોતે જ હતા. તમામ સમિતિની જવાબદારી એકલા વહન કરતા. બ્રહ્મસત્રોની પૂર્વતૈયારીથી માંડી આટોપવા

સુધીની સંપૂર્ણ સેવા ગુરુદેવ એકલે હાથે કરવા છતાં સૌને મહારાજના સ્વરૂપનું જ્ઞાન પીરસી ઉપાસ્ય મૂર્તિમાં જોડવાનો અદમ્ય ઉત્સાહ અને અનેરો આગ્રહ તેઓમાં જોવા મળતો.

ત્યારબાદ ઈ.સ. ૧૯૮૭માં વાસણા ખાતે નૂતન શિખરબદ્ધ મંદિર નિર્માણ કરી મધ્ય ખંડમાં એકમાત્ર ઘનશ્યામ મહાપ્રભુની મૂર્તિ પધરાવી શ્રીહરિની સંકલ્પયાત્રાને નૂતન આયામ આપતી **SMVS** સંસ્થાની સ્થાપના કરી સર્વોપરી ઉપાસનાના પાતાળમાં પાયા નાખી દીધા.

આજથી ૨૨૫ વર્ષ પૂર્વે સંપ્રદાયની કરુણ ઘટના એ હતી કે શ્રીજીમહારાજે પોતાના મંદિરોમાં પોતાનાં જ સ્વરૂપો પધરાવવાનો સંકલ્પ કરેલો પરંતુ સંપ્રદાય નવો હતો. સંત-હરિભક્ત સમાજ નવા આદરવાળો હતો. મનુષ્ય સ્વરૂપે દેખાતા પોતાના સ્વરૂપની સમાજને યથાર્થ ઓળખાણના અભાવે મંદિરમાં મધ્ય ખંડમાં પોતાની મૂર્તિ પધરાવવાનો શ્રીહરિનો સંકલ્પ અધૂરો રહ્યો.

આજે આનંદની વાત એ છે કે, ગુરુદેવ પ.પૂ. બાપજીએ **SMVS** સંસ્થાના દરેક મંદિરોમાં શ્રીજીમહારાજની જ મૂર્તિ પધરાવી શુદ્ધ સર્વોપરી ઉપાસનાના છડેચોક કાર્યનો આરંભ કરી શ્રીહરિના સંકલ્પને પૂર્ણ કર્યો.

સદ્. ગોપાળાનંદ સ્વામી, સદ્. નિત્યાનંદ સ્વામી સર્વોપરી ઉપાસનાના આગ્રહી હતા. પરંતુ પાત્રતાની તારતમ્યતાએ જેવો સમાજ તેવી વાતો કરવી પડતી. છતાં તેઓ ઉત્તમ મુમુક્ષુઓને ખૂણામાં બેસાડી બેસાડી મહારાજના સ્વરૂપની વાતો કરતા. તેથી ખૂણિયા જ્ઞાનવાળા કહેવાતા.

જ્યારે રાત્રિ-દિવસ એક શ્રીજીમહારાજના સ્વરૂપને જેમ છે તેમ ઓળખાવી દેવાની નેમ લઈને પધારેલા દિવ્ય સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજી છડેચોક સર્વોપરી ઉપાસનાની વાતો કરી 'શુદ્ધ સર્વોપરી ઉપાસનાના યુગ પ્રવર્તક'નું બિરુદ પામ્યા છે.

ઈ.સ. ૧૯૭૫માં આરંભેલાં બ્રહ્મસત્રો ઈ.સ. ૧૯૮૬ સુધી અખંડિત યોજાયાં. હવે વાસણા મંદિર નિર્માણ થતાં મુખ્ય સ્થાનમાં જ બિરાજી દર રવિવારે સવારે રવિ સભાનો પ્રારંભ કર્યો. જેમાં ગુરુદેવ સૌને સર્વોપરી નિષ્ઠાની વાતો સમજાવતા અને કહેતા કે, "મારો બાપ કરોડપતિ અને હું ભિખારી ? ન ચાલે. મને કેવા મહારાજ મળ્યા છે ને મને કેવો કર્યો છે ! મને મહારાજે પોતાથી બીજા નંબરની અનાદિની પદવી આપી દીધી છે !" આવા પ્રાપ્તિના વિચાર દૃઢ કરાવતા. ત્યારબાદ ધીમા સાદે 'ચિદ્ઘન તેજમાં શોભી રહ્યા છે, શ્રીજી રાજાધિરાજ રે...' ધ્યાનનું પદ સ્વમુખે ગાઈ સૌને નેત્ર બંધ કરાવી ધ્યાન કરાવતા. એ ધ્યાનનો આસ્વાદ જેમણે માણેલો તેઓ આજે પણ તે ધ્યાનના સુખને ભૂલી શકતા નથી.

સંપ્રદાયના પ્રારંભિક વર્ષોમાં શ્રીજીમહારાજને સમૈયા-ઉત્સવો-મહોત્સવો કરવા પડ્યા પરંતુ તેમનો આગ્રહ પોતાના નિકટવર્તી સમાજને કારણપ્રધાન કરવાનો જ હતો. જે વચનામૃતના પાને પાને કંડારાયો છે. દેહથી પૃથક્ આત્મારૂપ, બ્રહ્મરૂપ (પુરુષોત્તમરૂપ) થઈને ભક્તિ કરવાનો આગ્રહ વારંવાર રજૂ કર્યો છે. પરંતુ સમાજની પાત્રતાના અભાવે સમાજને કાર્ય પકડાઈ ગયું અને કારણ સ્વરૂપમાં જોડાવાની રુચિ ન જન્મી. પરિણામે સમૈયા-ઉત્સવ-મહોત્સવો કરવામાં જ સત્સંગની પૂર્ણાહુતિ માની લીધી.

જીવનપ્રાણ બાપાશ્રીએ પ્રગટ થઈ કાર્ય-કારણના ભેદની સ્પષ્ટતા કરી કારણ સ્વરૂપમાં જોડવાની રુચિ દર્શાવી. બાપાશ્રીની અભિરુચિને સાકાર કરવા ગુરુદેવ પ.પૂ. બાપજીએ નિકટવર્તી સંત-હરિભક્ત સમાજને કારણપ્રધાન અંગ દૃઢ કરાવવા અવનવા પ્રયાસ શરૂ કરી આ સંકલ્પને વિશેષ આગળ ધપાવ્યો.

ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રથમથી જ કાર્ય-ઉદ્ઘોષ-સમૈયા-ઉત્સવ-પ્રસિદ્ધિમાં રુચિ નહોતી. તેથી બ્રહ્મસત્રો, રવિ સભા, અંગત સભા, જ્ઞાન શિબિરો, અંગત બેઠકો દ્વારા જોગમાં આવનારને કારણ સ્વરૂપ મહારાજના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરાવતા. જ્ઞાન-ધ્યાનનો મજરો કરાવી કારણ સ્વરૂપમાં જોડતા. સમાજને કારણ સત્સંગની, કારણ સત્સંગના પ્રવર્તકોની અસ્મિતાથી સભર કરવા, બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોને જન જન સુધી પહોંચાડવા ઈ.સ. ૧૯૯૩ અને ઈ.સ. ૧૯૯૫માં બાપાશ્રી મહોત્સવ ખૂબ ધામધૂમથી ઊજવ્યો. પરંતુ તેમનો સદૈવનો ઝોક અને રુચિ તો જ્ઞાન-ધ્યાનના મજરા કરાવવા તરફની જ હતી.

ઈ.સ. ૧૯૯૫માં ૧૨૫ એકર જમીનમાં ખૂબ ભવ્યતાથી બાપાશ્રી મહોત્સવ વાસણા ખાતે ઊજવ્યો. તા. ૨૭ એપ્રિલથી ૯ મે એમ ૧૩ દિવસીય મહોત્સવ પૂર્ણ થયા બાદ બીજા દિવસે ૧૦ મેના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજીએ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને નજીક બોલાવી બેસાડી કહ્યું, "સ્વામી, આ મધ્યનું ૨૨મું વચનામૃત વાંચો." વ્હાલા ગુરુજીએ વચનામૃત હસ્તમાં લઈ મનમાં વાંચવા માંડ્યું. એટલે ગુરુદેવે કહ્યું, "સ્વામી, મનમાં નહિ, ઉતાવળે (મોટેથી) વાંચો." ગુરુજીએ ઊંચા સાદે વચનામૃત વાંચ્યું. પછી ગુરુદેવે કહ્યું, "સ્વામી, મહારાજનો શો અભિપ્રાય આવ્યો ?" પ્રથમથી જ જે શ્રીહરિના અંતર્ગત

અભિપ્રાયને જાણતા હતા એવા અનુભવી સત્પુરુષ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ બે હસ્ત જોડી કહ્યું, "બાપજી, મહારાજે અમદાવાદ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી કાંકરિયાની ચોરાશી કરી ગણેશ ધોળકાની રાણ્યોમાં જઈ પ્રવૃત્તિ વિસારી, અમને ઉદ્ઘોષમાંથી પાછા વળવાની રીત શીખવી છે."

આ સાંભળી ગુરુદેવ બોલ્યા, "સ્વામી, બધા સંતોને આ મહોત્સવમાં ખૂબ પ્રવૃત્તિ પહોંચી છે માટે બધા સંતોને એકાંત સ્થાને લઈ જાવ અને પ્રવૃત્તિના જે ફેર ચડ્યા હોય તે જ્ઞાનવાત કરી ઉતારો. મહારાજના સ્વરૂપનું ધ્યાન કરાવી કારણરૂપ કરો." ગુરુદેવની આજ્ઞાથી ગુરુજીએ ૨૧ દિવસની પ્રથમ સંત શિબિર ગોધરા ખાતે યોજી.

આમ, શ્રીજીમહારાજના સ્વરૂપની નિષ્ઠા તથા સમૈયા-ઉત્સવ કરાવીને પણ ગુરુદેવનો ઝોક તો જ્ઞાન-ધ્યાનના મજરા કરાવી અનાદિમુક્તની સ્થિતિના માર્ગે પ્રેરિત કરવા તરફનો જ રહેતો. ગુરુદેવ જે જે સેન્ટરોમાં લાભ આપવા જતા ત્યાં આ સંકલ્પના પ્રવર્તનનો જ આગ્રહ સેવતા.

તા. ૧૪-૭-૨૦૧૩ના રોજ ડાયમંડનગરી સુરત ખાતે ગુરુદેવે કહેલું કે, "અનાદિની સ્થિતિ ના થાય ત્યાં સુધી સત્સંગ અધૂરો." વળી, તા. ૨૦-૧૦-૨૦૧૩ના રોજ કહેલું કે, "મહારાજને એવી પ્રાર્થના કરવાની કે બધાય અનાદિમુક્ત થઈ જાય એવું કરજો."

તા. ૧૦-૩-૨૦૧૩ના રોજ મહેસાણાની દિવ્ય ભૂમિ પર મનુષ્યજન્મ મળ્યાના હેતુની વાત કરતાં જણાવેલું કે, "આ મનુષ્યજન્મ મળ્યા પછી જેટલાં વલખાં મારીને મરી જઈએ એટલી સમયની બરબાદી છે. શ્રીજીમહારાજે આ જન્મ આત્યંતિક કલ્યાણ કરવા માટે જ આપ્યો છે. આત્યંતિક કલ્યાણ એટલે અનાદિમુક્તની સ્થિતિ. જે છેલ્લી સ્થિતિ છે."


તા. ૨૨-૮-૨૦૧૩ના રોજ બરોડા મંદિરે સભામાં અંતરનો આગ્રહ જણાવતાં કહ્યું હતું કે, "સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું છે કે, પાંદડે પાંદડે સ્વામિનારાયણ નામ લેવાશે પણ એ વખતે સમય એવો હતો. નવો આદર હતો પણ અત્યારે તો અમે સંકલ્પ કર્યો છે કે, પાંદડે પાંદડે અનાદિમુક્તની સ્થિતિ થશે."

એ જ રીતે ઈ.સ. ૨૦૧૬માં તા. ૩-૯-૨૦૧૬ના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજી અમેરિકા ચેરીહિલ મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગ નિમિત્તે પધાર્યા હતા. ગુરુદેવને અવરભાવમાં મંદવાડ જેવું જણાતું હતું. તેથી ડૉ. ચિંતનભાઈ સેવામાં સાથે આવ્યા હતા. ગુરુદેવ ચેરીહિલ પહોંચ્યા એટલે ડૉ. ચિંતનભાઈ અને સેવામાં રહેલા સેવક સંતે પ્રાર્થના કરતાં કહ્યું કે, "બાપજી, ગરમ પાણીથી સ્નાન કરી લો તો આપનો થાક ઊતરી જાય." ત્યારે ગુરુદેવ બોલ્યા, "સ્વામી, આખું અમેરિકા જ્યારે અનાદિમુક્તની સ્થિતિ પામશે અને મૂર્તિમાં આવશે ત્યારે અમારો થાક ઊતરશે." આમ, મર્મમાં પોતાના અંતરનો આગ્રહ જણાવ્યો હતો.

ઈ.સ. ૨૦૧૬-૧૭માં સ્વામિનારાયણ ધામની દિવ્ય ભૂમિ પર શુક્રવારની પ્રાતઃ સભામાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ જીવનપ્રાણ અબજીબાપાશ્રી જીવનવૃત્તાંતનો ૧૩મો અધ્યાય ચલાવી અનાદિમુક્તની સ્થિતિની ઊંચી વાતો કરી હતી. જેવી કે, અનાદિમુક્ત એટલે શું ? અનાદિમુક્ત મૂર્તિમાં કેવી રીતે રહ્યા છે ? અનાદિમુક્તની સ્થિતિ એટલે શું ? મુક્ત મૂર્તિમાં રહી કેવી રીતે મૂર્તિનું સુખ લે છે ? જ્ઞાનની સ્થિતિ એટલે શું ? ધ્યાનની સ્થિતિ એટલે શું ? જ્ઞાન પછીનું કર્તવ્ય શું ? ધ્યાનના પ્રકાર, પ્રતિલોમ ધ્યાનની રીત, અનાદિની લટકે વર્તવાની રીત વગેરે પરભાવી જ્ઞાનની દૃઢતા કરાવવા પ્રશ્નોત્તરી કરાવતા. જેમાં પરભાવી ઉત્તર કરી-કરાવી સંતો-હરિભક્તોને અનાદિની સ્થિતિના માર્ગે ચાલવા પ્રેરણા કરી હતી. આવા તો અનેકાનેક વખત ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવનમાં અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તન અને દૃઢતા કરાવવા માટેના આગ્રહનાં દર્શન થતાં

આ દિવ્યપુરુષે સમગ્ર જીવન સર્વોપરી ઉપાસનાના પ્રવર્તન માટે ન્યોછાવર કરી દીધું હતું તેનો સમગ્ર સંપ્રદાય સાક્ષી છે. પ્રશ્ન થાય કે સ્થિતિના આગ્રહી ગુરુદેવે સંપ્રદાયમાં નિષ્ઠાની નૂતન ક્રાંતિ કરવા શા માટે અથાગ દાખડો કર્યો ? તો ઉપાસ્ય સ્વરૂપને ઓળખાવી એ સ્વરૂપમાં જોડવા. મંદિરો, શાસ્ત્રો, ઉપદેષ્ટા, ઉપાસક, ઉપાસ્ય શુદ્ધિ કરી અનાદિની સ્થિતિનો ધર્મધુરંધર રાજમાર્ગ ખુલ્લો કરવા. દેહભૂમિકાએ સમાજને શ્રીજીમહારાજના સ્વરૂપની દૃઢતા તો થઈ પરંતુ ચૈતન્યભૂમિકાએ પમાતી અનાદિમુક્તની સ્થિતિ માટે હજુ વિશેષ પાત્રતાની જરૂર જણાતી હતી તેથી સર્વોપરી ઉપાસનાની અજોડ ક્રાંતિ કરી. શ્રીહરિનો અનંતને અનાદિમુક્ત કરવાનો સંકલ્પ સોળે કળાએ ખીલી ઊઠે તે માટે પોતાના આધ્યાત્મિક અનુગામી સત્પુરુષના પૂર્વાપર આયોજન રૂપે સંવત ૨૦૦૮માં સદ્. મુનિસ્વામી પાસે દઢુકાના પ.ભ. કેશવલાલ નંદાણીને 'આધા તુમ્હારા, આધા હમારા'ના આશીર્વાદ અપાવી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને માગી લીધા હતા. તેથી જ પોતે સર્વોપરી ઉપાસનાની નૂતન ક્રાંતિ સર્જી





અનંતને અનાદિની સ્થિતિ પમાડવાની ક્રાંતિનું સુકાન વ્હાલા ગુરુજીના હસ્તમાં સોંપ્યું.

ગુરુદેવ ઘણી વાર ઉચ્ચારતા કે, ‘‘આ સ્વામીને તો મહારાજે સ્પેશ્યલ મોકલ્યા છે.’’ શું સ્પેશ્યલ મોકલ્યા છે ? તેનું રહસ્ય જણાવતાં પણ કહેતા કે, ‘‘આ સ્વામી તો અનંતને અનાદિની સ્થિતિ કરાવવા માટે આવ્યા છે. જેને જેને મૂર્તિનું સુખ જોઈતું હશે તેને સ્વામી જોડે આવવું પડશે. સ્વામીને રાજી કરવા જ પડશે.’’

કોઈ મુમુક્ષુ ગુરુદેવ પાસે જઈ પ્રાર્થના કરે કે, ‘‘બાપજી, મને મૂર્તિનું સુખ આવે એવી દયા કરો.’’ તો પોતે સમર્થ હોવા છતાં દાસત્વભાવે મહારાજના સ્પેશ્યલ આ જ સંકલ્પથી પધારેલા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી તરફ અંગુલીનિર્દેશ કરી કહેતા, ‘‘તમારે મૂર્તિનું સુખ જોઈતું હોય તો જાવ, સ્વામી પાસે. એમનાં ચરણ પકડી એમને પ્રાર્થના કરજો, એમને રાજી કરજો. એ તમને મૂર્તિનું સુખ આપશે.’’

ઈ.સ. ૨૦૦૭માં ગુરુદેવ પ.પૂ. બાપજીએ હૃદયલીલા ગ્રહણ કરી હતી. ક્રિષ્ના હૉસ્પિટલમાં બાયપાસ સર્જરી બાદ રૂમ નં. ૧૨૨માં ગુરુદેવ આરામમાં હતા. તા. ૩-૧૨-૨૦૦૭ના રોજ રાત્રે ૮:૦૫ વાગ્યે ગુરુજી તથા સાથે રહેલા સંતો-હરિભક્તો રૂમમાં કીર્તનભક્તિ કરી રહ્યા હતા.

ગુરુદેવ પ.પૂ. બાપજી ખૂબ પ્રસન્ન મુદ્રામાં હતા. તેઓ આડે પડખે રહી એમની સામેની દીવાલ પર રહેલ શ્રીજીમહારાજ ને બાપાશ્રીની પ્રતિમા મૂર્તિ સામે જોઈ મંદ મંદ હાસ્ય રેલાવતાં, હસ્તનાં લટકાં કરી મંદ મંદ અવાજે એમની સાથે વાતો કરતા હતા.

ગુરુદેવની આ અદ્ભુત ચેષ્ટા જોઈ બાજુમાં બેઠેલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ પ્રાર્થના કરી પૂછ્યું કે, ‘‘દયાળુ, મહારાજ સાથે શું વાત કરો છો ?’’ ત્યાં તો ગુરુદેવ કશું બોલ્યા વિના પડખું ફેરવી કીર્તન ગાઈ રહેલા સંતો-હરિભક્તોને જોઈ બોલ્યા, ‘‘તમે બધા ઓરા આવો. હા... પછી કીર્તન બોલજો.’’ બધા નજીક આવ્યા એટલે ગુરુદેવે પ્રસન્ન મુદ્રાએ વાત કરવા માંડી, ‘‘સાંભળો, અમે મહારાજ-બાપાને કહેતા હતા કે મહારાજ-બાપા, સમય બહુ પાકી ગયો છે. આપની સર્વોપરી ઉપાસના ને અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તનનો સમય હવે પાકી ગયો છે. ક્યાં સુધી બેસી રહેશો ? અમે મહારાજને મીઠો ઠપકો આપતા હતા.’’

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ ફરી પૂછ્યું, ‘‘બાપજી, પછી મહારાજે શું કહ્યું ?’’ ‘‘જોજો તો ખરા... જોજો તો ખરા... સમગ્ર વિશ્વમાં સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસના ને અનાદિમુક્તની સ્થિતિ પ્રવર્તશે. ૨૦૦-૫૦૦ વીઘાંનાં મોટાં મોટાં સંકુલો થશે.’’ ગુરુદેવે બોલતાં બોલતાં અચાનક મૌન ગ્રહી લીધું.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ પૂછ્યું, ‘‘બાપજી, પછી શું થશે ?’’

ગુરુદેવ એ વખતે એક જ શબ્દ બોલ્યા,

‘‘સ્વામી, આ બધું તમારા દ્વારા થશે... મહારાજ તમને નિમિત્ત કરશે. અમારે વાંહે હવે કાંઈ ચિંતા નથી. અમને તમે ચિંતા રહેવા દીધી નથી. તેથી મહારાજ-બાપા પણ તમને કોઈ ચિંતા નહિ રહેવા દે.’’


વળી, ગુરુદેવે અનેક વાર પ્રસંગોપાત્ત જાહેરમાં કે એકાંતમાં વ્હાલા ગુરુજીને કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરવાની ભલામણ કરી છે.

તા. ૫-૬-૨૦૧૧ના રોજ ઈસનપુર મંદિરના રજત ઉત્સવ અને એસ.એમ.વી.એસ. રજત ગૌરવ દિન નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. ઈસનપુર મંદિરથી નીકળેલી શોભાયાત્રા ભાદુઆતનગરથી આગળ ઈશ્વરનગર ચાર રસ્તા પર પહોંચી હતી. સંધ્યાકાળે ટ્રાફિકનો સમય હોવાથી સલામતીના ડ્રેસમાં સુસજ્જ સ્વયંસેવકો લાકડી, સિસોટી લઈ રોડ ઉપર ટ્રાફિક કંટ્રોલ કરાવી રહ્યા હતા. ગુરુદેવ જે સ્પૉટમાં બિરાજ્યા હતા તેની આગળ પંચમહાલના હરિભક્તો ગપૂલી નૃત્ય કરી રહ્યા હતા. તેમની આગળ ઉત્સાહી યુવકોની બૅન્ડ ટીમ હતી. ચારેબાજુ ઉદ્‌ઘોષભર્યું વાતાવરણ હતું. તે જોઈ ગુરુદેવ માર્મિક હસ્યા અને બાજુમાં બિરાજેલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને કહ્યું, ‘‘જો સ્વામી, આ બધાને કાર્યનું કેવું તાન છે ! કોઈને શિખવાડવું પડે છે ? સત્સંગ વધારવા એય જરૂરી છે પણ જો હમણાં મૂર્તિમાં જોડાવાનું કહીએ તો ? ધ્યાન-ભજન કરવાનું કહીએ તો ? કોઈને પાટો ન ગોઠે. આ બધો કાર્યનો માર્ગ છે. ખરો સત્સંગ તો કારણ સત્સંગ છે. આપણે એ વધારવાનો છે. કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવાનો છે. અઘરું છે, કાઠું પડે પણ સ્વામી, મહારાજ તમને એના માટે જ લાવ્યા છે. તમારે એ જ કરવાનું છે.’’

આમ, ગુરુઆજ્ઞાને તથા ગુરુસંકલ્પને શિરોધાર્ય કરી વ્હાલા ગુરુજીએ પરભાવી કારણરૂપ અનાદિમુક્તોના સર્જનનો નવયુગ આરંભ્યો. એમાંય જે હેતુથી પોતાનું આ બ્રહ્માંડમાં પ્રાગટ્ય હતું તેના કાર્યનો આરંભ કરવાની પ્રબળતા અજબની જણાય. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ આ કારણરૂપ સંકલ્પયાત્રાનો કેવો વેગવંતો વિકાસ આરંભ્યો તે જોઈએ આગામી લેખમાં.



બ્રહ્મજ્ઞાન પ્રદાતા એટલે ગુરુદેવ પ.પૂ. બાપજી.



# સંકલ્પયાત્રાનો વેગવંતો વિકાસ

"મારા શરણે આવ્યા છે તે અનંત જીવોને બ્રહ્મરૂપ કર્યા છે અને હજુ પણ માયાનું બંધન તોડીને અનંતને બ્રહ્મરૂપ કરવા છે. અમે ભક્તો માટે દેશોદેશ મહાઉત્સવ કરીએ છીએ. સંતો-ભક્તોને ભેળા કરીએ છીએ. તે સૌનું કોઈ દર્શન કરે એ પણ બ્રહ્મરૂપ થાય, એવો અમારો સંકલ્પ છે. અમારો સંકલ્પ સત્ય હોય છે. બીજું બધું અસત્ય થઈ જાય. અમારા સંકલ્પ પાસે કાળનું જોર ચાલતું નથી. કાળ પણ થર થર ધ્રૂજતો રહે છે."

- શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૩, તરંગ-૪૯

ગોંડલના રાજા હઠીસિંહ જેમને શ્રીહરિએ સુરા અને સુંદરીથી પાછા વાળી અધ્યાત્મ માર્ગે આગળ વધારતાં ઉપરોક્ત ઉપદેશ વચન કહ્યાં હતાં.

અનંતનું માયા કહેતાં દેહભાવનું બંધન તોડાવીને અનંતને બ્રહ્મરૂપ કહેતાં મૂર્તિરૂપ કરવાનો શ્રીહરિનો સંકલ્પ વર્તમાનકાળે સોળે કળાએ ખીલી રહ્યો છે. જેને યાવદ્ચંદ્રદિવાકરૌ અમર કરનાર યુગપુરુષ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વિશ્વવ્યાપી કરી રહ્યા છે.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના દેહ-આત્માની વિક્તિ નોખી સમજાવી અનાદિમુક્તની સ્થિતિ કરાવવાના આગ્રહ વિષે ગુરુદેવ પ.પૂ. બાપજી કહેતા, "સ્વામી આ ફેરે કોથળી તોડી જ નાખશે ને દૂધ જુદું પાડશે જ. કેળું ને છાલ પણ નોખાં કરી નાખશે અને ચશ્માંનું બૉક્સ તો સાવ તોડી નાખશે. સ્વામી તો અવરભાવનો ભૂકો બોલાવી દેશે. જોજો તો ખરા... આ સ્વામી અનાદિમુક્તની સ્થિતિના ડંકા વગાડશે... ઝીંકો પાડશે... આ સ્વામી બધાયને સ્થિતિ કરાવવા જ આવ્યા છે."

ગુરુજીની સંતો-હરિભક્તો સાથેની ગોષ્ઠિ હોય કે સભા, ઠાકોરજી જમાડતા હોય કે પછી ભવિષ્યનું આયોજન કરતા હોય તેમાં પરભાવી આગ્રહનાં સહેજે દર્શન થાય :

"અમારે માત્ર મંદિરો નથી વધારવાં, કેવળ સંતો-હરિભક્તોની સંખ્યા નથી વધારવી. અમારે તો હાલતાં-ચાલતાં ચૈતન્ય મંદિરોની વણઝાર ઊભી કરવી છે. આ ધણીનો સંકલ્પ છે."

"આપણે અનાદિમુક્ત શબ્દ નહિ, અનાદિની સ્થિતિ વિશ્વભરમાં પ્રવર્તાવવી છે. સ્થિતિનો રાજમાર્ગ શરૂ કરવો છે."

"જેમ ગુરુદેવ પ.પૂ. બાપજીએ ઉપાસનાની બાબતમાં જરીયે કાચું રહેવા દીધું નથી તેમ અમારે અનાદિમુક્તની સ્થિતિની બાબતમાં જરીયે કાચું રહેવા દેવું નથી."

"બાપાશ્રીના સાંનિધ્યમાં મૂર્તિમાં રમનાર સ્થિતિવાળા પાત્રોની વણઝાર ઊભી થઈ હતી તેમ અમારે વર્તમાન સમયે એવા અનંત અનાદિની સ્થિતિવાળા પાત્રોની વણઝાર સર્જવી છે. આ જ અમારી રાત્રિ-દિવસની ઝંખના છે. આ અમારો છેલ્લો સંકલ્પ છે, છેલ્લું સ્વપ્નું છે. આવાં પાત્રો તૈયાર થશે તે'દી અમે અંતરથી ખૂબ રાજી થઈશું. અમારા હૈયે હરખ સમાતો નહિ હોય. અમારું આ બ્રહ્માંડમાં આવ્યું લેખે લાગ્યું ગણીશું."

"કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે, થશે ને થશે જ - ગુરુદેવના દિવ્ય મુખકમળમાંથી સરેલો આ સંકલ્પ અમને રાત્રિ-દિવસ ભુલાતો નથી. અડધી રાત્રે ઊંઘ ઉડાડી દે છે. ગુરુદેવનો આ સંકલ્પ એ જ અમારો સંકલ્પ છે. આ સંકલ્પને પૂર્ણ કરવા જ અમે રાત્રિ-દિવસ દેહ સામું જોયા વિના દાખડો કરીએ છીએ. આ સંકલ્પ પૂર્ણ થશે ત્યારે મહારાજ, બાપા, ગુરુદેવ કેટલા રાજી થશે ! અને અમે તો ખૂબ ખૂબ રાજી થઈશું. હવે ધીરજનો અંત આવ્યો છે. આ ફેરે આ સંકલ્પ પૂર્ણ કરવાની અતિશે પ્રબળતા છે."

•••

શ્રીહરિના તથા ગુરુદેવના અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તનના મૂળ સંકલ્પને સાકાર સ્વરૂપ આપવા જ વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનું પ્રાગટ્ય છે તે સહેજે બાલ્યાવસ્થાથી જણાઈ આવતું. તેઓનો બાલ્યકાળ પૂર્ણ પરભાવમગ્ન હતો. તેથી તેઓમાં મુક્તસ્થિતિનાં દર્શન સહજ થતાં. એક મૂર્તિ સિવાય બધેયથી વિરક્તિ વર્તતી. બાલ્યકાળથી જ શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરવાની સહજ રુચિનાં દર્શન થતાં.

તેઓ માત્ર ૮ વર્ષના હતા ત્યારથી જ કલ્પના સૃષ્ટિમાં પરભાવી સમાજનાં કલ્પના ચિત્રો દોરતા કે, 'અમે સાધુ થઈશું ત્યારે અમારા જોગમાં રહેલા સંતો અને હરિભક્તો આવા હશે ! મૂર્તિરૂપ થઈ મૂર્તિમાં વિહરનારા હશે ! અનાદિમુક્તની સ્થિતિ પામી અનંતને પમાડે એવા હશે.'

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી અવરભાવમાં ધોરણ-૭માં અભ્યાસ કરતા ત્યારે રિસેસના સમયે વિદ્યાર્થીઓને બોલાવી વર્ગખંડમાં બેસાડતા. પછી કહેતા, "હવે બધા આંખો મીંચી હું જેમ ધ્યાન કરાવું તેમ બધાએ મનમાં ધારવાનું." એમ કહી 'તેજના સમૂહમાં, શ્રીજી દર્શન નવલાં દે છે રે...' ધ્યાનનું પદ

વિદ્યાર્થીઓ પાસે ઝિલાવડાવતા. તેઓની સર્વોત્તમ અધ્યાત્મ સ્થિતિથી શાળાના માસ્તરો પણ પ્રભાવિત થઈ જતા.

ઈ.સ. ૧૯૭૬માં પ.ભ. શ્રી પનુભાઈ સોનીના ઘરે તેમના દીકરા ફાલ્ગુનભાઈના જન્મદિવસ નિમિત્તે પૂર્વાશ્રમના મોટા ભાઈ જગદીશભાઈ નંદાણી સાથે જવાનું થયેલું. બર્થ ડેના પ્રોગ્રામમાં ભેગા થયેલા પરિવારોના સભ્યોને બેસાડી અડધો કલાક 'તેજના સમૂહમાં' પદ ઉપર ધ્યાન કરાવ્યું. તેઓની આ દિવ્ય રીતિથી સૌ કોઈને તેમની મુક્તસ્થિતિનો અનુભવ થતો.

બાલ્યાવસ્થાથી ત્યાગી દીક્ષા લીધી ત્યાં સુધી અવારનવાર પાટડી સદ્. મુનિસ્વામીનો જોગ-સમાગમ કરવા જતા. સદ્. મુનિસ્વામીના દિવ્ય સાંનિધ્યમાં સ્વામીની સાથે પોતે પણ ધ્યાનસ્થ અવસ્થામાં બેસી મૂર્તિસુખમાં ઊંડા ઊતરી જતા. રાત્રે કલાકો સુધી ધ્યાન કરી સ્વામીનો અપાર રાજીપો પ્રાપ્ત કરતા. ઘણી વાર સદ્. મુનિસ્વામી તેમના ધ્યાનના આગ્રહને જોઈ રાજી થઈ છાતી સરસા ચાંપી લેતા.

કિશોરાવસ્થામાં રાત્રે અભ્યાસકાર્ય બાદ સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાતોનું વાંચન કરી સ્વામીના પરભાવી આગ્રહને ઝીલી આખી રાત મનન કરતા. તે વાત બાબતે સદ્. ગુણાતીતાનંદ સ્વામી સાથે પરભાવમાં ગોષ્ઠિ પણ કરતા. સ્વામીની વાતમાં આવે છે કે, "શું કરીએ અક્ષરધામમાંથી પોટલાં લઈને આવ્યા છીએ પણ છોડાવનાર કોઈ નથી." આ વાતનું વાંચન કરી તેઓ આખી રાત રડતા અને મહારાજ તથા સ્વામીને પ્રાર્થના કરતા કે, "આ ફેરે પોટલાં પાછાં લઈ જવાં નથી. પોટલાં છોડીને અનંતને મૂર્તિરૂપી માલ આપીને રહેવું છે. આ ફેરે ઈતિહાસનું પુનરાવર્તન નથી થવા દેવું પરંતુ ઈતિહાસ બદલવો છે. મહારાજ ! કૃપા કરજો." પ્રથમથી જ આ સંકલ્પથી જેમનું પ્રાગટ્ય હતું. એમાંય પરભાવી સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીનો ભેટો થયો પછી તો જ્ઞાન-ધ્યાનના મજરા અને સંકલ્પની પ્રબળતા વિશેષતઃ વિકાસ પામી.

લાંબેશ્વરની પોળમાં રાત્રે ૧૨ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી સળંગ કડકડતી ઠંડીમાં ગરમ શાલ ઓઢ્યા વિના જ ધ્યાનમાં એવા મૂર્તિસુખમાં ઊંડા ઊતરી જતા કે અવરભાવમાત્રનો ખ્યાલ સુધ્ધાં રહેતો નહીં.

ઈ.સ. ૧૯૮૦માં મુક્તરાજ ગુરુદેવ પ.પૂ. બાપજી પાસે સંત દીક્ષા લેવા આવ્યા. સોનામાં સુગંધ ભળી. બંને સિંહપુરુષોનું મિલન થતાં સંપ્રદાયની કાયાપલટ થવાનો દિવ્યારંભ થયો.

જીવનપ્રાણ બાપાશ્રીએ ભાગ-૧ની ૧૩મી વાતમાં કહ્યું છે કે, "મહારાજની મરજી વિના મહારાજના ગુણ કે જ્ઞાન કે મૂર્તિ કોઈ મુક્તથી આપી શકાય નહીં. એ તો શ્રીજીમહારાજે સંકલ્પ કરીને જે મુક્તને મૂક્યા હોય તેને પોતાના સુખની કૂંચી આપી હોય તે મુક્ત શ્રીજીમહારાજના જેટલું કામ કરે. શા માટે જે, શ્રીજીમહારાજનો સંકલ્પ છે." વર્તમાનકાળે શ્રીજીમહારાજનો આ દિવ્ય સંકલ્પ એટલે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી.

તા. ૧૮-૧૨-૧૯૮૦ ને સંવત ૨૦૩૬ના માગશર સુદ એકાદશીના રોજ સાંજે ૪ વાગ્યે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો ભાગવતી દીક્ષા વિધિનો પ્રસંગ યોજાયો હતો. દીક્ષા વિધિના મંગલ દિને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના નેત્રમાં અશ્રુધારા જોઈ ગુરુદેવે કહ્યું, "સ્વામી, આવા મંગલ દિને તારી આંખમાં આંસુ કેમ ?" ત્યારે ગુરુજીએ કહ્યું, "બાપજી, આપને તો બધી ખબર જ છે." ત્યારે ગુરુદેવે કહ્યું, "મને તો ખબર છે પણ તું અહીં ઉપસ્થિત બધાને કહે કે તારી આંખમાં આંસુ કેમ છે ?" ત્યારે ગુરુજીએ વાત કરી કે, "અત્યારે પ્રતિમા મૂર્તિમાંથી સ્વયં ઘનશ્યામ મહારાજે પ્રગટ થઈ દીક્ષા વિધિમાં પધારી, મને ખોળામાં બેસાડી, પોતાના ભાલમાંના કંકુ વડે ચાંદલો કર્યો. પોતાના કંઠમાંનો હાર મને પહેરાવ્યો અને ભગવી ચૂંદડી ઓઢાડી દીક્ષા આપી કહ્યું કે, 'આ દીક્ષા અમે તને આપીએ છીએ અને તું જીવોના મોક્ષસંબંધી જે જે સંકલ્પો કરીશ તે બધા સત્ય થશે માટે આજથી તારું નામ સત્યસંકલ્પદાસજી.' એવાં વચન બોલી નામ પાડ્યું." સભામાં ઉપસ્થિત કેટલાક હરિભક્તોને આ દિવ્ય લીલાનાં પ્રત્યક્ષ દર્શન થયાં હતાં. તેમને ગુરુજી પ્રત્યે અપાર અહોભાવ થયો કે વર્તમાનકાળે સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્વયં શ્રીહરિ દીક્ષિત કોઈ સંત હોય તો આ સત્યસંકલ્પદાસજી સ્વામી છે. અનંતના આત્યંતિક મોક્ષ કરી અનાદિમુક્તની સ્થિતિ પમાડવાસંબંધી શ્રીહરિના સંકલ્પને પૂર્ણ કરવાનો રાજમાર્ગ ખૂલ્યો ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દ્વારા.

સંત દીક્ષા બાદ પ્રથમ દિવસથી જ સંસ્થાના વહીવટી વિકાસની સેવામાં જોડાઈ કારણલક્ષી વિકાસની જેહાદ જગાવી.

ગામોગામ વિચરણ કરી મહારાજના મહિમાની, આત્મનિષ્ઠાસંબંધી જ્ઞાનની અને પરભાવની વાતોની છાંટ નાખી પરભાવનું બીજારોપણ કરવા માંડ્યું.

ઈ.સ. ૧૯૮૨માં મેથાણના મણિભાઈ કોઈ કામ અર્થે અમદાવાદ આવેલા. લાંબેશ્વરની પોળમાં તેઓ રાત રોકાયેલા.

અનાદિની સ્થિતિનું દાન કરનાર અનુભવી સત્પુરુષ એટલે વ્હાલા ગુરુજી.

તેમના એક સગા ત્યાં મૂર્તિ બનાવવાનું કામ કરતા હતા. તેમણે વાત કરી કે, "અહીં ઘનશ્યામનગરના સંતો સવારે સભા કરવા આવે છે. ખૂબ સારી કથા કરે છે." આ સાંભળી મણિભાઈએ સભામાં બેસવા રુચિ જણાવી. એ દિવસે વ્હાલા ગુરુજી સભામાં પધાર્યા હતા. મણિભાઈને પ્રથમ વખત જોઈ ગુરુજીએ પૂછ્યું, "કયા ગામના ?" તેમણે ઉત્તર આપ્યો, "મેથાણ." ગુરુજીએ ફરી પૂછ્યું, "તમારું નામ ?" તેમણે ઉત્તર આપ્યો, "મણિભાઈ." ગુરુજીએ મર્મમાં પૂછ્યું, "ક્યાં લખેલું છે મને બતાવશો ? તમારું નાક, કાન, આંખ, મોં તેમાં મણિભાઈ ક્યાં લખ્યું છે ?" મણિભાઈ કાંઈ સમજ્યા નહિ એટલે ગુરુજીએ વિવિધ દૃષ્ટાંત દ્વારા દેહ-આત્માની વિક્તિની જ્ઞાનવાર્તા સમજાવી. આમ, એ દિવસોમાં પણ આ જ આગ્રહ હતો.

આ જ્ઞાનવાતોનું વિશાળ પાયે બીજારોપણ કરવા શીલજ ખાતે, પછી દર વર્ષે મહેમદાવાદ ખાતે સંસ્કાર શિબિરોમાં ખૂબ ઊંચો લાભ આપતા. સાત-આઠ કે દસ દિવસની શિબિરમાં નિષ્ઠાની, પંચવર્તમાનની દૃઢતાની તથા દેહભાવને ખંડનાત્મક વાતો કરી દેહાધ્યાસ પર પ્રહાર કરતા અને આત્મ સ્વરૂપની પિછાણ કરાવતા.

ઈ.સ. ૧૯૯૭-૯૮માં સ્વામિનારાયણ ધામની જગ્યા જોવા માટે ગુરુદેવ તથા ગુરુજી કેટલાક સંતો-હરિભક્તોને સાથે લઈને પધાર્યા હતા. વિશાળ જગ્યા તથા ફળદ્રૂપ જમીન જોઈ હરિભક્તોમાંથી કોઈ બોલ્યું, "સ્વામી, અહીં જો કાકડી, ઘઉં, કંદમૂળ વવાય તો મબલક પાક થાય." ત્યારે વ્હાલા ગુરુજીએ કહ્યું, "ભાઈ, અહીં તો અનંત અનાદિમુક્તોનો પાક લેવાનો છે." એના પ્રતીક રૂપે જ આજે સ્વામિનારાયણ ધામના દરવાજામાં પ્રવેશતાં જ અક્ષરધામ મધ્યે મહારાજ બિરાજ્યા છે અને અનંત અનાદિમુક્તો ધ્યાનસ્થ અવસ્થામાં બિરાજેલા હોય તેવો ભવ્ય સ્પૉટ વિદ્યમાન છે.

આમ, સંસ્થામાં ગુરુજીએ જે કાંઈ કર્યું તે કેવળ કારણ સ્વરૂપની પ્રધાનતા હેતુ જ કર્યું. જે સંતો-હરિભક્તોની કારણ મૂર્તિમાં જોડાવાની પાત્રતા વધારવાના જ પ્રયોગો બની રહ્યા છે.

ઈ.સ. ૨૦૦૬માં વાસણા ખાતે દિવ્યજીવન સેવક પ્રથાનો પ્રારંભ કર્યો. ઈ.સ. ૨૦૧૧થી સ્વામિનારાયણ ધામની સંકલ્પભૂમિ ઉપર આદર્શ યુવાનો અનાદિમુક્તની સ્થિતિના માર્ગે આગળ વધે તે માટે આદર્શ યુવા કૅમ્પો આરંભાયા. ઈ.સ. ૨૦૦૭થી દર દિવાળીએ પાંચ દિવસના બ્રહ્મવિદ્યાના અખાડા સમાં જ્ઞાનસત્રો આરંભ્યાં. કોરોનાકાળમાં જગત આખું ભયથી કાંપતું હતું એ વખતે પણ લૉકડાઉનને નૂતન આયામ આપી સંતો-હરિભક્તોને સ્થિતિના માર્ગે વિશેષ આગળ વધાર્યા હતા. આ દરમ્યાન જ વિશેષ પુષ્ટિ કરવા બ્રહ્મચર્યના માર્ગે ચાલેલા મુમુક્ષુમુક્તોનો ૧૦ દિવસીય પ્રિ-મુમુક્ષુ કૅમ્પ, દર વર્ષે બે વખત યોજાતી ૧૦-૧૨ દિવસીય સંત શિબિરો તથા ધ્યાન કુટિરોનું આયોજન પણ કર્યું હતું. આ ઉપરાંત અત્યારે જ્ઞાન-ધ્યાન ચિંતન, નિમગ્નપણું, નિજદર્શન ડાયરી લેખન, ગુણલેખન આદિ પ્રૉજેક્ટ આપી દેહભાવનું નિકંદન કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સંપ્રદાયમાં અત્યાર સુધી ઘણા સદ્‌ગુરુઓએ આ જ્ઞાન મુમુક્ષુઓને પીરસ્યું. સંતો-હરિભક્તોને પ્રતિલોમ ધ્યાનનો માર્ગ ચીંધ્યો પરંતુ વિશાળ પાયે મોટા સમૂહમાં આ પ્રતિલોમ સાધના માટેનો માહોલ તથા લાંબાગાળા સુધી આ જ ધ્યેયપૂર્તિ થાય તેવું એકાંત પ્લૅટફૉર્મ આજ સુધી નથી અપાયું. વ્હાલા ગુરુજીએ ૧૦, ૧૨, ૧૫ દિવસ કાર્યને ગૌણ કરી-કરાવી સંતો-હરિભક્તોને કારણરૂપ કરવા, કારણપ્રધાન કરવા, પ્રતિલોમ સાધનાનો રાજપથ શરૂ કરવા ધ્યાન કુટિરોનું આયોજન કરાવ્યું. જેમાં સંપૂર્ણતઃ મૌન, આંતરમુખતા, સંયમ, એકાંતે મહારાજને પ્રાર્થના, માળા, કીર્તનગાન, વાંચન-મનન, એક આસને ધ્યાન સિદ્ધ કરી સ્વ-સ્વરૂપનું નિરુત્થાનપણું તથા મૂર્તિ સાથે તદાત્મકપણું કેળવવાનો સતત અભ્યાસ કરાવી પાત્રતાની પારાશીશી વધારતા ગયા છે. મૂર્તિસુખનો આસ્વાદ ચખાડી તેને પ્રાપ્ત કરવાની લાલચ જગાવી છે. 'મારે એક મૂર્તિનું સુખ જ જોઈએ છે, મારે અનાદિમુક્તની સ્થિતિ છતે દેહે પામવી જ છે' – આવી જીવનધ્યેયની દૃઢતાવાળા અનેક મુમુક્ષુ પાત્રોનું જેમના દ્વારા સર્જન થયું છે. ગુરુજીએ કરેલ આ અજોડ ક્રાંતિ સંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈ છે.

વળી, શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૧૩મા વચનામૃતમાં કહ્યા પ્રમાણે, "આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ આ વાત સમજ્યામાં આવે છે." એ ન્યાયે વચનામૃતમાં પાને પાને સર્વોપરી ઉપાસના તથા અનાદિમુક્તની સ્થિતિસંબંધી વાતો લખી છે પરંતુ એ તો એનો ગૂઢાર્થ સમજાવનારા મળે તો જ સમજાય.

સદ્. વૃંદાવનદાસજી સ્વામીએ આના અનુસંધાનમાં ૧૪૩મી વાતમાં એક સચોટ વાત કરી છે કે, "જ્યાં સુધી દેહરૂપ

હોય ત્યાં સુધી વચનામૃતના અર્થ બધા દેહરૂપમાં જ સમજાય અને પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામીને મહારાજના સુખે સુખિયા થાય ત્યારે બધા શબ્દના અર્થ પુરુષોત્તમની મૂર્તિમાં પહોંચે. તે કેવી રીતે ? તો, વિવાહના ધોળ (ગીતો) ગવાય ત્યારે રાજાના માણસ હોય તે રાજાને દેખાડવા ગાય અને ગરીબ માણસ ધોળ ગાય તેમાં વચન તો બધાં રાજા જેવાં જ બોલે પણ નિશાન એના છોકરા ઉપર હોય. એમ સૌ સૌનાં નિશાન ઉપર નજર હોય તે બોલવાથી ખબર પડે કે આ પુરુષોત્તમરૂપ છે અને આ દેહરૂપ છે. વચનામૃતમાં મહારાજે કેટલુંક તો સાધનદશાવાળાને સમજાવવા કહ્યું હશે તોપણ અંતે મૂર્તિના સાધર્મ્યપણાને પમાડવા માટે જ હશે. એમ સાધનદશાવાળા અને સિદ્ધદશાવાળાને સમજવામાં શબ્દ તો બરોબર હોય પણ સૌ સૌની સ્થિતિમાં સમજાય. આવી વાત તો મહારાજે જેને મૂર્તિમાં રાખ્યા હોય તે જ બરાબર સમજે.''

અર્થાત્ મહારાજે જે જે વાત કરી છે તે સાધનિક મુમુક્ષુને સમજાવવા કરી છે છતાંય અંતે તે શબ્દો મૂર્તિના સાધર્મ્યપણાને પમાડવા કહેતાં અનાદિમુક્તની સ્થિતિ પમાડવા માટે જ વાપર્યા છે. જેની દેહ રૂપે વર્તનારને ગમ પડે નહિ, અનુભવી સત્પુરુષ જ તેને ઉકેલી સાચો અર્થ કરી આપે.

માટે વચનામૃતમાં અંકાયેલ અનાદિની સ્થિતિની વાતોને સ્પષ્ટ સમજાવી તેને ઉજાગર કરનાર અનુભવી સત્પુરુષ હોય તો વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી. કોઈ પણ વચનામૃત, વાત, કીર્તન, દૃશ્ય, પ્રસંગને અનાદિની સ્થિતિ સુધી પહોંચાડી મુમુક્ષુને સ્થિતિના માર્ગે ચાલવાની દિશા બતાવનાર અધ્યાત્મ ભોમિયા એટલે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી.

'આ દૃષ્ટિએ જે જે જીવ ચડે તેને બીજો જન્મ ધરવા દેવો નથી.' આમ, દૃષ્ટિ કે સંકલ્પમાત્રે અનંત જીવોના જન્મમરણનાં વિષચક્ર ટાળનાર કરુણામયી સત્પુરુષ એટલે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી.

જેમ બારે મેઘ ખાંગા થાય તેમ અવિરત મૂર્તિસુખની વાતો કરી મુમુક્ષુમાત્રને શાશ્વત સુખમાં ભીંજવનાર ઓલિયા પુરુષ એટલે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી.

જેઓના અલ્પ સાંનિધ્યમાં ઘાટ-સંકલ્પો વિરામ પામી જાય અને અલૌકિક શાંતિની અનુભૂતિ થાય એવા પરભાવી સ્વરૂપ એટલે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી.

આત્મા-પરમાત્માના સ્વરૂપના જ્ઞાનની ગંગોત્રી વહાવી, જ્ઞાન-ધ્યાનના મજરા કરાવી, આત્મા-પરમાત્મા સ્વરૂપનું મિલન કરાવનાર ક્રાંતિકારી સત્પુરુષ એટલે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી.

એક-બેને નહિ અનંતને અનાદિમુક્ત કરવાનો રાજપથ શરૂ કરવાની જબરજસ્ત નેમ લઈ હોલસેલમાં મૂર્તિનો વેપાર કરવાની નેમ લઈ મંડ્યા રહેનાર સમ્રાટ સ્વરૂપ એટલે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી.

સત્સંગી-બિનસત્સંગી, ત્યાગી-ગૃહી, દેશી-વિદેશી ધર્મ-સંપ્રદાયના વાડા મૂકી જેમના ચરણમાં બેસી મૂર્તિસુખની યાચના કરે છે એવા વર્તમાનકાળે મૂર્તિસુખ પ્રદાતા એટલે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી.

વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી એટલે...

કારણ સત્સંગને નવપલ્લવિત કરનાર દિવ્ય વિભૂતિ.

અનંતને અનિર્દેશ દુનિયામાં દોરી જનાર ભોમિયા પુરુષ.

અનંતકોટિ બ્રહ્માંડોને પોતાની દિવ્યતાથી ધ્રુજાવનાર સમ્રાટ પુરુષ.

રમતગમતમાં અનંતની દેહાદિક ગ્રંથિને હરનાર કરુણાવંત સ્વરૂપ.

બ્રહ્મસુષુપ્તિનાં તાળાં ઉઘાડવા અત્યંત આતુર સ્વરૂપ.

અનંતાનંતનું સંકલ્પમાત્રે સેવન કરનાર સલૂણું સ્વરૂપ.

સંકલ્પમાત્રે અનંતના ઘાટ-સંકલ્પોને વિરામ પમાડનાર નિર્દોષ મૂર્તિ.

યૂનિક પ્રતિલોમ સાધનાના રહસ્યને ખુલ્લું મૂકનાર પરભાવી મૂર્તિ.

અનાદિમુક્તની સ્થિતિના દાન દેનાર અનુભવી મૂર્તિ.

અનંતના દેહભાવને ક્ષણમાં ભસ્મ કરનાર દયાળુ મૂર્તિ.

બ્રહ્મવિદ્યા ભણાવનાર બ્રહ્મર્ષિ.


અનંત બ્રહ્મર્ષિઓની શૃંખલા સર્જનાર વિરલ ક્રાંતિકારી સત્પુરુષ.

## આગામી અંક અંગે ખાસ સૂચના

આથી સર્વે મુક્તોને જણાવવાનું કે એપ્રિલ-મે માસનું સામયિક સંયુક્ત વિશેષાંક રૂપે પ્રકાશિત થયેલ હોવાથી મે માસનું ઘનશ્યામ સામયિક પ્રકાશિત થશે નહીં. હવે પછીનું સામયિક જૂન-૨૦૨૪માં પ્રકાશિત થશે. જેની સર્વે વાંચકોએ ખાસ નોંધ લેવી.

અનંતને પોતાનાથી સવાયા કરવાનો નેમ લઈને પધારેલ સ્વરૂપ એટલે વ્હાલા ગુરુજી.







# સંકલ્પયાત્રાની પૂર્ણાહુતિનું પ્રથમ ચરણ
# અનાદિમુક્ત વિશ્વમ્

અહો કૃપાવંત બન્યું આ બ્રહ્માંડ... જ્યાં સર્જાઈ રહ્યું છે વિશ્વ નહિ, મહાવિશ્વમ્.
મહાશાળા બની રહી છે વિદ્યાની નહિ, બ્રહ્મવિદ્યાની, પ્રતિલોમ સાધનાની.
શ્રીહરિએ સંતોને ચલોડે ગામ આવતાં રસ્તામાં બ્રહ્મવિદ્યાનું મહાત્મ્ય ગાઈ બ્રહ્મવિદ્યા શીખવાની પ્રેરણા
કરતાં કહ્યું હતું કે, “વિદ્યાઓનો પાર નથી,પણ દુર્લભમાં દુર્લભ બ્રહ્મવિદ્યા કહી છે.
બ્રહ્મવિદ્યા ચિંતામણિથી અધિક છે. બ્રહ્મવિદ્યા સિદ્ધ કર્યા વિના શાંતિ થવાની નહીં...
સુખપ્રાપ્તિનું સાધન આ જ છે. એ વિના શાંતિ થતી નથી.”
- શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૧૪, તરંગ-૪

સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ પ્રકરણ-૩ની ૩૮મી વાતમાં કહ્યું છે કે, “વિદ્યાઓ તો ઘણી છે પણ ભણવા જેવી તો બ્રહ્મવિદ્યા છે, ને એમાં જ માલ છે, ને અંતે એમ કર્યા વિના છૂટકો નથી, પણ જીવ એ માર્ગે ચાલતા નથી.”

જીવનપ્રાણ બાપાશ્રીએ ભાગ-૧ની ૬૬ી વાતમાં એથીયે વધુ સ્પષ્ટતા સાથે જણાવ્યું છે કે, “મોટાને જોગે બ્રહ્મવિદ્યા ભણાય છે.”

બ્રહ્મવિદ્યા એટલે આત્મા-પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન અને મિલન કરવાની વિદ્યા અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિ.

અધ્યાત્મ માર્ગનું અંતિમ ચરણ એટલે અનાદિમુક્તની સ્થિતિ. આજથી ૨૪૩ વર્ષ પૂર્વે આ બ્રહ્માંડમાં શ્રીહરિના અવતરણ સાથે આ સંકલ્પયાત્રાની શરૂઆત થઈ હતી. ૨૪૩ વર્ષ દરમ્યાન આ સંકલ્પયાત્રાના અનેક આયામો આવ્યા.

આજે યાદ આવે છે એ ધન્ય દિવસ, સંવત ૧૮૮૦ના પોષ વદિ પડવાનો. જે દિવસે સ્વયં શ્રીહરિએ પ્રાસાદિક ભૂમિ ગઢપુર ઉપર પોતાના આશ્રિત મુનિ મંડળ, બ્રહ્મચારી, ગૃહસ્થ સત્સંગી, પાળા તથા અયોધ્યાવાસી સર્વેને સંબોધી પોતાના પ્રાગટ્યનો મૂળ સંકલ્પ જણાવતાં કહ્યું હતું કે, “જે જે અમારા કહેવાણા છો એમાં અમારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી.” એમ કહી સાવધાનીપૂર્વક વર્તવાનો આદેશ આપતાં કહ્યું, “માયિક ઉપાધિ થકી રહિત સત્તામાત્ર એવો જે આત્મા તે રૂપે થઈ ભગવાનની ભક્તિ કરો એવા સર્વેને કરવા છે. ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ રહે એવું રહેવા દેવું નથી.” અર્થાત્ અવરભાવમાત્રથી પર કરી અનાદિમુક્તની સ્થિતિ કરાવવી છે એવી પ્રબળતા જણાવી હતી.

આજે સ્મૃતિ થાય છે એ મંગલકારી દિવસ, ઈ.સ. ૧૯૮૦, ૧૮ ડિસેમ્બર, માગશર સુદ એકાદશીનો. આ દિને સ્વયં શ્રીજીમહારાજે સ્વસંકલ્પની પૂર્તિ કરવા દિવ્ય સ્વરૂપે પ્રગટ થઈ સ્વહસ્તે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને ભાગવતી દીક્ષા આપી સત્યસંકલ્પદાસજી નામ પાડ્યું.

આજે યાદ આવે છે સંવત ૨૦૭૮ના ફાગણ વદ બીજ, તા. ૯-૩-૨૦૨૩નો એ ઐતિહાસિક દિવસ જ્યારે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પૂ. સંતો સાથે આ સ્થાનનાં ભૂમિદર્શન માટે પધાર્યા હતા અને આશીર્વાદ વહાવ્યા હતા કે, **“આજનો દિવસ વિશ્વના આધ્યાત્મિક ઇતિહાસનો સુવર્ણ દિવસ છે. આજે મહારાજના ભવ્ય સંકલ્પનો પ્રારંભ થઈ રહ્યો છે. અમને તો મહારાજ બધું દેખાડે છે. વિશ્વમાં આત્મજ્ઞાનનાં સ્પિરિચ્યુઅલ સેન્ટર તો ઘણાં છે. પરંતુ આત્મા-પરમાત્માના મિલનનો વિશ્વકક્ષાનો ધર્મધુરંધર ધોરી માર્ગ આજે શરૂ થઈ રહ્યો છે. મહારાજનો અજોડ-યૂનિક સંકલ્પ અહીંથી સાકાર થશે. એક-બે નહિ, અનંત સંકલ્પ સ્વરૂપો અહીંથી તૈયાર થશે. અમારા જીવનનો આ મુખ્ય હેતુરૂપ સંકલ્પ છે. અહીંથી અનંત મનવારો ભરી ભરીને અનાદિમુક્તોનું સર્જન કરવું છે. આ કૅમ્પસમાં આવશે તેને વાસ્તવિક શાંતિનો અનુભવ થશે. એક વાર જે આ કૅમ્પસમાં આવશે તેને બહાર જવાની ઇચ્છા નહિ થાય. ગમે તેવો કામી-લોભી હશે, અંદર થનાર કામ માટે લાયક નહિ હોય તોય પણ આવતાંની સાથે લાયક થઈ જશે. અહીં આવતાંની સાથે ઘરડાનાં ઘડપણ જતાં રહેશે. જુવાનિયાની જુવાની જતી રહેશે. બાળકોની બાલ્યાવસ્થા જતી રહેશે અર્થાત્ દેહના ભાવો ખરી જશે. એ જ રીતે અમેરિકા, કૅનેડામાં પણ આવાં જ ૫૦૦ વીઘાંનાં કૅમ્પસ થશે. એસ.એમ.વી.એસ.નો આ સુવર્ણકાળ ચાલી રહ્યો છે. આમાં આજ સુધી નહિ જોયેલું બધું મહારાજ દેખાડશે.”**

આજે આનંદ આનંદ થાય છે એ ઐતિહાસિક પળોને વાગોળતા કે જ્ઞાનસત્ર-૧૭માં પૂરાં ૨૦૦ વર્ષ પછી સંવત ૨૦૮૦ના કારતક સુદ પાંચમ, તા. ૧૮-૧૧-૨૦૨૩ના મંગલકારી દિને શ્રીહરિના મુખ્ય સંકલ્પપૂર્તિના પ્રથમ ચરણ સમા સ્થાનનું ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સ્વયં શ્રીહરિ પાસે નામ માગ્યું :

**હે મહારાજ ! હે બાપા ! હે ગુરુદેવ !**<br>
**આપના દિવ્ય સંકલ્પનું રૂડું નામ તો આપો;**<br>
**ત્યારે સ્વયં શ્રીહરિ કહે છે,**<br>
**‘અનાદિમુક્ત વિશ્વમ્’ સ્થાપો.**

**પ્રશ્ન થાય,**

‘અનાદિમુક્ત વિશ્વમ્’ નામાભિધાન શા માટે ?

તેના ઉત્તરમાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું હતું કે,

**વિશ્વભરથી ખેંચશે, અનાદિમુક્ત કરવા મુમુક્ષુને,**<br>
**માટે અનાદિમુક્ત વિશ્વમ્;**<br>
**ખીલશે અનાદિમુક્તની સ્થિતિ વિશ્વમાં આ વિશ્વથી,**<br>
**એથી અનાદિમુક્ત વિશ્વમ્;**<br>
**બે-પાંચ-પચ્ચીસ નહિ, લાખો થશે અનાદિ,**<br>
**માટે અનાદિમુક્ત વિશ્વમ્;**<br>
**મહારાજ બાપા સાર્થક કરશે, આ અનાદિમુક્ત વિશ્વમ્.**

આજે અંતરે અહો અહોભાવ હિલોળા મારે છે. એ ગૌરવવંતા સંવત ૨૦૮૦, ફાગણ વદ એકમ, તા. ૨૫-૩-૨૦૨૪ના દિવસના સાક્ષી બનવા મળ્યું કે જે દિવ્ય દિને અનંતના અનાદિમુક્તની સ્થિતિના રાજમાર્ગ એવા ‘અનાદિમુક્ત વિશ્વમ્’નું શિલારોપણ થયું.

આ અનાદિમુક્ત વિશ્વમ્ માત્ર વિશાળ સંકુલોની રચના જ નથી. આત્મા-પરમાત્માના મિલનનું રચનાત્મક દિવ્ય રાજદ્વાર છે. અનાદિમુક્ત વિશ્વમ્ શ્રીહરિની સંકલ્પપૂર્તિનું સોપાન કેવી રીતે છે ? તે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સ્વમુખે તા. ૨૫-૩-૨૦૨૪ના રોજ શિલાન્યાસ પ્રસંગે જણાવ્યું હતું.

શ્રીહરિએ અનેક વચનામૃતમાં પોતાનાં રહસ્ય-અભિપ્રાય જણાવ્યાં છે. જેમ કે, ગ.પ્ર.૨૦મા વચનામૃતમાં પોતે પોતાના નિજસ્વરૂપને ઓળખવાનો આગ્રહ દર્શાવ્યો છે. એ મુજબ હું કોણ છું ? મને કેવો કર્યો છે ? આ સ્વ-સ્વરૂપને ઓળખી, તેનું નિરુત્થાનપણું કરી, એને અનુભવવા માટેની તીર્થભૂમિ એટલે જ અનાદિમુક્ત વિશ્વમ્.

ગ.પ્ર. ૩૨ મુજબ હજારો-લાખોને મૂર્તિરૂપી માળામાં વિરામ કરાવવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.

ગ.પ્ર. ૫૧ મુજબ અક્ષર થકી પર અક્ષરાતીત એવા પુરુષોત્તમની દૃષ્ટિ કેવી રીતે થાય ? તે શીખવા અને શીખવવા માટેનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.

ગ.મ. ૧૩ પ્રમાણે નિશ્ચય કરાવી ગ.મ.૧૪ પ્રમાણે નિરુત્થાનપણે સ્વ-સ્વરૂપનો નિશ્ચય કરાવી તદાત્મકપણું કરાવવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.

ગ.મ. ૪૫ પ્રમાણે સૌને તલમાત્ર કસરથી રહિત કરવા માટેનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.

ગ.છે. ૩૯ મુજબ આત્મા-પરમાત્માના સ્વરૂપની ઓળખાણ કરાવી તેનું મિલન કરવાનું, રોમ રોમપણે એકતા પામવાનું, વેગ લગાડવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.

અનંતના દેહભાવ ટળાવી છતે દેહે મૂર્તિસુખનો અનુભવ કરાવવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.

બાપાશ્રીના વચનાનુસાર ખરા થઈને મંડે તેને છ માસમાં મૂર્તિસુખના ધોધ વહેવડાવી અનુભવજ્ઞાન કરાવવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.

નિરંતર મૂર્તિના સુખમાં રમમાણ કરતા અનંત સ્વરૂપાનંદ સ્વામી અને અનંત પર્વતભાઈ સર્જવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.

જનકરાજા રાજ કરતા છતાં મન તો મોટા યોગી જેવું હતું તેવા અનંત વિદેહી પાત્રોનું સર્જન કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.

સૉક્રેટિસ કે જેમને દુન્યવી કોઈ ચીજ જોઈતી નહોતી. હું આત્મા છું, મારે પરમાત્મા સિવાય કાંઈ જોઈતું નથી એવા અનંત સૉક્રેટિસ સર્જવાનું સ્થાન અર્થાત્ આત્મભૂમિકામાં રહેનારાઓનું સર્જવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.

દુનિયાની કોઈ સ્થિતિ-પરિસ્થિતિમાં ન લેવાય એવી બ્રહ્મવિદ્યા શીખવવાનું અને સાર્થક કરાવવાનું દિવ્ય સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.

સમર્થ સદ્ગુરુઓના સંકલ્પને સાકાર કરવાની ભૂમિ એટલે અનાદિમુક્ત વિશ્વમ્.

ભીતર દર્શન અને આંતરયાત્રા (Inner Journy) કરી ઊંડાઈ પામવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.

આ અનાદિમુક્ત વિશ્વમ્ની ભૂમિમાં પ્રવેશતાં જ મહારાજ સૌને અદ્ભુત દિવ્ય શાંતિનો અનુભવ કરાવશે.

અનાદિમુક્ત વિશ્વમ્ એ માત્ર સ્થાવર તીર્થભૂમિ સ્વરૂપે નથી; અનંત જંગમ તીર્થ સમા અનાદિમુક્તોનો સાજ તૈયાર કરનાર સંકલ્પભૂમિ છે. મહારાજ અને મોટાપુરુષના સંકલ્પના પૂર્વાપર આયોજન રૂપે રોપાયેલા સંકલ્પનું વટવૃક્ષ છે. જેમાં જ્ઞાતિ-જાતિ, ત્યાગી-ગૃહીના ભેદભાવ ભૂલી સૌ લાભ લઈ શકે એવું બૉર્ડરલેસ વિશ્વ સર્જાશે.

શ્રીજીમહારાજે સંવત ૧૮૮૪ના અષાઢ વદિ ૯, તા.૧૭-૭-૧૮૨૭ ને બુધવારના રોજ ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં ભગવાનના અતિ દૃઢ ભક્તને કેવી સમજણ રાખવી ? તેની દિશા આપવા પોતાની સ્વાભાવિક રુચિ જણાવતાં કહ્યું હતું કે, “સ્વાભાવિક જીવમાં એવી રુચિ રહે છે જે શહેર હોય કે મેડી હોય કે રાજદરબાર હોય ત્યાં તો ગમે જ નહિ અને વન હોય, પર્વત હોય, નદી હોય, ઝાડ હોય, એકાંત ઠેકાણું હોય ત્યાં અતિશે ગમે છે. ને એમ જાણીએ છીએ જે એકાંતમાં બેસીને ભગવાનનું ધ્યાન કરીએ તો સારું, એવી સદાય રુચિ રહે છે... મુક્તાનંદ સ્વામી સંગાથે અમે એમ ઠરાવ કરી રાખ્યો હતો જે, મુંને રામાનંદ સ્વામીનું દર્શન કરાવો તો આપણે બે જણ વનમાં જઈને ભગવાનનું અખંડ ધ્યાન કર્યા કરશું અને કોઈ દિવસ વસ્તીમાં તો આવશું જ નહિ એમ મનનો ઠરાવ હતો તે હમણાં પણ મન એવું ને એવું જ વર્તે છે.”

- ગઢડા છેલ્લાનું ૧૩મું વચનામૃત

અવરભાવના જે પ્રકારના ભૌગોલિક સ્થાનમાં શ્રીહરિને રહેવાની સ્વાભાવિક રુચિ રહે છે. જ્યાં અખંડ બિરાજવું ગમે છે

તેવા શ્રીહરિના સંકલ્પનું વટવૃક્ષ, પરિકલ્પનાનું સાકાર સ્વરૂપ એટલે જ અનાદિમુક્ત વિશ્વમ્.

અનાદિમુક્ત વિશ્વમ્‌ની ચોતરફ વન-જંગલ છે. એક બાજુ સાંકરી નદી વહે છે, મધ્યમાં તળાવ અને ઝાડ અને એક તરફ ડુંગરની ટેકરીઓ છે. જે નિરંતર શ્રીહરિના સંકલ્પને ઝીલવા તત્પર છે.

આજે સ્મૃતિ થાય છે એ દિવસની જ્યારે વ્હાલા ગુરુજીએ આ દિવ્ય સંકલ્પનું હજુ નામાભિધાન પણ નહોતું કર્યું. ત્યારથી જ અનંતકોટિ બ્રહ્માંડોને તેમાં પ્રવેશ લેવા સંકલ્પ સભામાં અહાલેક કરી હતી.

"જેને આ બ્રહ્માંડમાં અનાદિમુક્તની સ્થિતિ પામવી હોય, જેને મૂર્તિનું સુખ જોઈતું હોય, જેને ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને માણવું હોય તે આવો... આવો... આવો..., પધારો... પધારો... પધારો... welcome... welcome... welcome... ભગવાન સ્વામિનારાયણનો આ વખતનો ભવ્ય ને પ્રચંડ સંકલ્પ છે. ધણીનો સંકલ્પ સોળે કળાએ ખીલી રહ્યો છે. એમાં આપણે ફાવી ગયા છીએ. ભગવાન સ્વામિનારાયણના સુખને જાણવું હોય, પામવું હોય અને માણવું હોય તો પધારો... પધારો... પધારો..."

"બ્રહ્મસુષુપ્તિમાં લીન થયેલા અનંતાનંત ચૈતન્યો અમને પોકારી રહ્યા છે કે, અમારો વારો ક્યારે આવશે ? આજે બ્રહ્મસુષુપ્તિમાં લીન થયેલા અનંતાનંત શુદ્ધ આત્માઓને અમે અહાલેક કરીએ છીએ કે, જો આપને ભગવાન સ્વામિનારાયણની દિવ્યાતિદિવ્ય મૂર્તિના સુખભોક્તા થવું હોય તો આવો... આવો..., પધારો... પધારો... પધારો... અમારી ઓપન ઑફર છે."

"આ બૉર્ડરલેસ વિશ્વ સર્જાવાનું છે. કોઈ પણ ધર્મના, કોઈ પણ સંપ્રદાયના અનુયાયીને ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનું સુખ લેવું હોય તેને અમારું હાર્દિક આમંત્રણ છે. અહીં કોઈ પણ ધર્મના મુમુક્ષુ અનુયાયી આવી શકશે અને જ્ઞાન-ધ્યાનના મજરા દ્વારા અનાદિમુક્તની સ્થિતિ પામી શાશ્વત સુખનો અનુભવ કરી શકશે."

"અહીં કોઈ સંસ્થાવાદ, ગાદીવાદના વાડા રાખવામાં આવશે નહીં. કોઈ પણ સંસ્થાના ત્યાગી હોય કે ગૃહી, તમામને માટે દ્વાર ખુલ્લાં રહેશે. માટે જેને અનાદિમુક્તની સ્થિતિ પામવી હોય તે આવો... પધારો... સ્વાગતમ્... સ્વાગતમ્... સ્વાગતમ્..."

આહાહા !! કેવું બૉર્ડરલેસ સ્વરૂપ !! ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી !!

જેઓને નથી નાત-જાત, ત્યાગી-ગૃહી, નાના-મોટા, દેશી-વિદેશી, શત્રુ-મિત્રના ભેદ કે વાડા !! આપ્યું છે જેમણે સમગ્ર બ્રહ્માંડના મુમુક્ષુ જીવોને અનાદિમુક્ત વિશ્વમ્‌માં પ્રવેશ લેવા આમંત્રણ. એવા દિવ્ય ગુરુજીએ કરી છે આપણ સૌ પર અનરાધાર કૃપાવર્ષા !! બનાવવા છે આપણ સૌને અનાદિમુક્ત વિશ્વમ્‌ના સંકલ્પના પ્રથમ હિસ્સેદાર !!

તા. ૨૭-૧૧-૨૦૨૩ના રોજ સ્વા. ધામના સતીષભાઈ નારણભાઈ પટેલ સપરિવાર જૂનાગઢ ગિરનારની તળેટી બાજુ તેમના સાળાને મળવા માટે ગયા હતા. તે વખતે રસ્તામાં એક ભગવાધારી સંન્યાસી તેમને મળ્યા. હિન્દી ભાષામાં પૈસાની માગણી કરવા લાગ્યા. સતીષભાઈનાં ધર્મપત્ની આશાબેન તેમને આપવા પાકીટમાંથી પૈસા કાઢતાં હતાં. એ દરમ્યાન પાકીટમાં રાખેલી વ્હાલા ગુરુજીની પ્રતિમા મૂર્તિને દેખતાં સંન્યાસી નાચવા લાગ્યા અને કહેવા લાગ્યા, "યે કૌન હૈ ? ઇનકી મૂર્તિ આપકે પાસ કૈસે હૈ ? મુઝે યે મૂર્તિ ચાહિએ. મુઝે દે દોના !" કહેતાં અડધા અડધા થઈ ગયા.



"સ્વાભાવિક જીવમાં એવી રુચિ રહે છે જે શહેર હોય કે મેડી હોય કે રાજદરબાર હોય ત્યાં તો ગમે જ નહિ અને વન હોય, પર્વત હોય, નદી હોય, ઝાડ હોય, એકાંત ઠેકાણું હોય ત્યાં અતિશે ગમે છે. ને એમ જાણીએ છીએ જે એકાંતમાં બેસીને ભગવાનનું ધ્યાન કરીએ તો સારું, એવી સદાય રુચિ રહે છે... મુક્તાનંદ સ્વામી સંગાથે અમે એમ ઠરાવ કરી રાખ્યો હતો જે, મુંને રામાનંદ સ્વામીનું દર્શન કરાવો તો આપણે બે જણ વનમાં જઈને ભગવાનનું અખંડ ધ્યાન કર્યા કરશું અને કોઈ દિવસ વસ્તીમાં તો આવશું જ નહિ એમ મનનો ઠરાવ હતો તે હમણાં પણ મન એવું ને એવું જ વર્તે છે."

- ગઢડા છેલ્લાનું ૧૩મું વચનામૃત

તેમણે કહ્યું, “આ તો મારા ગુરુ છે. તમે કેવી રીતે ઓળખો છો? આપ આ મૂર્તિનું શું કરશો?”

તેઓ બોલ્યા, “મૈં જબ પરમાત્મા કા ધ્યાન લગાતા હૂં તબ યે મૂર્તિ મુઝે ધૂંધલી ધૂંધલી સી દિખાઈ દેતી હૈ. ઈસલિયે મૈં ઈનકા કઈ સાલો સે ઇંતેજાર કર રહા હૂં. ઉન્હેં ઢૂંઢ રહા હૂં.” સતીષભાઈએ કહ્યું, “આપ મેરે સાથ ગાંધીનગર ચલો. મૈં ઉનકા પ્રત્યક્ષ દર્શન કરવાઉંગા.” ત્યારે સંન્યાસી બોલ્યા, “નહિ, અભી મુઝે ઉનકા બુલાવા નહિ આયા હૈ. જબ ઉનકા બુલાવા મુઝે આયેગા તભી મૈં આ પાઉંગા. એક દિન જરૂરાજરૂર આઉંગા.”

સંન્યાસીની વાત સાંભળી અંતરમાં એમ થાય કે તેઓ તો હજુ ગુરુજીના બુલાવાની રાહ જુએ છે, જ્યારે આપણને તો એ દિવ્યપુરુષ વારંવાર આવકારે છે. વગર પાત્રતાએ કેવળ બિરુદ જાણી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સંકલ્પમાં સમાવ્યા છે ત્યારે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પ્રતિ અંતરમાંથી ઉદ્‌ગારો સ્ફુરે છે...

બસ, ફાવી ગયા અમે આપના આ બિરુદમાં.
બસ, ફાવી ગયા અમે આપના આ સમામાં.
આપે ન જોયો અમારો Fail case;
રચી દીધો અમારા પર આપના સંકલ્પોનો base.
હવે લગાવવી છે અધ્યાત્મ માર્ગે દોડવાની rase;
નથી ગુમાવવો હવે આવો મળેલો Wonderful chance !!
કારણ કે અમને આપ્યો છે આપે First chance !!
કારણ... અમે છીએ આપનાં સંકલ્પ પાત્રો ખાસ.
પરંતુ ભૂલી ગયા છીએ અમે અમારો મુક્તાધ્યાસ.

આપે જણાવ્યું છે શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે કાઢીને ક્યાસ :


**“સત્સંગ મેં અબ આયો હૈ જે તે,**
**સંત-હરિજન બાઇઓ તે તે,**
**સબ હૈ મુક્ત અનાદિ એહી,**
**સો ભાવ અબ ભૂલ ગયે તેહી.”**

આપણે ખરેખર મહારાજના પ્રિ-પ્લાનિંગનાં સંકલ્પ પાત્રો જ છીએ. આપણે અનાદિકાળથી અનાદિમુક્ત જ હતા અને છીએ પરંતુ દેહભાવના યોગે પોતાના સ્વરૂપને ભૂલી ગયા છીએ. આપણા આ સાચા સ્વરૂપનું નિરુત્થાનપણું કરવા જ અનાદિમુક્ત વિશ્વમ્ સર્જાઈ રહ્યું છે. માટે હવે તેમાં ઍડમિશન લેવા સજ્જ થઈ જઈએ. કરવા મંડીએ તેની તૈયારી.

કોઈ મોટી વસ્તુને પામવા માટે કંઈક લાયકાત કેળવવી પડતી હોય છે. ઊંચી પોસ્ટ મેળવવા કોઈ પૂર્વતૈયારી કરવી પડતી હોય છે તેમ અનાદિમુક્તની સ્થિતિ પામવા અનાદિમુક્ત વિશ્વમ્‌માં ઍડમિશન લેતાં પૂર્વે ખાસ તૈયારી આજથી જ શરૂ કરીએ.

**૧. જીવનનો ધ્યેય નક્કી કરીએ – મારે ગુરુજીને રાજી કરી જ લેવા છે.**
**૨. મારે છતે દેહે મૂર્તિસુખ લેવા અનાદિમુક્તની સ્થિતિ પામવી જ છે.**
**૩. પંચવિષયમાંથી પ્રીતિ ટાળીએ.**
**૪. બહારવૃત્તિના ફેર ઉતારી આંતરમુખી થઈએ.**
**૫. દેહદૃષ્ટિ ટાળી દિવ્યદૃષ્ટિ કરીએ.**
**૬. મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિના નાતે જોડાઈએ.**
**૭. સકામ મટી નિષ્કામ બનીએ.**
**૮. આશા-તૃષ્ણા ઓછી કરીએ.**
**૯. આત્મભૂમિકાને સબળ બનાવીએ.**
**૧૦. મહારાજની મૂર્તિમાં રહેવાની ટેવ પાડીએ.**
**૧૧. મહારાજની મૂર્તિનું પ્રતિલોમ ધ્યાન કરીએ.**

પાત્રતા વધારવાના આ ચાવીરૂપ ઉપાયોની,
કરીએ પૂર્વતૈયારી અનાદિમુક્ત વિશ્વમ્‌માં પ્રવેશવાની,
પ્રથમ હિસ્સેદારોને છે અહાલેક ગુરુજીની,
સ્વાગતમ્... સ્વાગતમ્... સ્વાગતમ્...
અનાદિમુક્ત વિશ્વમ્‌માં આપણ સૌને કરે Welcome,
માટે જીવનને દિવ્ય બનાવવા તરફ જરા હવે માંડીએ કદમ.



# વ્હાલા ગુરુજીના મુખે વહેલ અનાદિમુક્ત વિશ્વમ્‌નો મહિમા

આજે એ એકાદશીની સંકલ્પ સભાઓની સ્મૃતિ થાય છે જેમાં શ્રીહરિના સંકલ્પની પૂર્તિ માટે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સંકલ્પો જણાવ્યા હતા. અનાદિમુક્ત વિશ્વમ્‌ના હેતુને સ્પષ્ટ કર્યા હતા.

અનાદિમુક્ત વિશ્વમ્ એ ખાલી જમીનો લેવા અને મોટી મોટી બિલ્ડિંગો બનાવવા માટે નથી. એ બાહ્ય ભપકા માટે નથી. આંતર ભપકો (આધ્યાત્મિકતા) વધારવા માટે છે. આંતર ભપકો વધારવા તરફ નજર રાખવી. (સંકલ્પ સભા : તા. ૩૧-૫-૨૦૨૩)

બાપાશ્રીએ આપેલા ‘છ મહિનામાં મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય’ આ કોલને સફળ કરવા, આપેલા આશીર્વાદની રચનાત્મક ભૂમિકા રચવા, એ વાતને જીવનમાં લક્ષ્યાર્થ કરવા, મૂર્તિનો સાક્ષાત્કાર કરાવવા માટે આગામી દિવસોમાં અનાદિમુક્ત વિશ્વમ્‌નો પ્રાદુર્ભાવ થશે. છ મહિનામાં ખરા થઈને મંડે એ મૂર્તિના સુખે સુખિયા થશે. મૂર્તિસુખના અનુભવની ગૅરંટીવાળો માલ અનાદિમુક્ત વિશ્વમ્‌માં શરૂ થશે. બાપાશ્રીનો સંકલ્પ સાકાર થશે. જોજો તો ખરા... જોજો તો ખરા... (સંકલ્પ સભા : તા. ૧૪-૬-૨૦૨૩)

છ મહિનામાં મૂર્તિ સિદ્ધ કરાવવાનું કામ અમારે અનાદિમુક્ત વિશ્વમ્‌માં જઈને કરાવવું છે. આ વખતે આ પાર કે પેલે પાર. નો રિપિટેશન, નો અધર ચાન્સ. જોજો તો ખરા... મહારાજ અને મોટાના સંકલ્પો સાકાર થશે. બાપા કહે છે આ દેહે શું ન થાય ? આ જોગમાં શું ન થાય ? જે કરીએ તે થાય. કારણ, જોગ એવો જોરદાર છે. સંકલ્પ એવો જોરદાર છે. બિરુદ જોરદાર છે એટલે આ વખતે બધું જ થાય. (સંકલ્પ સભા : તા. ૨૯-૬-૨૦૨૩)

મહારાજનો સંકલ્પ સાકાર કરવા અનાદિમુક્ત વિશ્વમ્ રચાશે. જ્યાં જ્ઞાન-ધ્યાનના સાગર ગર્જવાના છે. જે શ્રીજીમહારાજનું સ્વપ્નું હતું, જે બાપાશ્રીનું અને મોટા મોટા સદ્‌ગુરુઓનું સ્વપ્નું હતું, જે ગુરુદેવ પ.પૂ. બાપજીનું સ્વપ્નું હતું, જે અમારું એકમાત્ર છેલ્લું સ્વપ્નું છે એ અનાદિમુક્ત વિશ્વમ્ સાકાર ભૂમિકા લઈ રહ્યું છે. મહારાજ-બાપાનો સંકલ્પ જબરજસ્ત સાકાર ભૂમિકા લઈ રહ્યો છે.

(સંકલ્પ સભા : તા. ૧૩-૭-૨૦૨૩)

---

માત્ર કારણ સત્સંગને જ નહિ, સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયને આ અનાદિમુક્ત વિશ્વમ્‌માં આવવા માટે સ્વામિનારાયણ ભગવાનની ઑફર છે. હે મહારાજ, હે બાપા, હે ગુરુદેવ, જે સંકલ્પ લઈને આપ પધાર્યા છો એ અનાદિમુક્ત વિશ્વમ્‌માં એક-બે નહિ, લાખોને નહિ, અનંતાનંતને લાવી રોહાના કુંવરજીભાઈ, માથકના કલ્યાણસંગજીભાઈ જેવી સ્થિતિ કરાવજો. આ અનાદિમુક્ત વિશ્વમ્‌માં મોટાની દિવ્ય ઓરા (Divine Aura), એમનું સાંનિધ્ય, એમનો સંકલ્પ કામ કરશે. ખૂબ અઢળક ઢળશે.

(સંકલ્પ સભા : તા. ૨૬-૯-૨૦૨૩)

**નોંધ : પૂર્વે 'સ્પિરિચ્યુઅલ સેન્ટર' શબ્દ વપરાતો હતો તેને 'અનાદિમુક્ત વિશ્વમ્' શબ્દથી રિપ્લેસ કરેલ છે.**

## નૂતન સાહિત્યિક પ્રકાશન

**ગુરુદેવ પ.પૂ. બાપજીના ૯૨મા પ્રાગટ્યોત્સવ અને અનાદિમુક્ત વિશ્વમ્‌ના શિલાન્યાસ ઉપક્રમે વ્હાલા ગુરુજીના દિવ્ય હસ્તે ત્રણ નૂતન પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું હતું.**

### ગુરુદેવ પ.પૂ. બાપજીની એક દિવ્ય ગાથા

- યુગપુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્ય અવતરણ ગાથા.

- જીવનપ્રાણ અબજીબાપાશ્રીના દિવ્ય આશિષે... 'આધા હમારા...' સ્વરૂપની પ્રાગટ્ય ગાથા.

- શ્રીજીસંકલ્પની સેવામાં મળી સ્વ-પ્રતિકૃતિની ભેટ ગાથા.

- શ્રીજીમહારાજ દીક્ષિત દિવ્યપુરુષની દીક્ષા વિધિની ગાથા.

- ગુરુદેવના બાળપણની ગાથા; અદ્‌ભુત સામર્થ્યની ગાથા; બૃહત વૈરાગ્યની ગાથા; સર્વશ્રેષ્ઠ સાધુતાની ગાથા.

- એ દિવ્યપુરુષની દિવ્ય ગાથાની સત્ય ઘટનાઓની સ્મૃતિ છબી મુદ્રિત ગ્રાફિક્સ નૉવેલ.

### ગુરુદેવ પ.પૂ. બાપજીની અમૃત વાતો - ૨

- ગુરુદેવની દિવ્ય કથામૃતમાંથી ચૂંટેલી વાતોનો લઘુ ગ્રંથ.

- ગુરુદેવની નિરંતર સ્મૃતિ અને એમના પ્રત્યક્ષ સમાગમની અનુભૂતિ કરાવતી દિવ્ય વાતો.

- ગુરુદેવની કથામાં આવતા પ્રાસાદિક શબ્દો અને લઢણને મૂળસ્થાને રાખી ચૂંટેલી નાની નાની વાતોનું સંકલન...

- કારણ સત્સંગના જ્ઞાન, સિદ્ધાંત અને વર્તનની દૃઢતા માટેનું અનેરું બળ પૂરું પાડતી દિવ્ય વાતો.

### કીર્તન સરિતા (પૉકેટ)

**આ પૉકેટ કીર્તન સરિતાની વિશેષતાઓ :**

- ભગવાન સ્વામિનારાયણનો મહિમા સમજાવતાં નંદસંતો રચિત કીર્તનો.

- એસ.એમ.વી.એસ. દ્વારા પ્રકાશિત કીર્તનોનો સમન્વય.

- વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી રચિત તમામ કીર્તનોનો સમન્વય.

- સમગ્ર, અકારાદિ મુજબ તથા વિષય મુજબ એમ ત્રણ પ્રકારની અનુક્રમણિકા.

- કીર્તનોના અઘરા શબ્દોના અર્થ સાથે.

**પ્રાપ્તિસ્થાન : એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ મંદિરના તમામ બુકસ્ટોલ**






સ્વ-સ્વરૂપનું નિરુત્થાનપણું પામવાનું દિવ્ય સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.

# अनादिमुक्त विश्वम्
## શિલાન્યાસ તથા ૯૨મો પ્રાગટ્યોત્સવ



પૂર્ણ ચંદ્રના પ્રકાશે પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ સ્થિતિ પમાડવા તથા પૂર્ણ પુરુષોત્તમના પૂર્ણ સત્પુરુષ એવા ગુરુદેવ પ.પૂ. બાપજીના ૯૨મા પ્રાગટ્યોત્સવ અન્વયે બ્રહ્માંડોમાં પૂર્વે ન આવ્યો હોય એવો શ્રીજીમહારાજ તથા બાપાશ્રીનો અને ગુરુદેવ પ.પૂ. બાપજીનો સંકલ્પ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ પૂર્ણ કરવા અનાદિમુક્ત વિશ્વમ્‌નો શિલાન્યાસ કર્યો. આ ઐતિહાસિક પળ સારા બ્રહ્માંડ માટે અભૂતપૂર્વ હતી. આ ક્ષણના જે જે સાક્ષી બન્યા એમને તો ન ભૂતો ન ભવિષ્યતિ એવો અનુભવ થયો. એ ક્ષણે સૌના મુખે એક જ ઉદ્‌ગાર હતો : “શાંતિ… શાંતિ… શીતળતા… આહાહા… ઓહોહો…”

આવો ત્યારે, તા. ૨૫-૩-૨૦૨૪ના રોજ ઊજવાયેલ આ એક-દિવસીય ગુરુદેવ પ.પૂ. બાપજીના ૯૨મા પ્રાગટ્યોત્સવ તથા અનાદિમુક્ત વિશ્વમ્‌ના શિલાન્યાસની દિવ્ય દૃશ્ય-શબ્દીય સ્મરણિકાની કિંચિત્ ઝાંખી મેળવીએ…




## અનાદિમુક્ત વિશ્વમ્ પ્રાદુર્ભાવગાથા

"ભવિષ્યમાં મોડાસા તો મોટું ધામ બનશે..." એવા ગુરુદેવ પ.પૂ. બાપજીના અવિચળ સંકલ્પોને તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સંકલ્પોને પૂર્ણ કરવાનો લાભ મને મળ્યો. આહાહા ! કેવી ધન્ય કરી પ્રભુએ મને ! આ બ્રહ્માંડની રચના જ્યારથી થઈ છે ત્યારથી મારો ઉપયોગ આ લોકના વ્યવહારને વહન કરવા માટે જ થયો છે પણ શ્રીજીમહારાજ અને એમના દિવ્ય સંકલ્પ સ્વરૂપે અનાદિમુક્તની વિશાળ શૃંખલા રચવા માટે મને નિમિત્ત કરી. આજે આ ઐતિહાસિક ક્ષણની મૂલગામી અનુભૂતિ કેવળ મેં સવિશેષ કરી છે. 'વન-પર્વતમાં રહી ભગવાનનું ધ્યાન કરીશું.' એ શ્રીહરિના અમૃત સંકલ્પોની સેવાનો કળશ મુજ પર ઢોળાયો. વળી, બાપાશ્રી, સદ્‌ગુરુશ્રીઓ અને ગુરુદેવે રેલાવેલા અદ્‌ભુત સંકલ્પો : **"જોજો તો ખરા... કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે, થશે અને થશે જ... લાખો મુમુક્ષુ ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને જેમ છે તેમ ઓળખીને છતે દેહે અનાદિમુક્તની સ્થિતિ પામશે..."** મોટાનાં આ સ્થિતિ વચનો કદી અલેખે ન જાય અને એની સંકલ્પ સેવાનો કળશ મુજ પર ઢોળાયો.

પ્રથમ વખત જમીન સંપાદન વખતે હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી તથા સંત મંડળ મને નિહાળવા આવેલા. પછી ગુરુજી અવારનવાર નિજ સંકલ્પની પૂર્તિ માટે પધારતા. મને ખ્યાલ ન હતો કે શ્રીહરિએ અને ગુરુજીએ મને શેના માટે નિમિત્ત કરી છે ? આ તો તા. ૯-૩-૨૦૨૩ ને ગુરુવારના રોજ હરિકૃષ્ણ મહારાજ તથા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સંગે સંત મંડળ તથા આગેવાન હરિભક્તો પધાર્યા અને ભૂમિ પ્રવેશ સમારંભ યોજાયો. એ વખતે અનાદિમુક્તની સ્થિતિના એ ભવ્ય પ્રચંડ સંકલ્પ ઉદ્‌ઘોષના પાયા નખાયા. આ પ્રસંગે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ રેલાવેલા ભવ્યાતિભવ્ય સંકલ્પાશીર્વાદ આવા હતા : **"એસ.એમ.વી.એસ.નો આ સુવર્ણકાળ ચાલી રહ્યો છે. આમાં આજ સુધી નહિ જોયેલું બધું મહારાજ દેખાડશે."** હું તો એ સંકલ્પાશીર્વાદમાં એવી ભીંજાણી કે મુજ પામર-પતિતને આવી અપૂર્વ સેવા પ્રથમ ક્રમે મળી !! વાહ ગુરુજી ! આપે મને ન્યાલ કરી...

એ પછી તો ગુરુજી ઘણી વાર પધારતા. જ્યારે જ્યારે પધારતા ત્યારે ત્યારે એમના ઠેઠના સંકલ્પોનું જાણે ઝરણું વહાવતા હોય અને એમાં હું નિરંતર નિમગ્ન બની જતી. મને ખબર નથી કે મને પ્રભુએ કેવી સેવા આપી છે પણ એમને તો ખબર છે. એમની આ સંકલ્પરૂપી પરાવાણી સાંભળીને મને તો આનંદનો ઓઘ ચડતો ને ચડતો જ રહેતો.

મને યાદ છે કે ગુરુજી મને આકારિત કરવા અર્થવર્ક ગ્રેડિંગ



સમર્થ થકા જરણા કરવું એ જ સત્પુરુષની મહાનતા.






(જમીન લેવલિંગ) કાર્યક્રમમાં પૂજન વિધિ માટે પધારેલા. એ વખતે પૂ. સંતોએ મુજ પર નિર્માણ થનાર એ ભવ્ય અનાદિમુક્ત વિશ્વમ્ના પ્લાનની પૂર્ણ ઝાંખી ગુરુજીને તથા હરિભક્તોને કરાવી. ત્યારે મને વિશ્વાસ જ નહોતો કે હે પ્રભુ ! મને આપના દિવ્યપુરુષનો નિરંતર સહવાસ મળવાનો છે. વાહ પ્રભુ ! મારી તો 'જેમ ગૂંગે ગૉળ ખાધો' હોય એવી સ્થિતિ થઈ. પછી જમીન લેવલિંગનું કાર્ય શરૂ થયું. રોજના સેંકડો હરિભક્તો સેવાકાર્યમાં જોડાયા અને મારા શિલાન્યાસનો દિવસ આવી ગયો."

રહિયોલ કંપા સંકલ્પભૂમિના આ ભાવ ઉદ્ગારો સંકલ્પની સેવા મળ્યાની ધન્યતાનો અનુભવ કરાવી જાય છે.

### કેમ્પસ નિર્માણગાથા

અનાદિમુક્ત વિશ્વમ્ના કેમ્પસ નિર્માણની કહેતાં જમીન લેવલિંગની સેવાનો પ્રારંભ થયો. ૩૫૦થી વધુ વીઘાંમાં પથરાયેલા કેમ્પસને સમથળ તેમજ એક-દિવસીય કાર્યક્રમ માટે સજ્જ કરવામાં આવ્યું. આ કેમ્પસ નિર્માણમાં ૫૦૦થી વધુ હરિભક્તોએ રાત-દિવસ જોયા વિના ૨,૫૦,૦૦૦થી વધુ કલાક સેવા કરી હતી.

### શિલાન્યાસ વિધિ આયોજનની ઝાંખી

જ્ઞાનસત્ર-૧૭ પછી અનાદિમુક્ત વિશ્વમ્ના શિલાન્યાસ માટે પૂ. સંતોએ અને હરિભક્તોએ પ્રથમ મિટિંગ યોજી હતી. જેમાં કેમ્પસ નિર્માણ તેમજ સમગ્ર કાર્યક્રમના આયોજનની ચર્ચા કરવામાં આવેલી. ત્યારપછી સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે બેથી ત્રણ વખત મિટિંગ યોજાઈ અને ફરી અંતિમ મિટિંગનું અનાદિમુક્ત વિશ્વમ્ પર આયોજન થયું. આ મિટિંગમાં પૂ. સંતો દ્વારા સંયોજક-નિરીક્ષક કક્ષાના હરિભક્તોને દિશાદર્શન આપવામાં આવ્યું અને 'યાહોમ કરીને કૂદી પડો ગુરુજીને રાજી કરવા' એવાં બળવચનો પણ પાઠવવામાં આવ્યાં હતાં.

### અનાદિમુક્ત પીઠિકા દર્શન

૯૨મા પ્રાગટ્યોત્સવના પ્રારંભે સૌપ્રથમ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સર્વે પૂ. સંતો સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન માટે અનાદિમુક્ત પીઠિકા ખાતે પધાર્યા હતા. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સમગ્ર સંત મંડળ સહિત દંડવત, પ્રદક્ષિણા, ધૂન અને પ્રાર્થના કરી આજના દિને ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણે ગુરુવંદના અર્પી હતી.

### શિલાન્યાસ

આ શિલાન્યાસ હતો શ્રીજીમહારાજના સંકલ્પનો; આ શિલાન્યાસ હતો બાપાશ્રીએ પ્રવર્તાવેલા કારણ સત્સંગના જ્ઞાનને વિશ્વવ્યાપી કરવાનો; આ શિલાન્યાસ હતો ગુરુદેવ પ.પૂ. બાપજીના ભવ્ય પ્રચંડ સંકલ્પોને સાકાર કરવાનો અને







આ શિલાન્યાસ હતો વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની આપણા સહુ પરની અપાર કરુણાનો.

શિલાન્યાસ વિધિના પ્રારંભે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ અનાદિમુક્ત વિશ્રામ્‌ના પ્લાન મૉડલનું અનાવરણ કર્યું હતું. આ સાથે પૂ. સંતો દ્વારા શિલાન્યાસ મંડપ તેમજ મુખ્ય મંડપની સ્ક્રીન ઉપર એના માનચિત્રોનું (પ્લાનનું) પણ અનાવરણ કરવામાં આવ્યું હતું. વિધિના પ્રારંભે વ્હાલા ગુરુજીએ કળશ પૂજન અને શ્રીફળ પૂજનનો લાભ આપ્યો હતો. સાથે સાથે વડીલ પૂ. સંતોએ પણ લાભ લીધો. પૂ. સંતો દ્વારા મુખ્ય યજમાનને ચાંદલા કરી નાડાછડી બાંધવામાં આવી. આ વિધિમાં મહાપ્રભુને પ્રાર્થના કરવામાં આવી અને સૌને મહાપૂજા વિધિનો લાભ મળ્યો.

વ્હાલા ગુરુજીએ મુખ્ય શિલાનું પૂજન કરી અનાદિમુક્ત વિશ્રામ્‌ની પ્રથમ શિલાને આરોપિત કરી, એનાં અબીલ, ગુલાલ અને પુષ્પોથી વધામણાં કર્યાં. પછી ગુરુજીએ આ કૅમ્પસમાં રોપવામાં આવનાર ભગવાન સ્વામિનારાયણના પ્રસાદીભૂત લીંબતરુ, આંબો, પીપળો, વડ, રાયણ અને જાંબુના છોડનું પણ પૂજન કર્યું. ત્યારબાદ ગુરુજીએ શિલાન્યાસ વિધિની આરતીનો લાભ સૌને આપ્યો.

આ પ્રસંગે ગુરુજીએ આશીર્વાદ આપ્યા : **“આ કૅમ્પસમાં આજે કે પછી પણ જે કોઈ પ્રવેશ કરશે એને અનાદિમુક્તની સ્થિતિ કરાવજો, કરાવજો, કરાવજો... એનો છેલ્લો જન્મ કરી પૂર્ણાહુતિ કરજો... એને ફરીથી હવે આવવું ન પડે**











**એવી સૌ ઉપર ખૂબ ખૂબ કૃપા કરજો એવી મહાપ્રભુના ચરણોમાં પ્રાર્થના...”**

શિલાન્યાસ વિધિના દિવસે ગુરુજીએ જમીન સંપાદનની સેવામાં લાભ લેનાર સર્વે હરિભક્તો પર ખૂબ ખૂબ રાજીપો દર્શાવ્યો હતો. સાથે અનાદિમુક્ત વિશ્વમ્ કૅમ્પસના નિર્માણ અર્થાત્ બાંધકામની સંકલ્પ સેવામાં પણ નિમિત્ત થવા સર્વે હરિભક્તોને પ્રેરણા કરી હતી.









શિલાન્યાસ વિધિમાં ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબે પણ લાભ લીધો હતો. વ્હાલા ગુરુજીએ મુખ્ય સભામંડપના સ્ટેજ ઉપર રહેલ શિલાનું પૂજન તેમજ વડના વૃક્ષનું પૂજન કરી, ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબને શિલાન્યાસ વિધિનો લાભ અપાવ્યો હતો. વળી, મહિલા સભામંડપના સ્ટેજ પર રહેલ શિલાના પૂજનનો લાભ પૂ. ત્યાગી મહિલામુક્તો તથા યજમાન મહિલા ભક્તોએ લીધો હતો. આ શિલાન્યાસ વિધિના મુખ્ય યજમાનોને શિલાન્યાસ ડોમમાં અને હરિભક્તો તેમજ આમંત્રિત મહેમાનોને મુખ્ય સભામંડપમાં લાભ મળ્યો હતો. આ પૂર્વે સર્વેને શિલાન્યાસ વિધિ માટે સેન્ટરવાઇઝ ભિન્ન ભિન્ન પ્રકારની બેઠક વ્યવસ્થા પ્રમાણે પાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિલાન્યાસ વિધિના દિવસે સ્પેશ્યલ કાઉન્ટર ઉપર એની વિધિની કિટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આશરે શિલાન્યાસ ડોમ અને મુખ્ય સભામંડપમાં ૧૨,૦૦૦થી વધુ મહિલા-પુરુષોએ શિલાન્યાસ વિધિનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

**પ્રાગટ્ય ઉત્સવ**

અનાદિમુક્ત વિશ્વમ્‌ના સ્પૉટ ઉદ્‌ઘાટન માટે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજી તથા પૂ. સંતો પધાર્યા હતા. જેમાં પ્રારંભે નાલિકેર વધેરી ગુરુજીએ ગુરુદેવનાં દર્શન-દંડવતનો લાભ લીધો. ત્યારપછી આરતીનો લાભ લીધો હતો અને સૌ હરિભક્તોને આ અનાદિમુક્ત વિશ્વમ્‌ની દિવ્ય ધરાને બે દંડવત કરવાની આજ્ઞા કરી હતી.

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે સવારે ૯:૦૦થી ૧૧:૩૦ દરમ્યાન તેમજ અનાદિમુક્ત વિશ્વમ્‌માં બપોરે ૩:૩૦થી ૪:૩૦ દરમ્યાન ગુરુજીએ ૫૦૦૦થી વધુ















હરિભક્તોને નિકટ દર્શનનો લાભ આપી સુખિયા કર્યા હતા.

આજના દિને સર્વે હરિભક્તોને સુખિયા કરવા માટે આગમન પથ પર હરિકૃષ્ણ મહારાજને રાજહંસ રથ ઉપર બિરાજમાન કરી, ચટકંતી ચાલે ચાલતાં વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સર્વે ભક્તોને દર્શન આપતા થકા, દિવ્યદૃષ્ટિ રેલાવી સ્ટેજ તરફ પધારી રહ્યા હતા. આગમન પથની બંને બાજુ કિશોરમુક્તો નૃત્ય કરી, પુષ્પવર્ષા કરી હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીના આગમનને વધાવી રહ્યા હતા. વળી, સ્ટેજ પરથી પણ કિશોરમુક્તો ‘નગાડાં બાજે... નગાડાં બાજે... પધારે મહારાજ...’ સ્વાગત ગીત ઉપર નૃત્ય કરી ભાવાંજલિ અર્પી રહ્યા હતા. હરિકૃષ્ણ મહારાજ સંગે મુખ્ય સભામંચ પર બિરાજમાન થયા બાદ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ આજના દિને સમગ્ર સત્સંગ સમાજ વતી દિવ્યભાવે ગુરુદેવ પ.પૂ. બાપજીનું ચંદન તથા વિશિષ્ટ ફૂલહાર વડે પૂજન કર્યા બાદ ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણસ્પર્શ કરી દર્શન કર્યાં હતાં. ત્યારબાદ સંસ્થાના વરિષ્ઠ પૂ. સંતોએ ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું વિશિષ્ટ હારથી પૂજન કર્યું હતું. પૂજન વિધિમાં ગુરુજીએ સર્વેને રાજીપાદર્શનનો લાભ આપી ધન્ય કર્યા હતા.

### અનાદિમુક્ત વિશ્વમ્ પરિકલ્પના

અનાદિમુક્ત વિશ્વમ્નું કેવું સર્જન થશે ? આ ભૂમિ પર મહારાજનો સંકલ્પ કેવી રીતે ખીલી ઊઠશે ? એની પરિકલ્પના દર્શાવતા વિડિયોનું દર્શન કરાવવામાં આવ્યું હતું. અનાદિમુક્ત વિશ્વમ્ના સર્જન માટે ૩૫૦ વીઘાં કહેતાં ૨૦૦ એકર જમીનનું








સંપાદન કરવામાં આવ્યું છે. કાર્ય અને કારણ બે જુદા છે એવા ગુરુજીના હંમેશના આગ્રહને ધ્યાનમાં રાખી આ ભૂમિ પર નિર્માણાધિન થનાર આ કેમ્પસને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. એક વિભાગ જેમાં કેવળ આત્મા-પરમાત્માના મિલન માટેની આધ્યાત્મિક સાધના થશે. એ વિભાગને જ 'અનાદિમુક્ત વિશ્વમ્' કહેવામાં આવશે. બીજો વિભાગ જેમાં અધ્યાત્મ ઉપરાંત અન્ય કાર્ય સંબંધિત પ્રવૃત્તિઓમાં ઉત્સવ-મહોત્સવ થતા રહેશે; આયુર્વેદિક સેન્ટર ને ગુરુકુલ હશે તેને એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ ધામ, અરવલ્લી તરીકે ઓળખવામાં આવશે. જે શિલાન્યાસ વિધિ થયો છે તે આશરે ૫૦થી ૬૦ વીઘાં જમીનનો એટલે કે પ્રથમ ચરણનો શિલાન્યાસ વિધિ થયો છે. અનાદિમુક્ત વિશ્વમ્‌નો જે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે એ આગામી ૨૦થી ૨૫ વર્ષના આયોજનોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. જેનું તબક્કાવાર જરૂર પડે તેમ નિર્માણકાર્ય શરૂ થશે. અત્યારે પ્રથમ ચરણની અંદર જે બાંધકામ થઈ રહ્યું છે તે આ પ્રમાણે છે : **આ સંકુલમાં બે ધ્યાન હૉલ, બે સભા હૉલ, ૧૮ ક્લાસરૂમ, એક આવાસ, એક વિશાળ ભોજનાલય, પૂ. સંતોનો આશ્રમ, પૂ. ત્યાગી મહિલામુક્તોનો આશ્રમ, યાત્રીઓ માટે આવાસ, ૬૦૦ ધ્યાન કુટિર, બે સાધક સંકુલ આદિકનું પાંચ લાખ ચોરસ ફૂટમાં બાંધકામ થશે.**

"વૃક્ષ બચાવવા કેમ્પસના નિર્માણમાં થોડો ફેરફાર કરવો પડે તો ફેરફાર કરજો પણ વૃક્ષ કાપશો નહીં." આવી ગુરુજીની આજ્ઞાથી આ કેમ્પસના નિર્માણ દરમ્યાન એક પણ વૃક્ષને કાપવામાં નહિ આવે. આ પ્રથમ ચરણના અનાદિમુક્ત વિશ્વમ્ કેમ્પસનું નિર્માણ Net Zeroના conceptથી તૈયાર કરવામાં આવશે. જે પર્યાવરણ ક્ષેત્રે એક મોટી ઉપલબ્ધિ ગણાશે. સમગ્ર ગુજરાતમાં પ્રથમ જ આવું એક પર્યાવરણનું જતન કરતું કેમ્પસ તૈયાર થઈ રહ્યું છે જે નોંધનીય બાબત છે.

એસ.એમ.વી.એસ. દ્વારા થતી વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ વિષેની માહિતી પૂ. સંતો દ્વારા આપવામાં આવી હતી. આ સામાજિક પ્રવૃત્તિઓમાં વ્હાલા ગુરુજીએ અનાદિમુક્ત વિશ્વમ્‌ની રચના કરી એક નવું સોપાન ઉમેર્યું છે. જે આવનારા સમયમાં સૌ માટે સુખકર નીવડશે. આજે સમાજમાં સૌથી વધુ તાતી જરૂરિયાત છે આધ્યાત્મિકતાની. ત્યારે આવા વિશાળ કાર્યને પહોંચી વળવા માટે સેવામાં સહકાર આપવો હોય તેની કેટલીક વિગતો અહીં દર્શાવેલ છે.

ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ કાર્યક્રમમાં હાજર રહી ધન્યતા અનુભવી હતી. ખાસ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના પૂજન-દર્શન-આશીર્વાદનો લાભ લઈ તેઓ કૃતાર્થ થયા હતા. અનાદિમુક્ત વિશ્વમ્‌ની



પરિકલ્પના સાંભળી તેઓએ અહોભાવ વ્યક્ત કર્યો હતો. આજના આ અદ્વિતીય કાર્યક્રમમાં તેઓને ઉપસ્થિત રહેવાનો જે અણમોલ લાભ મળ્યો એની પણ અનુભૂતિ તેઓએ પોતાના પ્રવચનમાં વ્યક્ત કરી હતી : "લોકોની ફિઝિકલ હેલ્થની સાથે મેન્ટલ હેલ્થની પણ દરકાર લેવાનું તેમજ હરિભક્તોનું આધ્યાત્મિક પોષણ કરવાનું પગલું એસ.એમ.વી.એસ. સંસ્થાએ ભર્યું છે." તેઓ જ્યારે કાર્યક્રમમાંથી વિદાય લઈ રહ્યા હતા ત્યારે ગુરુજીનું પૂજન કરી આશીર્વાદ મેળવ્યા ને ગુરુજીના હસ્તે તેમને સ્મૃતિ ભેટ પ્રાપ્ત થઈ હતી. વળી, તેમણે પ્રવચનમાં સત્સંગનું મહત્ત્વ સહજ રીતે સમજાવ્યું હતું. તેમજ એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા જનહિતના વટવૃક્ષ સમા કાર્યોની પણ પ્રશંસા કરી હતી.

**વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અમૃતવાણી**

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ અમૃતવાણીના પ્રારંભે સૌને નિમગ્ન કરી કારણ સત્સંગની સંકલ્પ સંવાહકગાથા તેમજ ગુરુદેવની પ્રાગટ્યગાથાનો હેતુ સમન્વય કરી સમજાવ્યો. ગુરુદેવ પ.પૂ. બાપજીની ક્રાંતિકારી ભૂમિકાને 'કારણ સત્સંગ વિશ્વવ્યાપી એસ.એમ.વી.એસ. દ્વારા' કીર્તન દ્વારા સમજાવી,

## નિર્માણ સેવા અણમોલ લાભ


| સેવાની વિગત | સેવા મૂલ્ય (₹) (એક માટે) | પુરુષ વિભાગ (જરૂરી સંખ્યા) | મહિલા વિભાગ (જરૂરી સંખ્યા) |
|---|---|---|---|
| ● ધ્યાન કુટિર | ૧,૨૫,૦૦૦ | ૩૦૦ | ૩૦૦ |
| ● શિબિરાર્થી ઉતારા રૂમ | ૧૧,૦૦,૦૦૦ | ૧૨૫ | ૧૨૫ |
| ● લાયબ્રેરી હોલ | ૨૫,૦૦,૦૦૦ | ૨ | ૨ |
| ● ક્લાસ રૂમ | ૫૧,૦૦,૦૦૦ | ૪ | ૪ |
| ● સભા હોલ - નાનો | ૭૫,૦૦,૦૦૦ | ૪ | ૪ |
| ● સભા/શિબિર હોલ - મોટો | ૨,૦૦,૦૦,૦૦૦ | ૧ | ૧ |
| ● ભોજનાલય | ૩,૫૧,૦૦,૦૦૦ | ૧ | ૧ |
| **પૂ.સંત તથા પૂ.ત્યાગીમુકતો વિભાગ** | | | |
| ● એકાંત રૂમ | ૨,૫૧,૦૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ● ધ્યાન રૂમ | ૫,૦૦,૦૦૦ | ૫૦ | ૫૦ |
| ● ઉતારા રૂમ | ૧૧,૦૦,૦૦૦ | ૨૫ | ૨૫ |
| ● રસોડું-ભોજનાલય | ૫૧,૦૦,૦૦૦ | ૧ | ૧ |
| ● શિબિર હોલ | ૧,૧૧,૦૦,૦૦૦ | ૧ | ૧ |

| સેવાની વિગત | સેવા મૂલ્ય (₹) (એક માટે) |
|---|---|
| **વ્હાલા ગુરુજી વિભાગ** | |
| ● આસન તથા રહેણાંક વિભાગ | ૧૧,૦૦,૦૦૦ |
| ● એકાંત તથા ધ્યાન સાધના વિભાગ | ૨૧,૦૦,૦૦૦ |
| ● ગોષ્ઠી તથા અંગત મુલાકાત વિભાગ | ૨૫,૦૦,૦૦૦ |
| ● દર્શનાર્થી તથા સભા હોલ | ૬૫,૦૦,૦૦૦ |

| | |
|---|---|
| ● 1/2 SQ Meter | ૧૨,૫૦૦ |
| ● 1 SQ Meter | ૨૫,૦૦૦ |
| ● વૃક્ષારોપણ તથા જાળવણી (જરૂરિયાત : 1 લાખ વૃક્ષ) | ૨,૫૦૦ |











સત્સંગ સમાજને અહોભાવથી ભરી દીધો. ગુરુજીએ આ કીર્તનમાં નૂતન બે પંક્તિ ઉમેરી સત્સંગ સમાજને આ સંકલ્પમાં હોમાવા આહ્વાન આપ્યું હતું :

**“અનાદિમુક્ત વિશ્વમ્ સર્જાય, સ્વયં શ્રીજી દ્વારા;**
**બાપા કેરા સિદ્ધાંતો અહીંથી, વિશ્વમાં વહેનારા,**
**કણ કણમાં અહીંથી ગુંજશે, જોજો ગુરુદેવના પડકારા.**
**આ ફેરે બિરુદ પૂરું કરજો, સ્થિતિ અનાદિ કરી;**
**ખેંચી લઈ સૌને સ્વમૂર્તિમાં, સુખડાં દેજો ભારી,**
**આવ્યા છે ને આવશે સહુને, સુખડાં દેજો ભારી;**
**જ્ઞાન-ધ્યાનના સાગર ગર્જી, કૃપાવર્ષા કરનારા.”**

આ પંક્તિ ઉચ્ચારતાં ગુરુજીએ ગુરુદેવને પ્રાર્થના કરી હતી કે, “હે મહારાજ, હે ગુરુદેવ, અહીંયાં જે આવ્યા છે અને ભવિષ્યમાં જે આવશે એ સર્વેને અનાદિમુક્તની સ્થિતિ કરાવજો...” વ્હાલા ગુરુજીએ અનાદિમુક્ત વિશ્વમ્ એટલે શું ? એની ૧૫થી વધુ વિભાવના રજૂ કરી મુમુક્ષુમાત્રને સંકલ્પની વિશાળતા અને ભવ્યતામાં નખશિખ નવપલ્લવિત કર્યા હતા.

### વ્હાલા ગુરુદેવના દિવ્ય આશીર્વાદ

૯૨મા પ્રાગટ્યોત્સવ પર્વે ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદનો લાભ વિડિયો ક્લિપ દ્વારા મળ્યો હતો : **“આ બધી લીલીવાડી શ્રીજીમહારાજની છે. સંસ્થાના માલિક પણ મહારાજ છે. કર્તા કહો, સંચાલક કહો જે કંઈ કહો એ મહારાજ છે. મહારાજ આપણને નિમિત્ત બનાવે છે. બહારના લોકો કહે કે બાપજી-સ્વામીશ્રી કરે છે પણ અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સિવાય કોઈથી આટલું સૂકું પાંદડું પણ હલતું નથી; કર્તાપણું એમનું છે. મહારાજ ને બાપાશ્રી, સમર્થ સદ્‌ગુરુને પ્રાર્થના કરીએ, હે મહારાજ, આ તમારો કારણ સત્સંગનો પરિવાર છે એની ઠેઠ સુધી રક્ષા કરજો અને ઠેઠ મહાપથારી સુધી બધાને સાચવજો...”**

આ પ્રસંગે રાજકીય, સામાજિક તેમજ વ્યાપારી ક્ષેત્રમાં સર્વોચ્ચ સ્થાન ધરાવતા ૨૧૨થી વધુ મહાનુભાવો પધાર્યા હતા. તેઓ ગુરુજીનાં દર્શન-આશીર્વાદ તથા કૃપાશાલ અને કૃપાપ્રસાદ પામીને ધન્ય થયા હતા. તેમજ વિદેશથી પણ ૧૫૦થી વધુ NRI હરિભક્તો પધાર્યા હતા. શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સહકાર મંત્રી; શ્રી કુબેરસિંહ ડીંડોર, શિક્ષણના મંત્રી; શ્રી ભીખુસિંહ પરમાર, રાજ્યકક્ષાના મંત્રી; શ્રી વી ડી ઝાલા, હિંમતનગર ધારાસભ્ય; શ્રી શક્તિસિંહ ગોહિલ, રાજ્યસભાના સાંસદ; શ્રી મુકેશભાઈ પટેલ, મહેસાણા ધારાસભ્ય; શ્રી ધવલસિંહ ઝાલા, બાયડ ધારાસભ્ય; શ્રી હિતેશ ભાઈ મકવાણા, મેયર ગાંધીનગર; શ્રી શામળભાઈ પટેલ, ચેરમેન સાબર ડેરી; શ્રી રાજુભાઈ પટેલ, પ્રમુખ ભાજપ અરવલ્લી; શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, પૂર્વ ધારાસભ્ય; શ્રી રોહિતભાઈ ચોકસી; શ્રી જયેશભાઈ હરિયાણી, આર્કિટેક; શ્રી એ આર પટેલ આદિક મહાનુભાવે ગુરુજીનું પૂજન તથા આશીર્વાદનો લાભ લઈ, ગુરુજીના હસ્તે સ્મૃતિભેટ મેળવીને અહોભાવ અનુભવ્યો હતો.

### વિશેષ કાર્યક્રમ

ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્યોત્સવ નિમિત્તે વિશેષ પ્રસ્તુતિમાં ગુરુદેવના સમગ્ર દિવ્યજીવનની ગાથાનો સંક્ષિપ્તમાં



વિડિયો પ્રાગટ્યોત્સવના પ્રારંભમાં જ નિર્દેશિત કરવામાં આવ્યો હતો તેમજ અનાદિમુક્ત વિશ્વમ્‌નું મહિમા ગીત નૃત્ય દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. વળી, શાશ્વત સુખની પ્રાપ્તિ વિડિયો નાટિકાનું પણ પ્રસ્તુતીકરણ કરવામાં આવ્યું હતું. અનાદિમુક્ત વિશ્વમ્ શિલાન્યાસ અન્વયે ૨૪ કલાકની અખંડ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ઝોનવાઇઝ હરિભક્તોએ લાભ લીધો હતો.

સંસ્થાના ૮૦૦થી વધુ બાળમંડળના ૨૮,૦૦૦થી વધુ બાળ-બાલિકા મુક્તોએ અનાદિમુક્ત વિશ્વમ્‌ના સર્જનમાં છેલ્લા એકાદ માસથી પિગીબેંકમાં બચત કરી, ગુરુજીને પોતાની આંશિક સેવા શિલાન્યાસ પ્રસંગે અર્પણ કરી હતી.

પ્રાગટ્યોત્સવના અંતિમ ચરણમાં સભામંડપમાં ઉપસ્થિત હજારો સંતો-હરિભક્તોએ સમૂહઆરતીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સમૂહઆરતીની અંતિમ પંક્તિએ નભ મંડળમાં પ્રાગટ્યોત્સવ તેમજ અનાદિમુક્ત વિશ્વમ્ શિલન્યાસનો દિવ્ય જયઘોષ આતશબાજીથી થયો હતો. આ ક્ષણે નભ મંડળ વિવિધ પ્રકાશરંગોથી ઝળહળી ઊઠ્યું હતું.

### અનાદિમુક્ત વિશ્વમ્ કેમ્પસ નિદર્શન

અનાદિમુક્ત વિશ્વમ્‌ના શિલાન્યાસ ઉપક્રમે ૫૦-૬૦ વીઘાંમાં કેમ્પસનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રારંભમાં જ પ્રવેશદ્વાર તેમજ અનાદિમુક્ત વિશ્વમ્ સ્પૉટ સૌને આવકારતો. સભામંડપના પ્રારંભે ગુરુદેવ પ.પૂ. બાપજીનો પૂજન-દર્શનનો સ્પૉટ પણ સૌને દર્શન-પૂજનનો લાભ અપાવતો હતો. વિશાળ ક્ષેત્રફળમાં ફેલાયેલી વિવિધ ભોજનશાળા પૈકી સહજાનંદ ભોજનશાળા, બાપાશ્રી ભોજનશાળા, સ્વામિનારાયણ ભોજનશાળા તેમજ આ કાર્યક્રમમાં પધારેલા આમંત્રિત મહાનુભાવોને માટે પણ આગવી ભોજનશાળાનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આવનારા સર્વે હરિભક્તો તેમજ મુમુક્ષુઓ માટે વિશાળ કાર તેમજ બસ પાર્કિંગ ઝોનનું પણ નિર્માણ કરવામાં આવ્યું હતું. મુમુક્ષુઓને એસ.એમ.વી.એસ. સંસ્થાનું સાહિત્ય તથા ધાર્મિક સામગ્રીઓ સરળતાથી મળી રહે એ માટે બુકસ્ટોલનું તેમજ ક્રિયાશુદ્ધિયુક્ત વિશાળ ધર્મદેવ ફૂડસ્ટોલનું પણ નિર્માણ કરવામાં આવ્યું હતું. કેમ્પસમાં આવતા મુમુક્ષુઓની ગ્રીષ્મની ગરમીને સમાવવા માટે ઠેર ઠેર છાશ, શરબત તથા જળકેન્દ્રો પણ નિર્મિત કરવામાં આવ્યાં હતાં. વડીલો તેમજ અશક્ત માટે ખાસ પીકઅપ ડ્રૉપઑફ ઝોનની વ્યવસ્થા પાર્કિંગ ઝોનથી લઈ કેમ્પસ સુધી કરવામાં આવી હતી. આખાય કેમ્પસમાં અનાદિમુક્ત વિશ્વમ્‌નો વિશાળ સ્પૉટ સૌ કોઈના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું.

### કેમ્પસનો દિવ્યાનુભવ

કેમ્પસમાં આવનાર હરિભક્તો અને મુમુક્ષુના અનુભવો જાણીએ તો ખરેખર ગદ્‌ગદિત થઈ જવાય છે. હજારથી વધુ હરિભક્તોના ઓપિનિયન તેમજ ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા






હતા. જેમાં સૌ કોઈનો એક જ સૂર સવિશેષ જોવા મળતો હતો : **"આ કૅમ્પસમાં પગ મૂકતાં જ શાંતિનો અનુભવ થાય છે; મનના વિકારો અને વાસનાના અંકુરો સમી ગયા છે; નિરાંતનો અનુભવ થાય છે; કૅમ્પસ વિશાળ છે છતાં પણ તનનો થાક લાગતો નથી. એકદમ સ્ફૂર્તિ રહે છે. ગુરુજી સતત ભેળા હોય એવો અનુભવ થાય છે."**

### સંતો-સ્વયંસેવકોના સેવા-સમર્પણની અનોખી ગાથા

આ એક-દિવસીય પ્રાગટ્યોત્સવ સેવા-સમર્પણનો હતો. આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષ સૌ કોઈ ભેગા મળીને કુલ ૪૦૦૦થી પણ વધુ સ્વયંસેવકો આ સેવાયજ્ઞમાં સેવા અને સમર્પણના સાચા ભાવથી અહોનિશ મંડ્યાં હતાં. આમ, ૯૨મા પ્રાગટ્યોત્સવ તથા અનાદિમુક્ત વિશ્વમ્ શિલાન્યાસ પર્વે પ્રત્યક્ષ ૩૦,૦૦૦થી વધુ તથા ઑનલાઈન ૬૦,૦૦૦થી વધુ ભક્તોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

### સંસ્થાના વિદેશના હરિભક્તોએ ઊજવેલો ૯૨મો પ્રાગટ્ય ઉત્સવ અને શિલાન્યાસનો પ્રતીક કાર્યક્રમ

એસ.એમ.વી.એસ. સંસ્થાના નોર્થ અમેરિકામાં આવેલા મંદિરોમાં ગુરુદેવ પ.પૂ. બાપજીના ૯૨મા પ્રાગટ્ય દિન અને અનાદિમુક્ત વિશ્વમ્ શિલાન્યાસના પ્રતીક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાંતિપાઠ, મહાપૂજા અને શિલાપૂજન એમ ત્રણ કાર્યક્રમનો સમન્વય કરવામાં આવ્યો હતો. સાથે સાથે ઘેર ઘેર અન્નકૂટોત્સવ અને ફૅમિલિ ટાઈમ સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદેશના ૨૪૫૦થી વધુ હરિભક્તો જોડાયા હતા.

### SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલનો પંચમ વાર્ષિક દિન

ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્ય દિને ગાંધીનગર સ્થિત **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલને પાંચ વર્ષ પૂર્ણ થતાં હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી હૉસ્પિટલ ખાતે પધાર્યા હતા. ત્યારબાદ તેમણે હૉસ્પિટલમાં આરતી, દર્શન તેમજ આશીર્વાદનો લાભ આપ્યો હતો તેમજ ગુરુદેવ પ.પૂ. બાપજીના હૉસ્પિટલ નિમિત્તના સંકલ્પો પણ ઉપસ્થિત મુક્તોને યાદ કરાવ્યા હતા. ત્યારબાદ ગુરુજી દર્દીઓને દર્શન આપવા પધાર્યા હતા.

વળી, પ્રાગટ્યોત્સવ પ્રોગ્રામ વખતે **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલને પાંચ વર્ષ પૂર્ણ થયા બદલ સેવાકીય મહાયજ્ઞની ગાથા પૂ. નિર્લેપસ્વામી દ્વારા વર્ણવવામાં આવી હતી. આ પ્રસંગે તેઓએ સંસ્થા દ્વારા ચાલતી વિવિધ સેવાઓથી સમાજને માહિતગાર કર્યો હતો. પાંચ વર્ષ પૂર્ણ થતાં વ્હાલા ગુરુજીના સંકલ્પે દિવ્યાંગોને કૃત્રિમ હાથ અને કૃત્રિમ પગનું નિઃશુલ્ક રીતે વિતરણ કરવામાં આવશે. આજના કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે પ્રતીક રૂપે બે મુક્તોને કૃત્રિમ હસ્તનું વિતરણ કરવામાં આવ્યું હતું.

૯૨મા પ્રાગટ્યોત્સવ પર્વે જન સમાજની સ્વાસ્થ્ય ક્ષેત્રે સેવા કરવાના ઉમદા હેતુથી બ્લડ ડોનેશન કૅમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.











## સમાચારપત્રો તથા ચેનલોની દૃષ્ટિએ શિલાન્યાસની ઐતિહાસિક પળોની સ્મૃતિઓ




રહિયોલ કંપામાં
એસ.એમ.વી.એસ. દ્વારા
નિર્મિત થનાર અનાદિમુક્ત વિશ્વમ્‌ના
શિલાન્યાસના સમાચાર રાજ્યમાં વ્યાપક
રીતે ઝળહળ્યા હતા. અધ્યાત્મ ક્ષેત્રે સૌથી
મોટા આધ્યાત્મિક કેન્દ્ર તરીકે આ
અધ્યાત્મ કાર્યને બિરદાવીને રાજ્યની
પ્રસિદ્ધ સમાચાર સંસ્થાઓએ
સ્વામિનારાયણ સંપ્રદાયની એક
આગવી આભા પ્રસરાવી.
તેની એક ઝાંખી...

ગુજરાત નિર્માણ (જીટીપીએલ), ટીવી નાઇન, ઈટીવી, એબીપી અસ્મિતા (ગુજરાતી), GVન ન્યૂઝ, ગુજરાત સમાચાર ટીવી તથા સ્પાર્ક ટુડે ન્યૂઝ વગેરે ચેનલોએ પણ આ કાર્યક્રમની મુક્તકંઠે પ્રશસ્તિ ગાઈ હતી.









5 વર્ષ વિશ્વાસના

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

NABH ACCREDITED

# તંદુરસ્ત કરવામાં થયો પાસ
# તમારો **પાંચ વર્ષનો** વિશ્વાસ





છેલ્લાં 5 વર્ષમાં

**7 લાખથી વધુ** દર્દીઓની સારવાર

**15 હજારથી વધુ** સર્જરી

## Journey of **5 Years**

| | | | | | |
|---|---|---|---|---|---|
| OPD | IPD | Surgery | Dialysis | TMT | Sonography |
| 700000+ | 20000+ | 15000+ | 25000+ | 4000+ | 30000+ |
| Health Checkup | Pathology | CT Scan | X-Ray | Echo | Mammography |
| 15000+ | 200000+ | 16000+ | 40000+ | 16000+ | 2500+ |

24 73 73 73 39 04/05 GANDHINAGAR

5 વર્ષ વિશ્વાસના



# ડિપાર્ટમેન્ટ ઓફ આઇ.સી.યુ. એન્ડ ક્રિટીકલ કેર યુનિટ

## ICU શા માટે?

**ગંભીર રોગોની સારવાર માટે**

- મગજનો સ્ટ્રોક (પેરાલીસીસ),ખેંચ,મગજના ઇન્ફેક્શન
- જીવલેણ વાઇરસથી થતા રોગો જેવા કે ડેન્ગ્યુ, સ્વાઈન ફ્લૂ, ઝેરી કમળો
- પોઇઝન કેસ
- એક્સિડન્ટ અને પોલી ટ્રોમા
- શ્વાસોશ્વાસની ગંભીર બિમારીનું નિવારણ
- હૃદયની તમામ પ્રકારની ગંભીર બિમારીઓ
- કિડની અને લિવરને લગતી તમામ ગંભીર બિમારીઓ
- GBS જેવી ગંભીર બિમારીનું નિવારણ

## SMVS ICUની વિશેષતા

- AHU HEPA ફિલ્ટર, ઓક્સિજન સેન્ટ્રલ લાઈન, પેશન્ટ સેન્ટ્રલાઇઝ મોનિટર સિસ્ટમની સુવિધા
- અત્યાધુનિક વેન્ટિલેટર અને ડિફિબ્રીલેટરની સુવિધા
- આઇ.સી.યુ. ડાયાલીસીસની સુવિધા ઉપલબ્ધ
- પોર્ટેબલ ABG, X-Ray, 2D ઇકો તથા સોનોગ્રાફી મશીન સાથેની સુવિધા
- એચ.ડી.યુ., સી.સી.યુ. (કાર્ડિયાક કેર યુનિટ) આઇ.સી.યુ.ની સુવિધા ઉપલબ્ધ

**અનુભવી ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરની ટીમ 24x7 ઉપલબ્ધ**

# સ્પેશ્યાલિટી ડૉક્ટર્સ

| સ્પેશ્યાલિટી | ડૉક્ટર | | ટાઇમ |
|---|---|---|---|
| ફિઝિશયન | ડૉ. હિમાંશુ પરમાર | બપોરે ૧:૦૦થી સાંજે ૭:૦૦ | (સોમવારથી શનિવાર) |
| | ડૉ. મૌલિતા કાપડિયા | સવારે ૯:૩૦થી ૧૧:૩૦ & સાંજે ૬:૦૦થી ૮:૦૦ | (સોમવારથી શનિવાર) |
| | ડૉ. નીરવ ચોવડિયા | બપોરે ૧૨:૦૦થી ૨:૦૦ | (સોમવારથી શનિવાર) |
| ઓર્થોપેડિક & જોઇન્ટ રિપ્લેસમૅન્ટ સર્જન (હાડકાંના રોગોને લગતી સારવાર) | ડૉ. સંદીપ રાઠોડ | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ | (સોમવારથી શનિવાર) |
| જનરલ & લેપ્રોસ્કોપિક સર્જન | ડૉ. આનંદ ટાંક | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ | (સોમવારથી શનિવાર) |
| ઓફ્થેલ્મોલૉજિસ્ટ (આંખને લગતી સારવાર) | ડૉ. સ્વીટી ચૌધરી | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ | (સોમવારથી શનિવાર) |
| ઈ.એન.ટી. સર્જન (કાન,નાક,ગળાને લગતી સારવાર) | ડૉ. જાન્વી ભાવસાર | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ | (સોમવારથી શનિવાર) |
| ડેન્ટિસ્ટ (દાંતના રોગોને લગતી સારવાર) | ડૉ. નેન્સી જોષી | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ | (સોમવારથી શનિવાર) |
| ઓબ્સ્ટ્રેટીક & ગાયનેકૉલૉજિસ્ટ (સ્ત્રીરોગ અને પ્રસૂતિને લગતી સારવાર) | ડૉ. પ્રિયંકા વીરાણી | સાંજે ૫:૩૦થી ૮:૦૦ | (સોમવારથી શનિવાર) |
| પીડિયાટ્રિશયન & નિયોનેઇટોલૉજિસ્ટ (બાળકોના રોગને લગતી સારવાર) | ડૉ. માધવ પંડ્યા | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ | (સોમવારથી શનિવાર) |
| ડર્મેટૉલૉજિસ્ટ (ચામડીના રોગોને લગતી સારવાર) | ડૉ. કર્તવ્ય બેન્કર | બપોરે ૨:૦૦ (શનિવાર) / | સાંજે ૫:૦૦ (ગુરુવાર) |
| | ડૉ. ધ્વનિ મકવાણા | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ | (સોમવારથી શનિવાર) |
| ક્રિટિકલ કેર સ્પેશ્યાલિસ્ટ (આઇ.સી.યુ. સ્પેશ્યાલિસ્ટ) | ડૉ. જય કોઠારી & ટીમ | સવારે ૯:૩૦થી સાંજે ૬:૦૦ | (સોમવારથી શનિવાર) |
| | ડૉ. રાકેશ પંચાલ | સવારે ૯:૩૦થી સાંજે ૬:૦૦ | (સોમવારથી શનિવાર) |
| સાઇકાયટ્રિસ્ટ (માનસિક રોગોને લગતી સારવાર) | ડૉ. દર્શન પટેલ | સાંજે ૬:૦૦ | (સોમવારથી શુક્રવાર) BY APPOINTMENT |



## વિના મૂલ્યે સારવાર ઉપલબ્ધ

'મુખ્યમંત્રી અમૃતમ્ (મા)' અને
'આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી
જન આરોગ્ય' યોજના
અંતર્ગત વિના મૂલ્યે સારવાર ઉપલબ્ધ

ડાયાલિસિસ | પથરીનું ઓપરેશન | જોઇન્ટ રિપ્લેસમેન્ટ | મૂત્રમાર્ગના ઓપરેશન

## ---- હૃદયને લગતી તમામ સારવાર ----

બાયપાસ સર્જરી | એન્જીયોગ્રાફી

હૃદયના વાલ્વની સર્જરી | એન્જીયોપ્લાસ્ટી



# સુપર સ્પેશ્યાલિટી ડૉક્ટર્સ

| સુપર સ્પેશ્યાલિટી | ડૉક્ટર | ટાઇમ | |
|---|---|---|---|
| કાર્ડિયોલૉજિસ્ટ (હૃદયરોગની સારવાર) | ડૉ. જશરાજ પનવાર | સવારે ૧૦:૦૦થી સાંજે ૬:૦૦ | (સોમવારથી શનિવાર) |
| યુરૉલૉજિસ્ટ (પેશાબ તથા મૂત્રમાર્ગના રોગોની સારવાર) | ડૉ. રાકેશ વાઢેર | સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૩૦ | (સોમવારથી શનિવાર) |
| નેફ્રોલૉજિસ્ટ (કિડનીના રોગની સારવાર) | ડૉ. જય પટેલ & ડૉ. નીરજ પટેલ ટીમ | સાંજે ૫:૩૦ | (સોમવાર–બુધવાર–શુક્રવાર) |
| ન્યુરૉફિઝિશયન (મગજને લગતી સારવાર) | ડૉ. કેયૂર મછ્છાવડા | સવારે ૧૧:૩૦ | (મંગળવાર–ગુરુવાર–શનિવાર) |
| ન્યુરૉ સર્જન (મગજના સર્જન) | ડૉ. કેતન પટેલ | સવારે ૧૦:૦૦ | (સોમવાર/ગુરુવાર) |
| ગૅસ્ટ્રો એન્ટેરોલૉજિસ્ટ (પેટ અને આંતરડાંને લગતી સારવાર) | ડૉ. નિલેશ પાંડવ | બપોરે ૩:૩૦થી સાંજે ૬:૦૦ | (સોમવારથી શનિવાર) |
| પલ્મોનોલૉજિસ્ટ (ફેફસાંને લગતી સારવાર) | ડૉ. ખુશ્બુ શાહ<br>ડૉ. કેયૂર પટેલ | બપોરે ૧૨:૩૦<br>BY APPOINTMENT | (સોમવાર–બુધવાર–શુક્રવાર) |
| ઑન્કો ફિઝિશયન (કૅન્સરને લગતી સારવાર) | ડૉ. રૂષિત શાહ | BY APPOINTMENT | |
| ઑન્કો સર્જન (કૅન્સરના સર્જન) | ડૉ. કિરણ કોઠારી | સાંજે ૪:૩૦<br>BY APPOINTMENT | (સોમવાર/ગુરુવાર) |
| સ્પાઇન સર્જન (મણકાને લગતી સારવાર) | ડૉ. હાર્દિક સુથાર | બપોરે ૨:૦૦ | (મંગળવાર/શુક્રવાર) |
| પ્લાસ્ટિક સર્જન | ડૉ. હિતેષ પટેલ | BY APPOINTMENT | |
| વાસ્ક્યુલર સર્જન (લોહીની નસોના સર્જન) | ડૉ. તુષાર શર્મા | BY APPOINTMENT | |
| પીડિઍટ્રિક સર્જન (બાળકોના સર્જન) | ડૉ. અનીઝ રતાણી | BY APPOINTMENT | |
| રુમેટોલૉજિસ્ટ (સાંધાને લગતી સારવાર) | ડૉ. નિકુંજ દધાણિયા<br>ડૉ. હાર્દિક રાઠોડ | બપોરે ૧૨:૦૦<br>સવારે ૧૧:૦૦<br>BY APPOINTMENT | (મંગળવાર)<br>(શુક્રવાર) |
| ઍન્ડોક્રિનોલૉજિસ્ટ | ડૉ. શ્રુતિ આતરેકર | ૧/૩ (ગુરુવાર) | |

**તમામ પ્રકારની મેડિક્લેમ કેશલેસ સુવિધા અહીં ઉપલબ્ધ છે.**

યુનાઇટેડ ઇન્ડિયા ઇન્શ્યોરન્સ

ધ ન્યૂ ઇન્ડિયા ઇન્શ્યોરન્સ કંપની લિ.

ઓરિએન્ટલ ઇન્શ્યોરન્સ કંપની લિ.

નેશનલ ઇન્શ્યોરન્સ કંપની લિ.

આદિત્ય બિરલા

બજાજ અલિયાંઝ

NIVA (MAX) BUPA

કેર (રેલીગેર)

એસબીઆઇ જનરલ

સ્ટાર હેલ્થ

ICICI લોમ્બાર્ડ

"સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દૃઢ કરી, અનાદિમુક્તની સ્થિતિ પામવી એ જ કારણ સત્સંગ." આ સિદ્ધાંત સૂત્રના પ્રવર્તનને વેગ આપવા માટે સંસ્થા દ્વારા હાલ વિવિધ જગ્યાએ કારણ સત્સંગના નૂતન સત્સંગ કેન્દ્રોનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ભવિષ્યમાં અહીં કારણ સત્સંગની વિજયપતાકાઓ લહેરાશે. હજારો મુમુક્ષુઓના મોક્ષનું સદાવ્રત ખુલ્લું મૂકવામાં આવશે અને સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપને ઓળખી તેઓ છતે દેહે મૂર્તિનું એકકાળાવિચ્છિન્ન સુખ માણતા થશે. આવો, શ્રીજીમહારાજ અને ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પો કેવી રીતે સાકાર થઈ રહ્યા છે તેનું છબીદર્શન કરીએ...


આણંદ


દાહોદ


જૂનાગઢ


હાલોલ


બાવળા


પેટલાદ


કડી


લુણાવાડા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ.નિ. મોહનલાલ દયારામભાઈ ઠક્કર, ઉંમર વર્ષ–૯૨, વાસણા; તા. ૨૪–૨–૨૪ :** વાસણા સેન્ટરના પાયાની ઈંટ સમા હરિભક્ત મોહનલાલ દયારામભાઈ ઠક્કર મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓનો સંસ્થા પરત્વેનો મમત્વભાવ, ઘરધણીપણું તથા સમર્પણ અદ્‌ભુત હતાં. તેમના પર વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનો ખૂબ રાજીપો હતો. તેઓના બંને દીકરા ડૉ. હર્ષદભાઈ અને પ્રવીણભાઈ એ જ રીતે સંસ્થામાં ઘરધણી થઈ સેવા કરી રહ્યા છે. તેમજ મોહનભાઈના ભાઈ શ્રી હરિભાઈ દયારામભાઈ ઠક્કર પણ તન-મન-ધનથી સેવા કરી મહારાજ અને મોટાનો રાજીપો કમાઈ રહ્યા છે. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓના પરિવારમાં સત્સંગનો વારસો જળવાઈ રહે તેમજ સમગ્ર પરિવારજનોને સમજણનું ખૂબ ખૂબ બળ આપે. વ્હાલા ગુરુજીએ પૂનમના સમૈયા દરમ્યાન તેઓ પર દર્શાવેલ રાજીપાના સમયે જ તેઓ મૂર્તિસુખે સુખિયા થયા હતા.



**મૂ.નિ. રણછોડભાઈ આદરભાઈ પટેલ, ઉંમર વર્ષ–૭૮, ચાંદખેડા; તા. ૪–૩–૨૪ :** ચાંદખેડા સેન્ટરના ઘરધણી મુક્ત અનિલભાઈ પટેલના પિતાશ્રી શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. ચાંદખેડા સેન્ટરમાં સત્સંગની શરૂઆત તેઓના ઘરે અઠવાડિક સભા દ્વારા થઈ હતી. મંદિરનિર્માણ ન થયું ત્યાં સુધી આ સેવાનો લાભ લઈ તન-મન-ધન સમર્પણ કરી ગુરુજીના રાજીપાના પાત્ર બન્યા હતા.



**મૂ.નિ. ધૂળાભાઈ કોદરભાઈ દરજી, ઉંમર વર્ષ–૯૪, સ્વામિનારાયણ ધામ; તા. ૧૨–૩–૨૪ :** સ્વામિનારાયણ ધામ સેન્ટરના ઘરધણી મુક્ત મોહનભાઈ દરજીના પિતાશ્રી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓનો સમસ્ત પરિવાર સંપૂર્ણ ઘરધણી બની તન-મન-ધનથી સમર્પિત થઈ મહારાજ અને મોટાનો રાજીપો કમાઈ રહ્યા છે.



**મૂ.નિ. સુધાકરભાઈ વસંતભાઈ ભાલેરાવ, ઉંમર વર્ષ ૮૨, પૂણે; તા. ૧૯–૩–૨૪ :** પૂણે સેન્ટરના ઘરધણી હરિભક્ત સુધાકરભાઈ શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. મહાપ્રભુની અનન્ય નિષ્ઠા અને નિયમ-ધર્મ રાખી મહારાજ અને મોટાપુરુષનો અપાર રાજીપો કમાયા હતા. તેમના દીકરા મોરેશ્વરભાઈ તથા સમસ્ત પરિવારજનોમાં સત્સંગ અને સમજણનું ખૂબ બળ પ્રદાન કરે તેવી મહાપ્રભુના ચરણે પ્રાર્થના.



**મૂ.નિ. કેતનભાઈ મૂળજીભાઈ વેકરિયા, ઉંમર વર્ષ–૪૦, ઘનશ્યામનગર; તા. ૨૫–૩–૨૪ :** ઘનશ્યામનગર સેન્ટરમાં સક્રિય કાર્યકર તરીકે સેવા બજાવતા મનીષભાઈના ભાઈ કેતનભાઈ વેકરિયા મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓનો સમસ્ત પરિવાર તન-મન-ધનથી સમર્પિત થઈ મહારાજ અને મોટાનો રાજીપો કમાઈ રહ્યો છે. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે આ પરિસ્થિતિમાં સમગ્ર પરિવારને સત્સંગનું તથા સમજણનું ખૂબ બળ આપે.

**મૂ.નિ. ભરતભાઈ હરકિશનદાસ ઠક્કર, ઉંમર વર્ષ–૬૭, વાસણા; તા. ૮–૩–૨૪**

**મૂ.નિ. ભરતભાઈ મણિભાઈ પટેલ, ઉંમર વર્ષ–૫૭, બાયડ; તા. ૧૦–૩–૨૪**

**મૂ.નિ. ઓધવજીભાઈ લાલજીભાઈ ઠક્કર, ઉંમર વર્ષ–૮૫, બોપલ; તા. ૨૬–૩–૨૪**

**મૂ.નિ. સવિતાબેન ઈશ્વરભાઈ વસાવા, ઉંમર વર્ષ–૭૦, ભરૂચ; તા. ૨૮–૨–૨૪**

**મૂ.નિ. શ્રેયા આકાશભાઈ દરજી, ઉંમર વર્ષ–૮, સ્વામિનારાયણ ધામ; તા. ૨૯–૨–૨૪**

**મૂ.નિ. નીરુબેન જશવંતલાલ ભાવસાર, ઉંમર વર્ષ–૭૨, સ્વામિનારાયણ ધામ; તા. ૧૭–૩–૨૪**

**મૂ.નિ. રામબાઈ વેલજી કેરાઈ, ઉંમર વર્ષ–૮૬, કુંદનપુર (કચ્છ); તા. ૧૭–૩–૨૪**

**મૂ.નિ. ગીતાબેન વિક્રમભાઈ શાહ, ઉંમર વર્ષ–૬૯, આંબાવાડી; તા. ૧–૪–૨૪**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**

**તા. ૨૧-૧-૨૪**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૩,૨૨૭થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૨-૧-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મોરબી** ખાતે ઑનલાઈન પધરામણીનો લાભ આપી હરિભક્તોના સાંસાગોટિલા સ્વીકારી રાજીપો વરસાવ્યો હતો.

**તા. ૨૩-૧-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** ખાતે **ભાટેરા** ગામે સાયંકાળે ૧ મહાપૂજા, ૧ રસોઈ તથા સભાનો લાભ આપી પ્રેમી હરિભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમે **અંત્રોલી** ગામે ૧ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૨૫-૧-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૩૨,૫૧૨થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૫-૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** ખાતે પ્રથમ સેશનમાં સત્સંગ પ્રવૃત્તિમાં સેવા બજાવતા મુક્તોને તેમજ સંધ્યા સેશનમાં મંદિર વહીવટની સેવા બજાવતા મુક્તોને રાજીપાદર્શનનો લાભ આપી બળ પ્રદાન કર્યું હતું. આજરોજ રાત્રિ સેશનમાં **વ્હાલા ગુરુજી**એ સમૈયા દરમ્યાન કથાવાર્તાનો લાભ આપી ૨૭૦૫થી પણ વધુ હરિભક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૧૬-૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** ખાતે પ્રાતઃ સેશનમાં ઘર ઘરના મુક્તોને બળપ્રેરક દિવ્યવાણીનો અંગત લાભ આપી સત્સંગના માર્ગે આગળ વધાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** ખાતે સવારે ૧૧ હરિભક્તોના ગૃહે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પધરામણી તેમજ ૧ રસોઈનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા.

**તા. ૨૦-૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૬,૫૨૬થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૪-૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૩૨,૭૦૨થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **નિકોલ** તથા **નરોડા** ખાતે અનુક્રમે ૨ પધરામણી તેમજ ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના સાંસાગોટિલા સ્વીકારી રાજીપો વરસાવ્યો હતો.

**તા. ૨૫-૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મોરબી** ખાતે પ્રાતઃ સેશનમાં સત્સંગ પ્રવૃત્તિ તેમજ મંદિર વહીવટની સેવા બજાવતા મુક્તોને અંગત લાભ આપી બળિયા કર્યા હતા. તેમજ ૮ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે ૧૧ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોના કોડ પૂરા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશનમાં યોજાયેલ જાહેર સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૧૪૨૫થી પણ વધુ હરિભક્તોને બળિયા કર્યા હતા.

**તા. ૨૬-૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મોરબી** ખાતે પ્રાતઃ સેશનમાં ઘર ઘરના મુક્તોને બળપ્રેરક દિવ્યવાણીનો અંગત લાભ આપી રાજીપાના માર્ગે આગળ વધાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે સત્સંગ પ્રવૃત્તિના મુક્તોને તેમજ રાત્રિ સેશનમાં મંદિર વહીવટના મુક્તોને અંગત લાભ આપી ભક્તિનું ભાથું બાંધી આપ્યું હતું.

**તા. ૨૭-૨-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **રાજકોટ** ખાતે સવારના સમયે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ૧૧ હરિભક્તોના ગૃહે પધરામણી તેમજ ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોને રાજી કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે સત્સંગ પ્રવૃત્તિ તેમજ મંદિર વહીવટની સેવા બજાવતા મુક્તોને દિવ્યવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા. તેમજ મંદિર વહીવટના મુક્તોને રાજીપાદર્શનનો લાભ આપ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **રાજકોટ** મંદિર ખાતે જાહેર સભામાં સુધાવાણીનો લાભ આપી ૧૬૦૦થી વધુ હરિભક્તોને મહાત્મ્યભીના કર્યા હતા.

**તા. ૨૮-૨-૨૪**ના રોજ **રાજકોટ** ખાતે **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સેશનમાં ઘર ઘરના મુક્તોને બળપ્રેરક દિવ્યવાણીનો અંગત લાભ આપી સત્સંગના માર્ગે આગળ વધાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ મધ્યાહ્‌ન સમયે સત્સંગ પ્રવૃત્તિના મુક્તોને રાજીપાદર્શનનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે ૯ હરિભક્તોના ગૃહે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પધરામણી કરી તેમજ ૧ રસોઈનો લાભ આપી પ્રેમીભક્તોને લાડ લડાવ્યા હતા.

**તા. ૨-૩-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધર** ખાતે સવારના સેશનમાં મંદિર વહીવટની સેવા બજાવતા મુક્તોને રાજીપાદર્શનનો તેમજ સાયંકાળે મંદિર વહીવટ તથા સત્સંગ પ્રવૃત્તિમાં સેવા બજાવતા મુક્તોને અંગત લાભ આપી રાજીપાના માર્ગે ડગ મંડાવ્યાં હતાં. આજરોજ રાત્રિ સેશનમાં **વ્હાલા ગુરુજી**એ સત્સંગ પ્રવૃત્તિના તથા સમર્પણ કાર્યાલયના મુક્તોને રાજીપાદર્શનનો લાભ આપી સ્મૃતિ આપી હતી.

**તા. ૩-૩-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધર** ખાતે આસપાસના **વસઈ, ટીંબા** તથા **ગોઠીબ** જેવા ગ્રામ વિસ્તારોમાં ૧૨ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ મધ્યાહ્‌ન સમયે **વ્હાલા**

**ગુરુજી**એ સમૈયામાં ૪૭૪૦થી પણ વધુ હરિભક્તોને બળપ્રેરક દિવ્યવાણીનો તથા દર્શન-આશીર્વાદનો લાભ આપી કૃપાવંત કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે **લુણાવાડા** ખાતે ૧૨ હરિભક્તોના ગૃહે પધરામણીનો લાભ આપ્યા બાદ **ઉકરડી** ગામે આયોજિત જાહેર સભામાં કથાવાર્તાનો લાભ આપી ૧૮૩૦થી વધુ હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી ધન્ય બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમે પોતાને અતિ વ્હાલા **ગોધર ગુરુકુલ**ના બાળમુક્તોને અંગત લાભ આપી માતૃવાત્સલ્યનાં પીયૂષ પાયાં હતાં.

**તા. ૪-૩-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધર** ખાતે પ્રાતઃ સમયે સ્ટાફ મુક્તોને લાભ આપ્યા બાદ ઘર ઘરના મુક્તોને અંગત લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સવારના સેશનમાં **સાગવાડા** ગામે ૧૮ હરિભક્તોના ગૃહે પધરામણી તેમજ ૧ રસોઈનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા.

**તા. ૫-૩-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે મધ્યાહ્ન સમયે ૪ હરિભક્તોના ગૃહે પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી પ્રેમી હરિભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા.

**તા. ૭-૩-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૬,૪૦૪થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૯-૩-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે સવારના સેશનમાં સત્સંગ પ્રવૃત્તિ તેમજ મંદિર વહીવટની સેવા બજાવતા મુક્તોને અંગત લાભ આપ્યા બાદ સાયંકાળે રાજીપાદર્શનનો લાભ આપી ધન્ય કર્યા હતા.

**તા. ૧૦-૩-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે સવારના સમયે ઘર ઘરના મુક્તોને અંગત લાભ આપી બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે મધ્યાહ્ન સમયે ૭ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના કોડ પૂરા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે જાહેર સભામાં અમૃતવાણીનો લાભ આપી ૨૫૦૦થી વધુ હરિભક્તોને દર્શનદાન આપી મહાત્મ્યભીના કર્યા હતા.

**તા. ૧૧-૩-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે પ્રાતઃ સમયે જ્ઞાન-ધ્યાન ચિંતન સભામાં ઉપસ્થિત હરિભક્તોને બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી રાજીપાના માર્ગે આગળ વધાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વિજાપુર** ખાતે મધ્યાહ્ન સમયે ૬ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના સાંસાગોટિલા સ્વીકાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વિજાપુર** ખાતે જાહેર સભામાં કથાવાર્તાનો લાભ આપી ૨૫૦૦થી વધુ હરિભક્તોને દર્શનદાન આપી કૃપાવંત કર્યા હતા.

**તા. ૧૫-૩-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વડોદરા** ખાતે સાયંકાળે ૧ પધરામણીનો લાભ આપી હરિભક્તોના કોડ પૂરા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સેશનમાં **સુરત (ડભોલી)** ખાતે જાહેર સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૧૨૩૦થી પણ વધુ હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૬-૩-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સુરત (વરાછા)** ખાતે પ્રાતઃ સમયે જ્ઞાન-ધ્યાન ચિંતન પૂર્ણ થયા બાદ ઉપસ્થિત હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી મૂર્તિસુખની યાત્રાના માર્ગે આગળ વધાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સુરત (વરાછા)** ખાતે સંત સભામાં લાભ આપ્યા બાદ સત્સંગ પ્રવૃત્તિ તેમજ મંદિર વહીવટની સેવા બજાવતા મુક્તોને અંગત લાભ તથા રાજીપાદર્શનનો લાભ આપી કૃપાવંત કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સુરત (વરાછા)** ખાતે રાત્રિ સેશનમાં ૨ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી ઘર ઘરના મુક્તોને અંગત લાભ દ્વારા રાજીપાની રીત શિખવાડી સુખિયા કર્યા હતા.

**તા. ૧૭-૩-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સુરત (વરાછા)** ખાતે સવારના સેશનમાં સત્સંગ શિબિર દરમ્યાન બળપ્રેરક અમૃતવાણીનો લાભ આપી મુમુક્ષુ મુક્તોને સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે સમૈયા પ્રસંગે કથાવાર્તાનો લાભ આપી ૨૮૪૯થી પણ વધુ હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી ધન્યભાગી બનાવ્યા હતા.

**તા. ૨૦-૩-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૦,૨૪૫થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઈન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૧-૩-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સુરેન્દ્રનગર** ખાતે સવારના સેશનમાં ઘરધણી મુક્તોને અંગત લાભ દરમ્યાન કથાવાર્તા તથા દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે ફોટો સેશન દરમ્યાન સ્મૃતિ છબી આપી કદી ના ભુલાય તેવા સંભારણાંની ભેટ આપી હતી. આજરોજ રાત્રિ સેશનમાં **વ્હાલા ગુરુજી**એ જાહેર સભામાં કથાવાર્તાનો લાભ આપી ૧૩૦૦થી પણ વધુ હરિભક્તોને ધન્ય કર્યા હતા.

**તા. ૨૨-૩-૨૪**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સુરેન્દ્રનગર** ખાતે સવારના સેશનમાં મંદિર વહીવટ તથા સત્સંગ પ્રવૃત્તિની સેવા સંભાળતા મુક્તોને અંગત લાભ આપ્યા બાદ રાજીપાદર્શનનો લાભ આપ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સાયંકાળે ૧ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોના કાલાવાલા સ્વીકાર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **રામપરા** ખાતે રાત્રિ સેશનમાં જાહેર સભા દરમ્યાન દિવ્યવાણીનો લાભ આપી પ્રેમીભક્તોને સુખિયા કર્યા હતા.






















**(૧–૭)** ગોધર, મહેસાણા, વિજાપુર તથા વરાછા (સુરત) ખાતે વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ (૮) **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલના પંચમ વાર્ષિક દિનની ઉજવણીમાં લાભ આપતા વ્હાલા ગુરુજી

Ghanshyam, April-May-2024. Published on 10-04-2024. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.



(૧–૨) વાસણા ૩૭મો પાટોત્સવ તથા SMVS સંસ્થા દિન (૩–૫) ગુરુકુલ તથા SDISના મુક્તોને રિસિપ્ટ વિતરણ તથા ફૂલદોલોત્સવમાં લાભ (૬–૮) મણિપુરા તથા સુરેન્દ્રનગર ખાતે દિવ્ય સત્સંગ વિચરણમાં લાભ આપતા વ્હાલા ગુરુજી